


# ઉપદેશ કલ-પવેલી

— પૂ. આ. ભ. શ્રી વિ. મિત્રાનંદસૂરીશ્વરજી મ.

પૂ.પં.શ્રી પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા પુષ્પ-૩૮

અજ્ઞાત કર્તૃક

# ઉપદેશકલ્પવેલી

## (ઉપદેશ સંગ્રહ)

★ પ્રેરક - સંશોધક - સંકલક ★

ધર્મતીર્થપ્રભાવક સિદ્ધાંતસંરક્ષક અખંડબાલબ્રહ્મચારી

પૂજ્યપાદ આચાર્યદેવ

**શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

★ સંપાદક ★

**પૂજ્ય મુનિરાજશ્રી ભવ્યદર્શનવિજયજી મ.સા.**

---

વિ.સં.૨૦૫૧ | પ્રથમ આવૃત્તિ | સને ૧૯૯૫

પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન

**પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવર જૈનગ્રંથમાળા ટ્રસ્ટ**

૧. C/o. અશોકકુમાર હિંમતલાલ શાહ
એચ.એ. માર્કિટ, ત્રીજે માળે,
કપાસિયા બજાર, અમદાવાદ - ૩૮૦૦૦૨.

૨. C/o. હસમુખલાલ આર. શાહ
જી-૧, ઋષિકા ફ્લેટ્સ,
કિરણપાર્ક, નવાવાડજ,
અમદાવાદ - ૩૮૦૦૧૩.

પ્રતિ - ૨૦૦૦      કિંમત રૂા. ૮-૦૦

**આર્થિક સહયોગ**

★ **પૂ. તપસ્વિની સા.શ્રી હેમપ્રભાશ્રીજી મ. ના શિષ્યા**
**પૂ. સાધ્વીજીશ્રી સૂર્યમાલાશ્રીજી મ.ની પ્રેરણાથી**
શ્રી શાંતિનગર (અમદાવાદ)ની શ્રાવિકાબેનોનું જ્ઞાનખાતું.

★ **પ્રભાવતીબેન જેઠાલાલ દેઢિયા**
કાંદીવલી, મુંબઈ.

મુદ્રક : **કે.ટી. કોમ્પ્યુટાઈપો ગ્રાફીક્સ**, અમદાવાદ.
ફોન : ૪૬૯૮૬૩, ૪૨૩૬૫૪

# અંતરની વાત

સં. ૨૦૧૪ની સાલનું મારું ચાતુર્માસ રાધનપુરમાં થયું. રાધનપુરને પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.સા. 'આરાધનપુર' કહેતા. એ મહાપુરુષના કથનમુજબ એ ચાતુર્માસમાં ૨૦ દિવસમાં પરિમિત દ્રવ્યના એકાસણા સાથે લાખ નવકારના જાપની સુંદર આરાધના થઈ. પૂ. પરમગુરુદેવ આ.ભ.વિ.ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે અહમદનગરમાં આપેલી શ્રીમહાનિશીથસૂત્રના બે અધ્યયન ઉપરની વાચનાની ૨૬ નોટ ફેર કરી. રાધનપુરમાં અનેક હસ્તલિખિત શાસ્ત્રગ્રંથોના જ્ઞાનભંડારો છે, તેનું અવલોકન કર્યું. એમાંની કેટલીક પ્રતોની પ્રેસ કોપી કરાવી. એ મહત્ત્વના ગ્રંથોમાં (૧) મન્નહ જિણાણમાણં સજ્ઝાય ઉપરની ૬૦૦૦ શ્લોક પ્રમાણ પ્રબોધદીપિકા ટીકા (૨) વાચક હર્ષવર્ધન ગણિરચિત અધ્યાત્મબિંદુ (૩) ધર્મ- રત્નપ્રકરણ ઉપરની અવચૂરિ (૪) શ્રીમહાનિશીથસૂત્ર (૫) ઉપદેશસંગ્રહ વગેરે હતા એમાંનો ઉપદેશસંગ્રહ કે જે ઉપદેશકલ્પવેલીના નામથી આજે પ્રકાશન પામી રહ્યો છે.

આ ગ્રંથમાં કર્તાનું નામ જાણવા મળ્યું નથી. ૪૩૬ શ્લોક પૂર્ણ થયા પછી ફક્ત सं. १७८० वर्षे आश्विनशुक्लरु गुरुवासरे अलेखि पं.सुमतिविजय गणिना । આટલું લખેલું છે. એ અરસામાં પં. સુમતિવિજય ગણિ નામના મુનિ, મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.ના શિષ્ય પણ હતા. કદાચ તેઓએ જ આ આલેખન કર્યું હોય તેવી પણ એક સંભાવના કરી શકાય છે. અને એ હિસાબે આ ગ્રંથની રચના એ સમયે અથવા એ પૂર્વના

સમયે થઈ હોવી જોઈએ. ગ્રંથના રચયિતા સારા વિદ્વાન હોવા જોઈએ, એ હકીકત એની શબ્દરચના ઉપરથી તેમજ વિવિધ વિષયોની સુંદરછણાવટ ઉપરથી સમજી શકાય છે.

મેં કરાવી એ પ્રેસકોપીનું અવારનવાર વાંચન કરી સુધારા કર્યા. ત્યારબાદ વિદ્વાન મુનિરાજશ્રી વૈરાગ્યરતિવિજયજી તથા મુનિરાજશ્રી પ્રશમરતિવિજયજીએ પણ એક વાર સંશોધન સંમાર્જન કર્યું. તે પછી પંડિત અમૃતલાલ શર્માએ યથામતિ ભાષાંતર કર્યું. ઘણા સ્થળે તેઓ શંકિત હતા. તે છતાં અનુવાદ પાછળ તેમની મહેનત દાદ માંગે તેવી હતી. ત્યારબાદ મેં તથા મુનિશ્રી ભવ્યદર્શનવિજયજીએ સુધારો વધારો કરી 'ધર્મદૂત' માસિકમાં પ્રગટ કરાવ્યું. એને ગ્રંથરૂપે પ્રકાશિત કરવાનો હતો જ તેથી કેટલાક શંકિત અનુવાદો વગેરેનું છેલ્લું સંશોધન-સંમાર્જન કરવા પાછું મુ. શ્રી વૈરાગ્યરતિ વિ.જી તથા મુ.શ્રીપ્રશમરતિ વિ.જી ઉપર મોકલ્યું. તેઓએ રસ લઈ ખૂબ કાળજીથી તપાસી અનુવાદમાં ખૂબ સારો સુધારો કર્યો. છંદોભંગ વગેરે દોષો દૂર કર્યા. તે પછી પણ મેં તથા મુનિશ્રી ભવ્યદર્શન વિજયજીએ ઝીણવટથી તપાસી સુધારી આ ગ્રંથને પ્રકાશન યોગ્ય બનાવ્યો છે. છતાં વિદ્વાનોને ક્યાંય ક્ષતિ જણાય તો જણાવવા વિનંતિ છે.

૧૧૦ વિષયોને આવરી લેતો આ ગ્રંથ જ્ઞાનનો દિવ્યપ્રકાશ પાથરી આપે છે.

સંવત ૨૦૫૧,
માગ.વ.૧૦+૧૧


લિ. વિજય મિત્રાનંદસૂરિ.
શાંતિનગર-જૈન ઉપાશ્રય,
અમદાવાદ - ૩૮૦૦૧૩.

# વિષય દર્શન


| | *વિષય* | *પાના નં.* | *શ્લોક* |
|---|---|---|---|
| ૧. | મંગલાચરણ | ૧ | ૧ થી ૫ |
| ૨. | ધર્મસ્થાનો | ૨ | ૬ |
| ૩. | પાપસ્થાનો | ૨ | ૭ |
| ૪. | શ્રવણ | ૨ | ૮ થી ૧૦ |
| ૫. | ધારણા | ૩ | ૧૧ થી ૧૩ |
| ૬. | જ્ઞાનક્રિયા | ૪ | ૧૪ થી ૧૭ |
| ૭. | ધર્મ | ૫ | ૧૮ થી ૨૭ |
| ૮. | પુણ્ય | ૭ | ૨૮ થી ૪૨ |
| ૯. | સાત પ્રકારનાં સુખો | ૧૦ | ૪૩ થી ૪૮ |
| ૧૦. | પાપ | ૧૨ | ૪૯ થી ૫૯ |
| ૧૧. | પ્રમાદ | ૧૪ | ૬૦ થી ૬૬ |
| ૧૨. | શ્રદ્ધા | ૧૬ | ૬૭ થી ૭૩ |
| ૧૩. | સમ્યક્ત્વ | ૧૭ | ૭૪ થી ૭૭ |
| ૧૪. | આલોચના | ૧૮ | ૭૮ થી ૭૯ |
| ૧૫. | સાધુ ધર્મની દુષ્કરતા | ૧૯ | ૮૦ થી ૮૬ |
| ૧૬. | ગૃહસ્થ ધર્મ | ૨૦ | ૮૭ થી ૯૫ |
| ૧૭. | દાન | ૨૨ | ૯૬ થી ૧૦૩ |
| ૧૮. | શીલ | ૨૪ | ૧૦૪ થી ૧૦૫ |
| ૧૯. | તપ | ૨૫ | ૧૦૬ થી ૧૦૮ |
| ૨૦. | ભાવના | ૨૫ | ૧૦૯ થી ૧૧૦ |
| ૨૧. | વિનય | ૨૬ | ૧૧૧ થી ૧૧૪ |
| ૨૨. | વિવેક | ૨૭ | ૧૧૫ થી ૧૧૭ |

| | | | |
|---|---|---|---|
| ૨૩. | ઔચિત્ય | ૨૭ | ૧૧૮ થી ૧૨૦ |
| ૨૪. | ક્રોધ | ૨૮ | ૧૨૧ થી ૧૨૩ |
| ૨૫. | માન | ૨૯ | ૧૨૪ થી ૧૨૫ |
| ૨૬. | માયા | ૨૯ | ૧૨૬ થી ૧૨૭ |
| ૨૭. | લોભ | ૩૦ | ૧૨૮ થી ૧૩૧ |
| ૨૮. | ઈન્દ્રિયો | ૩૧ | ૧૩૨ થી ૧૩૩ |
| ૨૯. | ધર્મક્ષેત્ર | ૩૧ | ૧૩૪ થી ૧૩૭ |
| ૩૦. | દરિદ્રતા | ૩૨ | ૧૩૮ થી ૧૪૧ |
| ૩૧. | લક્ષ્મી | ૩૩ | ૧૪૨ થી ૧૪૪ |
| ૩૨. | પુણ્યાનુબંધી લક્ષ્મી | ૩૪ | ૧૪૫ થી ૧૪૮ |
| ૩૩. | આત્મા | ૩૫ | ૧૪૯ થી ૧૫૨ |
| ૩૪. | કર્મ | ૩૬ | ૧૫૩ |
| ૩૫. | અરિહંત | ૩૬ | ૧૫૪ |
| ૩૬. | દેવપૂજાષ્ટક | ૩૬ | ૧૫૫ થી ૧૬૨ |
| ૩૭. | સિદ્ધભગવંત | ૩૮ | ૧૬૩ થી ૧૬૫ |
| ૩૮. | આચાર્યભગવંત | ૩૯ | ૧૬૬ થી ૧૬૯ |
| ૩૯. | ઉપાધ્યાયભગવંત | ૪૦ | ૧૭૦ થી ૧૭૧ |
| ૪૦. | સાધુભગવંત | ૪૦ | ૧૭૨ થી ૧૭૫ |
| ૪૧. | શિષ્ય | ૪૧ | ૧૭૬ થી ૧૭૭ |
| ૪૨. | પંચનમસ્કાર | ૪૧ | ૧૭૮ થી ૧૮૨ |
| ૪૩. | વર્તમાન સમયને યોગ્ય ધર્મારાધન વિધિ | ૪૩ | ૧૮૩ થી ૧૮૫ |
| ૪૪. | ઓળંભો-ઠપકો | ૪૩ | ૧૮૬ થી ૧૮૮ |
| ૪૫. | ધર્મમાં પ્રમાદ કરતા જૈનોને ઠપકો | ૪૪ | ૧૮૯ |

| | | | |
|---|---|---|---|
| ૪૬. | શ્રાવક અને ગુરુનો પરસ્પર ધર્મ સંબંધ | ૪૪ | ૧૯૦ થી ૧૯૬ |
| ૪૭. | પરમતના દાનાદિનું સાચું રહસ્ય | ૪૬ | ૧૯૭ થી ૨૦૩ |
| ૪૮. | પુરુષોના દોષો | ૪૮ | ૨૦૪ થી ૨૦૬ |
| ૪૯. | સ્ત્રીના દોષો | ૪૮ | ૨૦૭ થી ૨૧૦ |
| ૫૦. | બીજા દોષો | ૪૯ | ૨૧૧ થી ૨૧૨ |
| ૫૧. | વરના ગુણ-દોષો | ૫૦ | ૨૧૩ થી ૨૧૫ |
| ૫૨. | કન્યાના ગુણો | ૫૧ | ૨૧૬ |
| ૫૩. | કન્યાના દોષો | ૫૧ | ૨૧૭ |
| ૫૪. | લગ્નમાં સ્ત્રી-પુરુષના વિચારવા યોગ્ય દોષો | ૫૧ | ૨૧૮ થી ૨૨૦ |
| ૫૫. | સ્ત્રીનાં કાર્યો | ૫૨ | ૨૨૧ |
| ૫૬. | નારીની પુરુષથી શોભા | ૫૨ | ૨૨૨ |
| ૫૭. | પુરુષની સ્ત્રીવડે શોભા | ૫૨ | ૨૨૩ થી ૨૨૪ |
| ૫૮. | સ્ત્રીને પુરુષથી સફળતા | ૫૩ | ૨૨૫ થી ૨૨૮ |
| ૫૯. | કાર્ય સમયે બંનેના ગુણો | ૫૪ | ૨૨૯ થી ૨૩૧ |
| ૬૦. | પુણ્યનો વિલાસ | ૫૪ | ૨૩૨ થી ૨૩૪ |
| ૬૧. | પુત્ર | ૫૫ | ૨૩૫ થી ૨૪૦ |
| ૬૨. | શાસ્ત્ર | ૫૭ | ૨૪૧ થી ૨૪૪ |
| ૬૩. | લજ્જા | ૫૮ | ૨૪૫ થી ૨૪૯ |
| ૬૪. | અવસર | ૫૯ | ૨૫૦ થી ૨૫૩ |
| ૬૫. | સ્નેહ | ૬૦ | ૨૫૪ થી ૨૬૧ |
| ૬૬. | ઉપકાર | ૬૧ | ૨૬૨ થી ૨૬૪ |

| | | | |
|---|---|---|---|
| ૬૭. | સજ્જન | ૬૨ | ૨૬૫ થી ૨૭૩ |
| ૬૮. | કલિકાલમાં સજ્જનની દુર્લભતા | ૬૪ | ૨૭૪ થી ૨૭૬ |
| ૬૯. | દુર્જન | ૬૪ | ૨૭૭ થી ૨૮૪ |
| ૭૦. | શોભા | ૬૬ | ૨૮૫ થી ૨૮૭ |
| ૭૧. | જારપુત્ર | ૬૭ | ૨૮૮ થી ૨૯૨ |
| ૭૨. | કલિયુગ | ૬૮ | ૨૯૩ થી ૩૦૧ |
| ૭૩. | ભાગ્ય | ૭૦ | ૩૦૨ થી ૩૦૭ |
| ૭૪. | મોટાઓને અકાર્ય ન કરવા શિખામણ | ૭૨ | ૩૦૮ થી ૩૧૩ |
| ૭૫. | વિશ્વાસુના દોષ ખુલ્લા ન કરવા | ૭૩ | ૩૧૪ થી ૩૧૭ |
| ૭૬. | ઉત્તમ જીવો | ૭૪ | ૩૧૮ થી ૩૨૨ |
| ૭૭. | મધ્યમ જીવો | ૭૫ | ૩૨૩ થી ૩૨૫ |
| ૭૮. | અધમ જીવો | ૭૬ | ૩૨૬ થી ૩૨૯ |
| ૭૯. | સત્ય | ૭૭ | ૩૩૦ થી ૩૩૧ |
| ૮૦. | ક્ષમા | ૭૮ | ૩૩૨ થી ૩૩૪ |
| ૮૧. | પ્રભુતાના સાક્ષીઓ | ૭૮ | ૩૩૫ થી ૩૩૬ |
| ૮૨. | પ્રભુતાની કળા | ૭૯ | ૩૩૭ થી ૩૩૮ |
| ૮૩. | રાજ્યલક્ષ્મીના ચોરો | ૭૯ | ૩૩૯ થી ૩૪૦ |
| ૮૪. | રાજા | ૮૦ | ૩૪૧ થી ૩૪૩ |
| ૮૫. | પ્રધાન | ૮૦ | ૩૪૪ |
| ૮૬. | વ્યાપારી | ૮૧ | ૩૪૫ |

| | | |
|---|---|---|
| ૮૭. સેવક | ૮૧ | ૩૪૬ થી ૩૫૦ |
| ૮૮. બે પ્રકારે શત્રુનો જય | ૮૨ | ૩૫૧ થી ૩૫૫ |
| ૮૯. કામ | ૮૩ | ૩૫૬ થી ૩૫૯ |
| ૯૦. રાગ અને દ્વેષ | ૮૪ | ૩૬૦ થી ૩૬૩ |
| ૯૧. ત્રણ કરણની શુદ્ધિ | ૮૫ | ૩૬૪ થી ૩૬૮ |
| ૯૨. આશા | ૮૬ | ૩૬૯ થી ૩૭૩ |
| ૯૩. ચિંતા | ૮૮ | ૩૭૪ થી ૩૭૫ |
| ૯૪. સંતોષ | ૮૮ | ૩૭૬ થી ૩૭૮ |
| ૯૫. સ્ત્રી | ૮૯ | ૩૭૯ થી ૩૮૩ |
| ૯૬. જીભ | ૯૦ | ૩૮૪ થી ૩૮૫ |
| ૯૭. સંસાર | ૯૧ | ૩૮૬ થી ૩૮૭ |
| ૯૮. દીક્ષા | ૯૧ | ૩૮૮ થી ૩૯૦ |
| ૯૯. અંતરંગ | ૯૨ | ૩૯૧ થી ૩૯૨ |
| ૧૦૦. ચોમાસાદિ પર્વો | ૯૨ | ૩૯૩ થી ૩૯૪ |
| ૧૦૧. બલિપર્વ | ૯૩ | ૩૯૫ |
| ૧૦૨. વિજયાદશમી | ૯૩ | ૩૯૬ |
| ૧૦૩. દીવાળી | ૯૩ | ૩૯૭ |
| ૧૦૪. વસંત | ૯૪ | ૩૯૮ |
| ૧૦૫. હોળી | ૯૪ | ૩૯૯ |
| ૧૦૬. ગુણ અને દોષ | ૯૪ | ૪૦૦ થી ૪૦૬ |
| ૧૦૭. પ્રસિદ્ધિ-ખ્યાતિ | ૯૬ | ૪૦૭ થી ૪૧૫ |
| ૧૦૮. ભવસ્થિતિ અને શોકનું વિસર્જન | ૯૮ | ૪૧૬ થી ૪૨૫ |
| ૧૦૯. કર્મદ્વાર-કર્મની બલિહારી | ૧૦૦ | ૪૨૬ થી ૪૩૬ |

# ઉપદેશ કલ્પવેલી

**प्रणम्य पुण्यपद्मार्क-पञ्चश्रीपरमेष्ठिनः ।**
**पुण्योपदेशाः प्रोच्यन्ते, केचित्प्रस्तावचारवः ॥१॥**

પુણ્યરૂપી કમલને વિકસાવવા માટે સૂર્યસમાન અને શોભા સહિત એવા પાંચે પરમેષ્ઠિઓને નમસ્કાર કરીને પ્રસંગથી સુંદર કેટલાક પુણ્યના ઉપદેશો કહેવાય છે.

**पूर्वाङ्गोपाङ्गसार्वज्ञ-चरित्रादिश्रुतोदधेः ।**
**सारं सुधेयं श्रीधर्मो, बुध्यतां विबुधप्रियः ॥२॥**

પૂર્વ, અંગ, ઉપાંગશાસ્ત્રો અને સર્વજ્ઞોના ચરિત્ર વગેરે શ્રુત-શાસ્ત્રોરૂપી સમુદ્રનું સારભૂત અમૃત ડાહ્યા માણસોને પ્રિય એવો શ્રીધર્મ છે.

**मनोऽभिमतवस्तूनां, संस्तवो जायते यतः ।**
**बुधाः विदधतां धर्मं. तं श्रद्धाविधिबन्धुरम् ॥३॥**

હે વિબુધજનો! જેનાથી મનને ઈષ્ટવસ્તુઓની પ્રાપ્તિ થાય છે, તે શ્રદ્ધા અને વિધિથી સુંદર એવા ધર્મનો સ્વીકાર કરો.

**मृदुला सरला मिश्रा, यथा बीजोद्गमाय भूः ।**
**चेतोवृत्तिस्तथा धर्मो-दयाय गदिताऽङ्गिनाम् ॥४॥**

જેવીરીતે મૃદુ (પોચી), ખાડા ટેકરાવિનાની અને મિશ્ર ભૂમિ બીજને ઉગવામાટે (અનુકૂળ) છે તેવીરીતે નમ્રતા, સરળતા વગેરે ગુણોથી યુક્ત ચિત્તવૃત્તિ આત્માઓમાં ધર્મની ઉત્પત્તિમાટે યોગ્ય કહી છે.

**धर्मस्थानेषु गन्तव्यं, श्रोतव्यं सद्गुरोर्वचः ।**
**धर्तव्यं हृदि तन्नित्यं, कर्तव्यं क्रियया तथा ॥५॥**

ધર્મસ્થાનોમાં જવું જોઈએ, સદ્‌ગુરુનું વચન સાંભળવું જોઈએ, તેને હૃદયમાં હંમેશા ધારણ કરવું જોઈએ અને ક્રિયા દ્વારા તેનું યથાર્થ પાલન કરવું જોઈએ.

## ધર્મસ્થાનો

**तीर्थं देवगृहं शास्त्र-श्रवणं साधुसङ्गतिः ।**
**पुण्यकृतोत्सवा ज्ञेयं, धर्मस्थानकपञ्चकम् ॥६॥**

તીર્થ, જિનમંદિર, જિનવાણીનું શ્રવણ, સાધુનો સહવાસ અને પવિત્ર ઉત્સવો - આ પાંચ ધર્મ સ્થાનક જાણવા.

## પાપસ્થાનો

**द्यूतं पणाङ्गना मद्यं, चौरिका जीवहिंसनम् ।**
**इदं धर्मार्थिना हेयं, पापस्थानकपञ्चकम् ॥७॥**

જુગાર, વેશ્યા, મદિરાપાન, ચોરી અને જીવહિંસા - આ પાંચ પાપસ્થાનકો ધર્મના અર્થીએ હેય-છોડવા જેવા છે.

## શ્રવણ

**सुतश्चिलात्याः स्त्रीहन्ता, व्यसनी समरो नृपः ।**
**पदमेकैकमाकर्ण्य, प्रबुद्धौ द्वावपि द्रुतम् ॥८॥**

સ્ત્રીહત્યા કરનારો ચિલાતીપુત્ર, અને વ્યસની સમરરાજા આ બંને ય એક-એક પદ (વાક્ય) સાંભળીને શીઘ્ર બોધ પામ્યા.

श्रुताः क्षेत्रपतिक्रीड-द्बालकुम्भकृतां मुखात् ।
श्रीयवर्षेः शिवायासन्, ग्राम्यार्था अपि गाथिकाः ॥९॥

ખેડૂતના,રમતા બાળકના અને કુંભારના મુખથી સાંભળેલી ગ્રામ્ય અર્થવાળી ગાથાઓ પણ શ્રીયવર્ષિને મોક્ષ માટે થઈ.

सद्‌गुरोर्गुणकारी स्यादरुच्यापि श्रुतं वचः ।
इहोदाहरणं रौहिणेयश्चौरो विचार्यताम् ॥१०॥

અરુચિથી સાંભળેલું પણ સદ્‌ગુરુનું વચન ગુણકારી થાય છે. અહીં દૃષ્ટાંત તરીકે રોહિણેય ચોરને જાણવો.

## ધારણા

उन्मार्गमिन्द्रियग्रामा-नुगा नैति गुणप्रजा ।
आत्मप्रभौ गुरुवचोऽवहितस्वान्तमन्त्रिणि ॥११॥

આત્મારૂપી રાજા અંતઃકરણમાં સ્થાપિત કરેલા ગુરુવચન રૂપી મંત્રી સાથે બેઠો હોય ત્યારે ગુણરૂપી પ્રજા ઈન્દ્રિયોને અનુસરી ઉન્માર્ગે જતી નથી.

भृत्वा चित्तालवालं श्री-गुरुवाक्‌तत्त्ववारिभिः ।
श्रीमान् धर्मद्रुमो वृद्धिं, लम्भितः सफलो भवेत् ॥१२॥

ચિત્તરૂપી ક્યારામાં ગુરુના મુખમાંથી નીકળેલું તત્ત્વરૂપ પાણીભરીને પલ્લવિત કરાતું ધર્મવૃક્ષ ફળ આપે છે.

क्षुल्लकः क्ष्मापतिमिण्ठ-मन्त्रीभुक्‌सार्थपाङ्गनाः ।
प्रबुद्धा नर्तकीगीतां, स्वान्ते धृत्वा ध्रुवामपि ॥१३॥

ક્ષુલ્લકમુનિ, રાજા, મહાવત અને મંત્રીનો સંગ કરનારી

સાર્થવાહની સ્ત્રી; નટડીના ગીતનું ધ્રુવપદ સાંભળી પ્રતિબોધ પામ્યા.

## જ્ઞાનક્રિયા

**श्रुत्वा गुरोर्वचो धृत्वा, चित्ते ज्ञात्वा च तद्गुणं ।**
**नाप्नोति सद्गतेः सौख्य-मकुर्वाणो क्रियारुचिम् ॥१४॥**

ગુરુમહારાજનું વચન સાંભળીને, એને ચિત્તમાં ધારણ કરીને અને એના ગુણને જાણીને આચરણમાં નહિ મૂકનાર અર્થાત્ ક્રિયાપ્રત્યે રુચિ નહિ ધારણ કરનાર સદ્ગતિના સુખ પામી શકતો નથી.

**न क्रिया यदि किं ज्ञानं ?, न ज्ञानं यदि का क्रिया ?।**
**योग एव द्वयोः कार्यः, सिद्धौ पङ्ग्वन्धयोरिव ॥१५॥**

જો ક્રિયા નથી, ક્રિયારૂચિ નથી તો એ જ્ઞાન શું જ્ઞાન છે ? જો જ્ઞાન નથી તો એ ક્રિયા શું વાસ્તવમાં ક્રિયા છે ? ફળ પ્રાપ્તિમાં જ્ઞાન-ક્રિયા બેનો સહયોગ સાધવો જોઈએ. આંધળાનો અને લંગડાનો સહયોગ-મેળ થવાથી આગ લાગેલા જંગલમાંથી તેઓ સહીસલામત પસાર થાય છે, તેમ ભડકે બળતી સંસાર અટવીમાંથી જ્ઞાનક્રિયાના સહયોગદ્વારા પાર ઉતરી શકાય.

**फलाय स्यात् क्रिया नैका, ज्ञानं फलति कर्हिचित् ।**
**वनं विना वसन्तर्तु न भवेत् फलवत् क्वचित् ॥१६॥**

એકલી ક્રિયા કોઈ ફળ આપતી નથી. એકલું જ્ઞાન ક્યારેક ફળ આપી શકે છે. વન વિના વસંતઋતુ ક્યારેય ફળ આપી શકતી નથી.

यान्ति ग्रैवेयकं यावदभव्या अपि सत्क्रियाः ।
ज्ञात्वेति नियतं कार्या, वीर्याचारप्रियैः क्रिया ॥१७॥

સત્ક્રિયા કરનારા અભવ્યના આત્માઓ પણ ઠેઠ નવગ્રૈવેયક દેવલોક સુધી જાય છે. આ વાત જાણીને વીર્યાચારપ્રિય આત્માઓએ હંમેશા ક્રિયા કરવી જોઈએ.

## ધર્મ

तदेव सफलं जन्म, कृतार्थं जीवितं हि तत् ।
श्लाघनीयं धनं तच्च, धर्मार्थमुपयोगि यत् ॥१८॥

તે જ જન્મ સફળ છે, તે જ જીવન કૃતાર્થ છે અને તે જ ધન શ્લાઘનીય-પ્રશંસનીય છે કે જે જન્મ, જીવન અને ધન ધર્મમાં ઉપયોગી બને છે.

धर्मः शर्मकरः पुंसां, धर्मो दुष्कर्ममर्महा ।
सर्वार्थसाधको धर्म-स्तस्माद्धर्मं समाचरेत् ॥१९॥

ધર્મ જીવોને સુખ આપનાર છે. ધર્મ દુષ્કર્મના મર્મને હણનાર છે અને ધર્મ જ સર્વ કાર્યનો-ઈષ્ટનો સાધક છે; માટે ધર્મનું આરાધન કરવું જોઈએ.

श्रीधर्मात्सुकुले जन्म, दिर्घायुर्बहुसम्पदः ।
निरोगता सुरूपत्वं, वांञ्छितासिश्च जायते ॥२०॥

ઉત્તમ કુળમાં જન્મ, દીર્ઘઆયુષ્ય, અઢળક સંપત્તિ, આરોગ્ય, સુંદરરૂપ અને ઈષ્ટવસ્તુની પ્રાપ્તિ શ્રીધર્મથી થાય છે.

आरोग्यभाग्यसौभाग्यसिद्धिबुद्धिसमृद्धयः ।
सकलत्रमित्रपुत्राः प्राप्यन्ते पूर्वपुण्यतः ॥२१॥

આરોગ્ય, ભાગ્ય, સૌભાગ્ય, સિદ્ધિ, બુદ્ધિ, સમૃદ્ધિ, સ્ત્રી, મિત્ર અને પુત્રો - આ બધું પુણ્યના પ્રાગ્ભારથી (સંપૂર્ણ પુણ્યથી અથવા પૂર્વે ઉપાર્જેલા પ્રબલ પુણ્યથી) પ્રાપ્ત થાય છે.

**आधयो व्याधयो विघ्नाः, दुःस्वप्नाः कुग्रहा ग्रहाः ।**
**दुर्जना दुष्टशकुनाः, बाधन्ते नैव धर्मिणाम् ॥२२॥**

ધર્માત્માઓને આધિઓ, વ્યાધિઓ, વિઘ્નો, દુઃસ્વપ્નો, કુગ્રહો, દુર્જનો અને ખરાબ શુકનો ક્યારેય નડતા નથી.

**विलीयन्ते स्वयं विघ्नाः, हीयन्ते क्वापि न श्रियः ।**
**क्षीयन्ते शत्रवः सर्वे, प्रसादात्पुण्यभूपतेः ॥२३॥**

પુણ્યરાજાની મહેરબાનીથી ધર્માત્માઓના વિઘ્નો આપમેળે જ નષ્ટ થાય છે, લક્ષ્મી ક્યાંય ઓછી થતી નથી અને બધા જ શત્રુઓ ક્ષય પામી જાય છે.

**धर्मभूमिभुवं भव्य-भावं भजति यो भवी ।**
**क्वापि नो विपदस्तस्य, सम्पदस्तु पदे पदे ॥२४॥**

જે ભવ્યજીવ શુભભાવપૂર્વક ધર્મરાજાને ભજે છે અર્થાત્ ધર્મની આરાધના કરે છે એને ક્યાંય વિપત્તિઓ આવતી નથી, બલ્કે ડગલે ને પગલે સંપત્તિઓ પ્રાપ્ત થાય છે.

**कमला विमला विद्याऽनवद्या विशदं यशः ।**
**मूर्तिस्फूर्तिमती पुंभिः लभ्यते शुभवैभवात् ॥२५॥**

પુણ્યના વૈભવદ્વારા પુરુષો નિર્મળ લક્ષ્મી, નિષ્પાપ વિદ્યા, સુંદર યશ અને સ્ફૂર્તિવાળી મૂર્તિ અર્થાત્ દેહને મેળવે છે.

**सत्कर्मकारणं धर्मो, धर्मो लक्ष्मीप्रवर्धकः ।**
**कामसौख्यप्रदो धर्मो, धर्मो मोक्षाय कल्पते ॥२६॥**

પુણ્યકર્મનું કારણ ધર્મ છે, લક્ષ્મીને વધારનારો ધર્મ છે, ઈચ્છિત સુખને આપનારો ધર્મ છે અને મોક્ષ આપવાનું સામર્થ્ય પણ ધર્મમાં જ છે.

**सुरासुरनराधीश-सम्पदो वशवर्तिनी ।**
**कुर्वते हेलया तैर्यैः, सेव्यते धर्मवर्तिनी ॥२७॥**

જેઓ ધર્મમાર્ગનું સેવન કરે છે, તેઓને દેવેન્દ્રો, દાનવેન્દ્રો અને નરેન્દ્રોની સંપત્તિ રમતમાત્રમાં વશ થાય છે.

## પુણ્ય

**लक्ष्मीः लक्षविपक्षाणां, क्षयोऽक्षुण्णा मृगेक्षणाः ।**
**रणः सल्लक्षणः पक्षो, दक्षत्वं पुण्यसाक्षिणः ॥२८॥**

લક્ષ્મી, લાખો શત્રુઓનો ક્ષય, સુંદર સ્ત્રીઓ, વિજયી યુદ્ધ, સારા લક્ષણવાળો પિતૃપક્ષ અથવા માતૃપક્ષ અને ચતુરાઈ - આ બધા પુણ્યના સાક્ષી છે. અર્થાત્ પુણ્યથી મળનારી વસ્તુઓ છે.

**रमाभोगाः समायोगाः, प्रियैर्भोगा अभङ्गुराः ।**
**रोगाभावा अनुद्वेगा, पुण्योद्योगानुगा अमी ॥२९॥**

સ્ત્રીના ભોગો, પ્રિયજનો સાથેના સમાગમો, દીર્ઘકાળસુધી ટકે તેવા ભોગસુખો, રોગરહિતપણું અને ઉદ્વેગરહિતપણું - આ બધા ભાવો પુણ્યના ઉદ્યમને અનુસરનારા છે.

**ऐश्वर्यं शौर्यमौदार्यं, गाम्भीर्यं वर्यवीर्यता ।**
**चातुर्यं कार्यधुर्यत्वं, पुण्यप्राभाव्यजा गुणाः ॥३०॥**

ઐશ્વર્ય, શૌર્ય, ઔદાર્ય, ગાંભીર્ય, શ્રેષ્ઠ શક્તિશાલિતા, હોંશિયારી અને કાર્યમાં અગ્રેસરપણું - આ બધી વસ્તુઓ પુણ્યના પ્રભાવથી ઉત્પન્ન થનારીછે.

**प्रभा प्रभुत्वं प्रतिभा, प्रमदाः प्रमदप्रदाः ।**

**प्रत्यनीकप्रमाथित्वं, प्राणिः प्राप्नोति पुण्यतः ॥३१॥**

તેજ, પ્રભુત્વ, પ્રતિભા, હર્ષ આપનારી સ્ત્રીઓ અને શત્રુઓનું દમન કરવાપણું; પ્રાણી પુણ્યથી મેળવે છે.

**तेजस्वित्वं यशस्वित्वं, रूपस्वित्वं विदग्धता ।**

**सर्वकामाऽवाप्तिमत्त्वं, पुण्यात्संपद्यते सदा ॥३२॥**

તેજસ્વીપણું, યશસ્વીપણું, સુરૂપતા, વિદ્વત્તા તેમ જ સઘળા ય ઈચ્છિતોની પ્રાપ્તિ હંમેશ પુણ્યથી થાય છે.

**दीर्घमायुः स्थिरालक्ष्मीः सुभगत्वमरोगता ।**

**सद्बुद्धिरथवा श्लाघ्या, जायते सुकृतोदयात् ॥३३॥**

દીર્ઘ આયુષ્ય, સ્થિર લક્ષ્મી, સૌભાગ્ય, આરોગ્ય અને પ્રશંસનીય સદ્‌બુદ્ધિ પુણ્યના ઉદયથી પ્રાપ્ત થાયછે.

**जन्ममृत्युजराचौरै - र्भवारण्यं भयङ्करम् ।**

**लङ्घयन्ति गुणानर्घ्य - धर्मकर्मपरा नराः ॥३४॥**

જન્મ, મૃત્યુ, જરા, વગેરે ચોરોથી ભયંકર એવા ભવવનને ગુણથી મહાન અને ધર્મકાર્યમાં તત્પર મનુષ્યો ઓળંગી જાય છે.

**रोगारिचौरनीराग्निगजसिंहभुजङ्गमाः ।**

**प्रेतवेतालभूताद्या, बाधयन्ति न धार्मिकान् ॥३५॥**

ધર્મીજનોને રોગ-શત્રુ-ચોર-પાણી-અગ્નિ-હાથી-સિંહ-સર્પ-પ્રેત-વેતાલ અને ભૂત વગેરે પીડા આપી શકતા નથી.

**पुष्पं सांसारिकं सौख्यं, छाया कीर्तेरतुच्छता ।**
**फलं सिद्धिपदं वृद्धिमीयुषो धर्मशाखिनः ॥३६॥**

સંસારનું સુખએ વૃદ્ધિ પામતા ધર્મવૃક્ષનું પુષ્પ છે, વિશાળ કીર્તિ એ છાયા છે અને સિદ્ધિપદ એ ફળ છે.

**धर्मकल्पद्रुमच्छयामाश्रयध्वं बुधा यथा ।**
**पापतापा विशीर्यन्ते, पूर्यन्ते वाञ्छतानि च ॥३७॥**

હે સુજ્ઞજનો ! ધર્મરૂપી કલ્પવૃક્ષની છાયાનો તમે એ રીતે આશ્રય કરો કે જેથી પાપના સંતાપો નષ્ટ થઈ જાય અને ઈચ્છિતો પૂર્ણ થઈ જાય.....

**सेव्यः श्रीधर्मजीमूतो, ध्रुवं श्रावकचातकैः ।**
**कर्माष्टकाष्ठमसौस्थ्यं, दुःखं दैन्यं छिनत्ति यः ॥३८॥**

જે આઠ કર્મરૂપી કાષ્ઠનું, અસ્વસ્થતા અને દુઃખ-દીનતાનું છેદન કરે છે, તે શ્રીધર્મમેઘ શ્રાવકરૂપી ચાતકોએ નિશ્ચિતપણે (ચોક્કસ) સેવવા યોગ્ય છે.

**युक्तो विवेकिचक्रस्य, स्नेहः श्रीधर्मभास्करे ।**
**रमारथाङ्गिसंयोगं, शं दत्ते यस्तमोरिपुः ॥३९॥**

વિવેકી ચક્રવાકોએ ધર્મરૂપી સૂર્ય ઉપર સ્નેહ રાખવો યોગ્ય છે કારણ કે - અંધકારનો શત્રુ એવા સૂર્ય ચક્રવાકીરૂપ સ્ત્રી-સંયોગના સુખને આપે છે.

**धर्मो यत्र धनं तत्र, समराशितया स्थितम् ।**
**यत्राधर्मो न तत्रेदं, नवपञ्चमयोगतः ॥४०॥**

જ્યાં ધર્મ ત્યાં ધન સમાન રાશિથી રહેલું છે (ધન અને ધર્મની એક જ ધનરાશિ છે માટે) અને જ્યાં અધર્મ છે ત્યાં ધન નવપંચમ યોગથી છે (અર્થાત્ અધર્મની મેષ રાશિ થઈ એનાથી ધનની ધનરાશિ નવમી થઈ અને ધનની ધનરાશિથી અધર્મની મેષ રાશિ પાંચમી થઈ. આને નવપંચમ યોગ કહેવાય.)

**रमां निरूपमां विद्यां, हृद्यां वाञ्छन्ति के नहि ?।**
**अस्तोकसुकृतैः स्तोकैस्ते प्राप्यन्ते परं नरैः ॥४१॥**

અનુપમ સ્ત્રીને તેમ જ મનગમતી વિદ્યાને ખરેખર જગતમાં કોણ ઈચ્છતું નથી ? પરંતુ મહાપુણ્યશાળી એવા થોડા જ પુરુષો એની પ્રાપ્તિ કરી શકે છે.

**सर्वेऽपि सफलाः पुण्यौजसां पुंसां मनोरथाः ।**
**भवन्ति विफलाः विघ्नव्याधिव्यसनविद्विषः ॥४२॥**

પુણ્યરૂપી બળવાળા પુરુષોના સઘળાય મનોરથો સફળ થાય છે અને વિઘ્નો, રોગો, દુઃખો તેમ જ શત્રુઓ નિષ્ફળ બને છે.

## સાત પ્રકારનાં સુખો

**सुखमाद्यं वपुर्नीरुग्, द्वितीयमनृणं व्ययः ।**
**सुस्थानवासस्तृतीयं, चतुर्थं चाप्रवासिता ॥४३॥**
**पञ्चमं स्वधनं हस्ते, षष्ठं सज्जनसङ्गतिः ।**
**सप्तमं मधुरा वाणी, प्राप्यन्तेऽमूनि पुण्यतः ॥४४॥**

(૧) નિરોગી શરીર એ પહેલું સુખ છે. (૨) દેવું કર્યા વગરનો ખર્ચો એ બીજું સુખ છે. (૩) સારી જગ્યાએ નિવાસ-રહેઠાણ એ ત્રીજું સુખ છે. (૪) મુસાફરીનો અભાવ એ ચોથું સુખ છે. (૫) પોતાનું ધન પોતાના હાથમાં હોય (ગરથ ગાંઠે) એ પાંચમું સુખ છે. (૬) સજ્જન પુરુષોનો સમાગમ એ છઠ્ઠું સુખ છે. (૭) અને મધુરવાણી એ સાતમું સુખ છે. આ બધાં સુખો પુણ્યથી મળે છે.

**सति दीपे यथा दीपो, धने सति यथा धनम् ।**
**शक्तौ सत्यां तथा धर्मो, धीमतां युज्यते न हि ?॥४५॥**

જેમ દીવાથી જ નવો દીવો પ્રગટે છે, ધન હોય તો નવું ધન કમાઈ શકાય છે; તેમ બુદ્ધિમાનોએ શક્તિ હોય ત્યારે ધર્મ કરી લેવો યોગ્ય નથી ? અર્થાત્ શક્તિ હોય ત્યારે ધર્મ કરી જ લેવો જોઈએ.

**वीक्ष्य धर्मस्य दुर्भिक्षं, तिर्यङ् -नारक-नाकिषु ।**
**मानुष्ये धर्मसामग्र्यां, रङ्काग्राणं विधत्त भोः ॥४६॥**

પશુપણામાં, નરકગતિમાં અને દેવયોનિમાં ધર્મના દુષ્કાળને જોઈને અરે ! તમે મનુષ્યપણામાં ધર્મસામગ્રી મળે છે તો ગરીબના જેવી અધિરાઈને કરો.

**अर्थकामापवर्गाः स्युः, प्रसन्ने पुण्यभूपतौ ।**
**तदभावोऽप्रसन्नेऽस्मिन्, यत् प्रियं तत्प्रणीयताम् ॥४७॥**

પુણ્યરાજાની મહેરબાની હોય તો ધન-ભોગ અને મોક્ષ આ બધુ જ પ્રાપ્ત થાય છે. (અને) તે અપ્રસન્ન હોય તો ધન વગેરે કશું જ ન મળે. માટે જે પ્રિય હોય તે કરો.

**मृण्मया अपि सिंहाश्च, पत्तयः सत्यरूपिणः ।**
**शातवाहनभूपस्य, पुण्यतो युधि जज्ञिरे ॥४८॥**

પુણ્યથી શાતવાહનરાજાને યુદ્ધમાં માટીનાય સિંહ અને સૈનિકો સાચા થયા હતા.

## પાપ

**सुखाय दुःखदं मूर्ख ! मा कृथा दुष्कृतं वृथा ।**
**कोऽपि किं जीविताकाङ्क्षी, विषं पिबति मृत्युदम् ॥४९॥**

હે મૂર્ખ ! સુખ માટે દુઃખ આપનારા કુકર્મને ન કર ! શું જીવવાની ઈચ્છાવાળો કોઈ મનુષ્ય મોતને નોંતરનારા ઝેરને પીવે છે ખરો ?

**यथेन्दुः क्षीयते कृष्ण-पक्षे ध्वान्तं च वर्धते ।**
**तथा सौख्यमसौख्यं च, पुसां पापोदयेऽनिशम् ॥५०॥**

જેમ કૃષ્ણપક્ષમાં ચન્દ્ર ક્ષીણ થાય છે અને અંધારૂં વધે છે તેમ પાપના ઉદયથી પુરુષોનું સુખ નાશ પામે છે અને દુઃખ નિરંતર વધે છે.

**दुःख-दौर्गत्य-दौर्भाग्य-दास्य-दीनत्व-दुर्गतीः ।**
**प्राप्नोति पापतः प्राणी, तस्मात्पापं परित्यज ! ॥५१॥**

દુઃખ-દરિદ્રતા-દુર્ભગતા-સેવકપણું-દીનપણું અને કુગતિને જીવ પાપના કારણે મેળવે છે. તેથી તું પાપનો ત્યાગ કર !

**शिलादित्यस्य तुरगो, विक्रमार्कस्य चाग्निकः ।**
**स्मृतोऽपि नागतः शत्रु - कष्टे पुण्यविपर्ययात् ॥५२॥**

પુણ્યનો નાશ થવાથી શિલાદિત્યરાજાનો ઘોડો અને વિક્રમાદિત્યરાજાનું અગ્નિ-અસ્ત્ર દુશ્મને આપેલા દુઃખના સમયે યાદ કરવા છતાં કામમાં ન આવ્યાં.

**सर्वस्यापि प्रियं सौख्यं, दुःखं कस्यापि न प्रियम् ।**
**मुक्त्वेति दुःखदं पापं, धर्मं शर्मदमाश्रय ! ॥५३॥**

સઘળાય જીવોને સુખ પ્રિય છે, દુઃખ કોઈનેય પ્રિય નથી. (માટે) દુઃખ આપનારા પાપને મૂકીને સુખ આપનારા ધર્મનો તું આશ્રય કર !

**कुर्वन्तः पातकं पश्चात्, न पश्यन्ति दुराशयाः ।**
**शोचन्ति पतिता दुःखे, वीक्ष्य शर्माणि धर्मिणाम् ॥५४॥**

દુષ્ટ આશયવાળા લોકો પાપ કરતાં પાછું વાળીને જોતા નથી. (અને પછી) દુઃખમાં પડેલા તેઓ ધર્મીઓના સુખને જોઈને શોક કરે છે !

**सुखं स्यात् पुण्यतो दुःखं, पापतो नात्र संशयः ।**
**लगन्ति नीम्बे नाम्राणि, नाम्रे निम्बोलिका यतः ॥५५॥**

સુખ પુણ્યથી મળે છે અને દુઃખ પાપથી મળે છે એમાં કોઈ શંકા નથી. કારણ લીંબડા ઉપર કેરીઓ લાગતી નથી અને આંબા ઉપર લીંબોળીઓ લાગતી નથી !

**सुखिनो दुःषमायां चेत्, सुषमायां च दुःखिनः ।**
**स्युः केऽपि केऽपि तत् पुण्य-पापदत्तसुखासुखे ॥५६॥**

કેટલાક આત્માઓ દુષમકાળમાં સુખી હોય છે, કેટલાક આત્માઓ સુષમકાળમાંય દુઃખી હોયછે; તે પુણ્યપાપે આપેલાં સુખ દુઃખ છે !

**पुण्यसंपर्कतः सम्पद्, विपत्पापप्रसङ्गतः ।**

**स्वयं सम्पद्यते पुंसां, कारणं नापरं तयोः ॥५७॥**

પુરુષોને પુણ્યના યોગથી સંપત્તિઓ અને પાપના યોગથી વિપત્તિઓ સ્વયં પ્રાપ્ત થાય છે, બીજું કોઈ તેનું કારણ નથી.

**रूपस्वित्वं कुरूपत्वं, लक्ष्मीवत्त्वं दरिद्रता ।**

**नीरोगित्वं च रोगित्वं, पुण्यपापफलं स्फुटम् ॥५८॥**

રૂપવાનપણું, કુરૂપપણું, લક્ષ્મીવાળાપણું, દરિદ્રપણું, નિરોગીપણું અને રોગીપણું સ્પષ્ટ રીતે પુણ્યપાપનું ફળછે.

**सारं समस्तशास्त्राणां, दध्नामिव नवोध्दृतम् ।**

**श्रीधर्मोपार्जनं पाप-वर्जनं च मतं सताम् ॥५९॥**

જેમ દહીંનો સાર માખણ છે, તેમ સમસ્ત શાસ્ત્રોનો સાર શ્રીધર્મનું ઉપાર્જન અને પાપનું વર્જન છે. આવો સજ્જનોનો મત છે.

## પ્રમાદ

**सुखाभिलाषिणः सर्वे, जन्तवोऽत्र जगत्त्रये ।**

**न च धर्मं विना सौख्यं, न धर्मः स्यात् प्रमादतः ॥६०॥**

ત્રણેય જગતમાં બધા પ્રાણીઓ સુખને ઈચ્છનારા છે અને તે સુખ ધર્મ વિના મળતું નથી અને ધર્મ પ્રમાદથી થતો નથી અર્થાત્ ધર્મ કરવો હોય તો પ્રમાદનો ત્યાગ કરવો જોઈએ.

**यान्ति ये दिवसा नैते, प्रत्यायान्तीति चिन्तयन् ।**

**सामग्रीं प्राप्य को धीमान्, श्रीधर्मे स्यात्प्रमद्वरः ॥६१॥**

જે દિવસો જાય છે તે પાછા આવતા નથી એમ વિચારતો કયો બુદ્ધિશાળી સામગ્રી પામીને ધર્મમાં આળસુ થાય?

**लब्ध्वापि धर्मसामग्रीं, ये प्रमाद्यन्ति दुर्धियः ।**

**पश्चात् शोचन्ति दुःखार्ता, भृशं ते शशिराजवत् ॥६२॥**

જે દુર્બુદ્ધિવાળા મનુષ્યો ધર્મસામગ્રી મેળવીને પણ પ્રમાદ કરે છે તે પાછળથી શશિરાજાની જેમ દુઃખી થયેલા અત્યંત શોક કરે છે.

**ये धर्मसमये मूढाः, प्रमादे प्रेम कुर्वते ।**

**ते विषीदन्ति निर्दैवादृष्टनष्टधना इव ॥६३॥**

જે મૂર્ખાઓ ધર્મ કરવાના અવસરે પ્રમાદ સાથે પ્રીત કરે છે. તે દુર્ભાગીજીવો જોતજોતામાં નાશ પામેલા ધનવાનની જેમ વિષાદ કરે છે.

**यः शत्रुः स्वीयमित्रेषु, यो मित्रं स्वीयशत्रुषु ।**

**प्रमादेन समं तेन, वरं वैरं न सङ्गतिः ॥६४॥**

જે (પ્રમાદ) પોતાના મિત્રોને વિષે શત્રુ છે જે પોતાના શત્રુઓને વિષે મિત્ર છે તે પ્રમાદની સાથે વૈર સારું છે પણ મિત્રતા સારી નથી!

**स्वधर्मजीवितोच्छेदादिहामुत्र च दुःखदम् ।**

**प्रमादमुद्यमास्त्रेण, धीरो हन्ति महारिपुम् ॥६५॥**

પોતાના ધર્મરૂપી જીવિતનો નાશ કરનાર હોવાથી આ લોકમાં અને પરલોકમાં દુઃખદાયી પ્રમાદરૂપી મહાશત્રુને ધીરપુરુષ ઉદ્યમરૂપી શસ્ત્રવડે હણે છે!

प्रमादेन मनुष्याणां, न लक्ष्मीर्न सरस्वती ।
न कीर्तिः सुगतिर्न स्यात्, प्राज्ञस्तेनोद्यमी भवेत् ॥६६॥

મનુષ્યોને (પ્રાયઃ કરીને) પ્રમાદથી લક્ષ્મી, સરસ્વતી- વિદ્યા, કીર્તિ કે સદ્ગતિ મળતાં નથી .... માટે બુદ્ધિશાળીએ ઉદ્યમી બનવું જોઈએ.

**શ્રદ્ધા**

यथा सरोवरेष्वापः, प्रासादे प्रतिमा यथा ।
यथा कनीनिका नेत्रे, धर्मे श्रद्धा तथा मता ॥६७॥

જેમ સરોવરમાં પાણીનું, મંદિરમાં મૂર્તિનું, આંખમાં કીકીનું સ્થાન છે, તેમ ધર્મમાં શ્રદ્ધા મહત્ત્વની માની છે.

विना गन्धं यथा पुष्पं, विना जीवं यथा वपुः ।
विना दीप्तिं यथा रत्नं, धर्मः श्रद्धां विना तथा ॥६८॥

જેમ સુવાસ વિના ફૂલ, જીવ વિનાનું શરીર, તેજ વિનાનું રત્ન; તેમ શ્રદ્ધા વિનાનો ધર્મ (નકામો) છે.

सकला सुलभा सम्पत्, सकला सुलभा कला ।
सकला सुलभा विद्या, मतिर्धर्मेऽतिदुर्लभा ॥६९॥

બધી સંપત્તિઓ મળવી સહેલી છે. સઘળી કળાઓ પ્રાપ્ત થવી સુલભ છે. દરેક પ્રકારની વિદ્યાઓય સહેલાઈથી મળી શકે છે પણ ધર્મમાં મતિ સ્થિર થવી અતિશય દુર્લભ છે.

यथा नीत्या नृपो मत्या, मन्त्री गत्या तुरङ्गमः ।
धृत्या व्रती तथा धर्मो, श्रद्धया सर्वसिद्धये ॥७०॥

જેમ નીતિથી રાજા, બુદ્ધિથી મંત્રી, ગતિથી ઘોડો, ધીરજથી મુનિ; તેજ રીતે શ્રદ્ધાથી ધર્મ સર્વપદાર્થોની સિદ્ધિમાટે થાય છે.

**निश्चिनोति फलं धर्मः सेव्यमानः सनिश्चयम् ।**
**संदेग्धि फलमाराध्यमानोऽयं निश्चयं विना ॥७१॥**

શ્રદ્ધાપૂર્વક સેવાતો ધર્મ નિશ્ચિત ફળને આપે છે અને શ્રદ્ધા વિના સેવાતા ધર્મમાં ફળનો સંદેહ રહે છે.

**दानादिदेवपूजादि-दयाद्यावश्यकादिकम् ।**
**कुर्वन् सनियमं पुण्य-कर्म तत्फलभाग् भवेत् ॥७२॥**

દાન વિગેરે, દેવપૂજા વિગેરે, દયા વિગેરે, આવશ્યક વિગેરે પુણ્યકર્મને નિયમ શ્રદ્ધા સહિત કરતો આત્મા તેના ફળને મેળવનારો થાય છે.

**श्रीवीरवाक्यतो मुक्त्वा, संशयं विशदाशया ।**
**आराध्य विधिना धर्मं, जयन्ती मुक्तिमासदत् ॥७३॥**

શ્રીવીરપ્રભુના વચનથી સંશયને મૂકીને વિશુદ્ધ આશયવાળી જયન્તી શ્રાવિકા વિધિપૂર્વક ધર્મને આરાધી મુક્તિપદને પામી.

## સમ્યક્ત્વ

**सम्यक्त्वेन विना धर्मो, विनाऽऽलोचनया तपः ।**
**कल्पतेऽल्पफलायातः, प्रथमं तद् द्वयं श्रयेत् ॥७४॥**

સમ્યક્ત્વવિના ધર્મ અને આલોચના વિના તપ અલ્પફળને માટે થાય છે. તેથી પહેલા સમ્યક્ત્વ અને આલોચના એ બેનો આશ્રય કરવો જોઈએ.

**देवेऽर्हति गुरौ चारुक्रिये धर्मे दयोत्तमे ।**

**या रुचिः स्यात् समीचीना, तत् सम्यक्त्वमुदाहृतम् ।।७५।।**

અરિહંત દેવમાં, સમ્યક્ ક્રિયાવાળા ગુરુમાં અને દયાથી ઉત્તમ એવા ધર્મમાં જે સારી રુચિ થાય તેને સમ્યક્ત્વ કહ્યું છે.

**सम्यक्त्वदीपो दीप्येत, यदा हृदयमन्दिरे ।**

**तत्त्वधर्मस्थितिं जन्तुस्तदा प्रत्यक्षमीक्षते ।।७६।।**

જ્યારે મનમંદિરમાં સમ્યક્ત્વરુપી દીપક દીપે છે. ત્યારે પ્રાણી તાત્ત્વિક ધર્મની સ્થિતિને (સ્વરૂપને) પ્રત્યક્ષ જુએ છે.

**सम्यक्त्वं रत्नवत्प्राप्य, मिथ्यात्वविभवे भवे ।**

**भव्यस्तद् व्यवसायेन, शाश्वतीं श्रियमर्जयेत् ।।७७।।**

મિથ્યાત્વરૂપી વિભવવાળા સંસારમાં રત્ન જેવા સમ્યક્ત્વને મેળવીને, તે રત્નના વેપારથી ભવ્યજીવોએ શાશ્વતી લક્ષ્મી મેળવવી જોઈએ.

## આલોચના

**यथाऽन्तवर्तिरोगस्य, नाङ्गे लगति जेमनम्।।**

**तथान्तः सातिचारस्य, न कृत्वाङ्गे बहिस्तपः ।।७८।।**

જેમ શરીરમાં રોગથી ભોજન પુષ્ટીકારક બનતું નથી, તેમ અતિચારવાળા આત્માને બાહ્યતપ પણ ગુણકારી થતો નથી.

**मायामदविनिर्मुक्तैः शान्तचित्तैः समाहितैः ।**

**आलोचना किलादेया, रहः सद्गुरुसन्निधौ ।।७९।।**

જીવોએ માયા તેમજ મદથી મુક્ત, શાંતચિત્તવાળા અને સમાધિવંત બનીને એકાંતમાં સદ્ગુરુની પાસે આલોચના કરવી જોઇએ.

## સાધુધર્મની દુષ્કરતા

**यस्मिन् पञ्चाधिरूढव्यास्ते महाव्रतमेरवः ।**
**प्रत्येकं चूलिका येषु, पञ्च पञ्च स्वभावनाः ॥८०॥**

જે યતિધર્મમાં પાંચ મહાવ્રતરૂપી પાંચ મેરુ પર્વતો ઉપર આરોહણ કરવાનું છે, કે જેમાં દરેકની પાંચ પાંચ ભાવના-રૂપી ચૂલિકાઓ છે..

**विषयाः पञ्च सिंहाश्च, जेतव्या यत्र दुर्जयाः ।**
**तरणीयाः सदा पूर्णाः, पञ्चाचारमहाहृदाः ॥८१॥**

જે યતિધર્મમાં દુઃખે જીતી શકાય એવા વિષયરૂપી પાંચ સિંહો જીતવા યોગ્ય છે. હંમેશા પાણીથી સંપૂર્ણ ભરેલા પંચાચાર રૂપી મહાદ્રહો (સરોવરો) તરવા યોગ્ય છે.

**भटनीयं क्रियाधाट्या, यत्र पञ्चप्रकारया ।**
**पञ्चत्वं पञ्च नेयाश्च, प्रमादाः पश्यतोहराः ॥८२॥**

જ્યાં પાંચ પ્રકારની પાપક્રિયારૂપી ધાડપાડુઓ સાથે યુદ્ધ કરવું પડે છે અને જોતજોતામાં જ આત્મધન ચોરી જાય તેવા પાંચ પ્રકારના પ્રમાદરૂપી ચોરોને મૃત્યુ પમાડવાના હોય છે.

**यत्र पञ्चनमस्कारः, स्थाप्यो हृत्पत्तने प्रभुः ।**
**पञ्चबाणो महाप्राणो, भेद्यस्त्रयोदयी रिपुः ॥८३॥**

જે સાધુપણામાં હૃદયરૂપી રાજધાનીમાં પંચનમસ્કાર (નવકારમંત્ર) રૂપ રાજાને વિરાજમાન કરવાનો હોય છે અને મહાશક્તિશાળી પાંચ ઇન્દ્રિયોરૂપી પાંચ બાણવાળા અને પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ; એ ત્રણ રીતે ઉદય પામતા શત્રુ કામદેવને હણવાનો હોય છે.

दीपनीयः सदा पञ्च-वर्तिस्वाध्यायदीपकः ।
पञ्चज्ञानावृत्तिध्वान्त-च्छिदे यत्र क्रियाशिखः ॥८४॥

જે મુનિપણામાં હંમેશા પાંચ જ્ઞાનના આવરણરૂપી અંધકારના નાશમાટે ક્રિયારૂપી શિખાવાળો પાંચવાટથી યુક્ત સ્વાધ્યાય રૂપી દીપક દીપાવવાનો - પ્રકટાવવાનો હોય છે.

यत्र पञ्चेन्द्रियव्याघ्राः, करणीया वशेऽनिशम् ।
अविश्राममञ्च पञ्चम्या, गतेर्गन्तव्यमध्वनि ॥८५॥

જે યતિપણામાં પાંચ ઈન્દ્રિયરૂપી વાઘો નિરંતર વશ કરવા પડે છે અને થાક્યા વગર પાંચમી ગતિના મોક્ષના માર્ગે પ્રયાણ કરવાનું હોય છે.

प्रगल्भन्ते यतेर्धर्मं, तदङ्गीकर्तुमङ्गिनः ।
अहो केऽपि महासत्त्वाः, सत्वरं मुक्तिसङ्गिनः ॥८६॥

અહો ! અલ્પ સમયમાં મુક્તિગામી, મહાસત્વશાળી થોડા જ પ્રાણીઓ સાધુધર્મને અંગીકાર કરવા શૌર્ય બતાવે છે અર્થાત્ સમર્થ બને છે.

## ગૃહસ્થધર્મ

गेहिधर्मः सुखं साध्यो, यथाशक्तिविधानतः ।
तस्मिन्श्रद्धावताऽऽराध्या, शुद्धेयं द्वादशव्रती ॥८७॥

ગૃહસ્થધર્મ શક્તિ મુજબ કરવાનો હોવાથી સુખપૂર્વક સાધી શકાય તેવો છે. તે ધર્મમાં શ્રાવકે શુદ્ધ એવા આ બારવ્રત આરાધવાના હોય છે.

**तथाहि-निर्मन्तवो न हन्तव्याः, सङ्कल्पात् त्रसजन्तवः ।**
**कन्यालीकादि नो वाच्यं, स्थूलासत्यं हि कर्हिचित् ॥८८॥**

તે આ પ્રમાણે-નિરાપરાધી ત્રસજીવોને સંકલ્પથી ન હણવા, કન્યાદિ સંબધી જૂઠ વિગેરે સ્થૂલ જૂઠ ક્યારેય ન જ બોલવું.

**ग्राह्यं नादत्तमन्येषां, रत्नस्वर्णतृणादिकम् ।**
**नाब्रह्म सर्वथा सेव्यं, परिणीतस्त्रियं विना ॥८९॥**

નહીં આપેલું એવું બીજાઓનું રત્ન, સોનું તૃણ વિગેરે ન લેવું અને પોતાની પરિણીત સ્ત્રીવિના અબ્રહ્મ સર્વથા ન સેવવું.

**कार्यं निजेच्छया मानं, नवभेदे परिग्रहे ।**
**नोल्लङ्घनीया मर्यादा, कृता दिक्षु दशस्वपि ॥९०॥**

પોતાની ઈચ્છાથી નવ પ્રકારના પરિગ્રહમાં પ્રમાણ કરવું અને દશેય દિશામાં કરેલી મર્યાદાને ન ઓળંગવી.

**कर्तव्यं मानमन्नादि-स्त्र्यादिभोगोपभोगयोः ।**
**वर्जनीयोऽनर्थदण्डोऽपध्यानाचरितादिकः ॥९१॥**

અન્નાદિ અને સ્ત્રી વગેરે ભોગોપભોગમાં પ્રમાણ નક્કી કરવું. દુર્ધ્યાન, અને પ્રમાદાચરણ વગેરે રૂપ અનર્થદંડ વર્જવા યોગ્ય છે.

**विधेयं विधिना सामा-यिकं च घटिकाद्वयम् ।**
**ह्रासाद् दिग्व्रतमानस्य, धार्यं देशावकाशिकम् ॥९२॥**

બે ઘડીસુધી વિધિપૂર્વક સામાયિક કરવું જોઈએ અને દિશિવ્રતના પરિમાણનો સંક્ષેપ કરી દેશાવગાશિકવ્રત ધારણ કરવું જોઈએ.

**चतुर्विधश्चतुष्पर्व्यां, प्रतिपाल्यश्च पौषधः ।**
**संविभागोऽतिथिभ्योऽयं, व्रतद्वादशके विधिः ॥९३॥**

ચાર પર્વ તિથિઓમાં ચાર પ્રકારનો પૌષધ પાળવા યોગ્યછે અને અતિથિઓનો સંવિભાગ કરવો - આ બારમા વ્રતનો વિધિ છે.

**गृहिधर्मद्वादशात्मा, यदि चित्तोदयाचले ।**
**तत्त्वद्युतिरुदेति स्म, तदा भवतमोऽगमत् ॥९४॥**
**कर्मकाकारवोऽनश्यत्, मोक्षमार्गः स्फुटोऽभवत् ।**
**विकसत्पुण्यपद्मौघः, सुप्रभातमजायत ॥९५॥**

જો ચિત્તરૂપી ઉદયાચલ ઉપર તત્ત્વરૂપી કાંતિવાળો પ્રકાશવાળો બારપ્રકારના ગૃહસ્થધર્મરૂપી સૂર્ય ઊગે તો ભવરૂપી અંધકાર નાશ પામે, કર્મરૂપી કાગડાઓનો અવાજ નાશ પામે, મોક્ષમાર્ગ સ્પષ્ટ થઈ જાય અને વિકસતા પુણ્યકમળના સમૂહવાળું સુંદર પ્રભાત પ્રગટે.

## દાન

**दानतः सम्पदो भोगाः, शीलं सौभाग्यभाग्यदम् ।**
**तपः कर्मच्छिदे लब्धौ, भावः सर्वार्थसिद्धिकृत् ॥९६॥**

દાનથી સંપત્તિ અને ભોગો પ્રાપ્ત થાયછે, શીલએ, સૌભાગ્ય અને ભાગ્યને આપનાર છે, તપ કર્મના છેદનનું અને લબ્ધિની પ્રાપ્તિનું કારણછે, ભાવ સર્વ ઈચ્છિતોની સિદ્ધિ કરનાર છે.

**प्रत्यूहोपशमः कीर्तिः, प्रतिष्ठा विश्ववश्यता ।**
**भोगाः स्वर्गापवर्गौ च, सर्वं सिद्ध्यति दानतः ॥९७॥**

દાનથી વિઘ્નોની શાંતિ, કીર્તિ, પ્રતિષ્ઠા, વિશ્વનું વશપણું, ભોગો, સ્વર્ગ અને અપવર્ગ-મોક્ષ બધું ય સિદ્ધ થાય છે.

**पूज्यन्ते जगति दिव्य – द्रुमणिकम्बुगोघटाः ।**
**काष्ठोपलास्थिपशुमृत्प्रकारा अपि दानतः ॥९८॥**

દિવ્યવૃક્ષ (કલ્પવૃક્ષ), મણિ, શંખ, ગાય, ઘડો, લાકડું, પત્થર, હાડકાં, પશુ, માટી વગેરે પણ જગતમાં દાનથી પૂજાય છે.

**भावशुद्ध्या वस्तुशुद्ध्या, पात्रशुद्ध्या प्रसाधितम् ।**
**दानमेकं नरस्वर्गा–पवर्गश्रीनिबन्धनम् ॥९९॥**

ભાવની શુદ્ધિ, દ્રવ્યની શુદ્ધિ અને પાત્રની શુદ્ધિ પૂર્વક કરાયેલું એક દાન પણ મનુષ્યની, સ્વર્ગની અને મોક્ષની લક્ષ્મીનું કારણ છે.

**सामर्थ्ये सति दानेन, सज्जने दुर्जने समः ।**
**यो नैवाऽजनि जानेऽस्य, वसुधायां मुधा जनिः ॥१००॥**

સામર્થ્ય હોવા છતાં જે વ્યક્તિ સજ્જન અને દુર્જનને સમાન ગણીને દાન કરતો નથી, હું માનું છું કે - તેનો જન્મ પૃથ્વી ઉપર ફોગટ-નિષ્ફળ છે.

**यत्कष्टमललाभेयं, कमलोक्ता ततो बुधैः ।**
**दाता नन्दति येनेदं दानं तद्दोषमोषकम् ॥१०१॥**

જેને મેળવામાં કષ્ટનો અને મલનો લાભ થાય છે તેથી પંડિતોએ લક્ષ્મીને કમલા (ક+મલા) કહી છે. દાનએ લક્ષ્મીથી

પ્રાપ્ત કરવામાં થતા બે દોષોનું નાશક હોવાથી લક્ષ્મીનો દાતા એ દાનથી આનંદ પામે છે. (દા એટલે દાનથી ન એટલે નંદતિ અર્થાત્ આનંદ પામે છે.)

**ते धन्यास्ते महात्मानस्तेषां विश्वे स्थितं यशः ।**
**यैरात्मोपार्जितं वित्तं, पुण्यकृत्ये नियोज्यते ॥१०२॥**

તેઓ ધન્ય છે, તેઓ મહાત્મા છે, તેઓનો યશ વિશ્વમાં સ્થિર રહ્યોછે કે - જેઓ પોતે કમાયેલું ધન પુણ્યકાર્યમાં ખર્ચેછે.

**शालिभद्रः कृतपुण्यो, धन्या चन्दनबालिका ।**
**मूलदेवादयो दानात्, समृद्धिर्लेभिरेऽद्भुताम् ॥१०३॥**

શાલિભદ્ર, કયવન્નાશેઠ, ચંદનબાળા, અને મૂલદેવ વગેરેને ધન્ય છે કે જેઓએ દાનથી અદ્‌ભુત સમૃદ્ધિ મેળવી હતી.

## શીલ

**सान्निध्यं कुर्वते देवा, मित्रतां यान्ति शत्रवः ।**
**फलन्ति मन्त्रयन्त्राश्च, शीलादासाद्यते शिवम् ॥१०४॥**

શીલથી દેવો સાન્નિધ્ય કરેછે, શત્રુઓ મિત્ર બની જાયછે, મંત્રો અને યંત્રો ફળ આપનારાં બનેછે તથા મોક્ષની પ્રાપ્તિ પણ શીલથી થાય છે.

**कलावती-शीलवती-दमयन्त्यादयः स्त्रियः ।**
**सुदर्शनाद्याः पुरुषाः शीलतो विश्रुता भुवि ॥१०५॥**

કલાવતી, શીલવતી, દમયંતી વગેરે સ્ત્રીઓ અને સુદર્શન શેઠ વગેરે પુરુષો શીલથી પૃથ્વી ઉપર પ્રસિદ્ધ થયા.

## તપ

**क्षीयन्ते सर्वकर्माणि, जायन्ते सर्वलब्धयः ।**

**दुःसाध्यं साध्यते सर्वं, तपसाऽनल्पतेजसा ॥१०६॥**

અતિશય તેજસ્વી તપવડે સર્વકર્મો ક્ષય પામેછે, સર્વલબ્ધિઓ ઉત્પન્ન થાય છે અને દુઃસાધ્ય બધું સિદ્ધ થાય છે.

**नृपत्वं वासुदेवत्वं, चक्रवर्तित्वमिन्द्रता ।**

**तीर्थङ्करत्वं सिद्धत्वं, नाप्यते तपसा विना ॥१०७॥**

રાજાપણું, વાસુદેવપણું, ચક્રવર્તીપણું, ઈન્દ્રપણું, તીર્થંકરપણું અને સિદ્ધપણું તપ વિના મેળવી શકાતું નથી !

**श्रीनन्दिषेणर्षिः शिवकुमाराद्यास्तपोगुणैः ।**

**भेजिरेऽद्भुत-सौभाग्य-भाग्य-भोगादिसम्पदः ॥१०८॥**

તપગુણથી શ્રીનંદિષેણમુનિ તેમજ શિવકુમાર વગેરે અદ્ભુત સૌભાગ્ય-ભાગ્ય અને ભોગાદિની સંપદાને પામ્યા હતા.

## ભાવના

**धर्मारामवसन्तर्तुः, कर्मकन्दकुठारिका ।**

**संसारसागरतरी, भावनैका विभाव्यताम् ॥१०९॥**

ધર્મરૂપી બગીચામાં વસંતઋતુ જેવી, કર્મના મૂળને કાપવા માટે કુહાડી જેવી અને સંસારસાગર તરવા માટે હોડી જેવી એક ભાવનાને ભાવો.

**चक्रिश्रीभरतेलाति - पुत्रवल्कलचीरिणाम् ।**

**भावना केवलैवासीत्, केवलज्ञानदायिनी ॥११०॥**

ચક્રવર્તીભરત, ઈલાતીપુત્ર અને વલ્કલચીરીને ફક્ત ભાવના જ કેવલજ્ઞાન આપનારી થઈ હતી.

## વિનય

**विनयश्च विवेकश्च, द्वयं धर्मस्य साधनम् ।**
**तद्द्वयेन विना धर्मो, निर्मितोऽपि निरर्थकः ॥१११॥**

વિનય અને વિવેક એ બે ધર્મનાં સાધનછે તેથી આ બે વિના કરેલો ધર્મ પણ ફોગટછે - નિરર્થકછે.

**विद्या - विज्ञान - विश्वास - विभूति - विभुतादिकम् ।**
**गुणानामग्रणीः सर्वं, विधत्ते विनयो विशाम् ॥११२॥**

સર્વગુણોમાં અગ્રેસર એવો વિનયગુણ માણસોને વિદ્યા, વિજ્ઞાન, વિશ્વાસ, વિભૂતિ અને પ્રભુતાદિ બધુંય પ્રાપ્ત કરાવી આપે છે.

**विनयी लभते विद्यां, सविद्यस्तत्त्वमीक्षते ।**
**तत्त्वज्ञस्तनुते धर्मं, धर्मवान् सुखमश्नुते ॥११३॥**

વિનયી આત્મા વિદ્યાને મેળવેછે, વિદ્યાયુક્ત તત્ત્વને જુએ-પામે છે, તત્ત્વને જાણનારો ધર્મને આચરેછે અને ધર્મવાળો સુખને મેળવે છે.

**एका लक्ष्मीः परा विद्या, दानेन विनयेन च ।**
**सम्पन्ना सधवेव स्त्रीः, सर्वकल्याणकार्यकृत् ॥११४॥**

એક દાનથી યુક્ત લક્ષ્મી, અને બીજી વિનયથી યુક્ત વિદ્યા, સધવા સ્ત્રીની જેમ સર્વકલ્યાણકારી કાર્યને કરનારી છે.

## વિવેક

**रसनाश्रवणघ्राणे-क्षणान्वितः गुणोज्झितः ।**
**विवेकविकलो पंचे-न्द्रियोऽप्येकेन्द्रियायते ॥११५॥**

ગુણથી રહિત અને વિવેક વિનાનો આત્મા જીભ, કાન, નાક, આંખ આદિ પાંચ ઈન્દ્રિયોથી યુક્ત હોવાછતાં એકેન્દ્રિય જેવું આચરણ કરેછે.

**स्थितं जैनमतास्थाने, व्रतपञ्चकुलाञ्चितम् ।**
**दानादिसैन्यसम्पन्नं, सर्वजीवदयाप्रदम् ॥११६॥**
**द्विरूपं धर्मभूपालं, विवेको धीसखः सुखम् ।**
**त्रयोदशाऽऽलस्यमुखान्, दण्डिनोऽपास्य दर्शयेत् ॥११७॥**

વિવેક નામનો મંત્રી આળસ વગેરે તેર કાઠીયાઓને દૂર કરી જૈનમતરૂપી સભામાં રહેલા, પાંચવ્રતરૂપી કુલથી યુક્ત, દાનાદિ સૈન્યથી સંપન્ન, સર્વજીવોની દયારૂપ પ્રજાવાળા બે પ્રકારના (સાધુ-શ્રાવક) ધર્મરૂપી રાજાનું સુખપૂર્વક દર્શન કરાવે છે.

## ઔચિત્ય

**स्वीयवित्तवयोवंश - महत्त्वावसरोचितम् ।**
**वेषं वचो विधिं तन्वन्, मान्यतामेति मानवः ॥११८॥**

પોતાની સંપત્તિ, વય, વંશ, મોટાઈ તેમજ સમયોચિત વેશ, વચન અને વિધિને આચરતો માણસ માન્યતાને પામે છે.

**निजमातृपितृज्ञाति-गुरुदेववृषस्थितिः ।**
**नोचितज्ञा विमुञ्चन्ति, मर्यादामिव सिन्धवः ॥११९॥**

જેમ સમુદ્રો પોતાની મર્યાદાને મૂકતા નથી તેમ ઉચિતને જાણનારા મનુષ્યો પોતાના માતા, પિતા, જ્ઞાતી, દેવ, ગુરુ અને ધર્મની મર્યાદાને મૂકતા નથી.

**गुरुविद्याकुलाचारैः, परतन्त्रा भवन्ति ये ।**
**स्वतन्त्राः सम्पदस्तेषामिहामुत्र गतापदः ॥१२०॥**

જે લોકો ગુરુ-વિદ્યા-કુલ અને આચારને પરતંત્ર હોય છે, તેઓને આ લોક અને પરલોકમાં આપત્તિ વિનાની સંપત્તિઓ સ્વતંત્ર-સ્વાધીન હોય છે.

## ક્રોધ

**यथा क्षयः कषायाणामिन्द्रियाणां यथा जयः ।**
**सप्तक्षेत्र्या यथा पोष-स्तथा धर्मो विधीयताम् ॥१२१॥**

જે રીતે કષાયોનો ક્ષય થાય, ઈન્દ્રિયોનો જય થાય અને સાત ક્ષેત્રની પુષ્ટિ થાય તે રીતે ધર્મ કરવો જોઈએ.

**ग्रीष्मवत्परितापाय, वर्षावत्पङ्कपुष्टये ।**
**हेमंतवत्प्रकम्पाय, कोपोऽयं रिपुरुत्कटः ॥१२२॥**

ગ્રીષ્મઋતુની જેમ અત્યન્ત તાપમાટે, વર્ષાઋતુની જેમ કાદવ-પાપની પુષ્ટિમાટે અને હેમંતઋતુની જેમ ધ્રુજારી માટે થતો આ ક્રોધ ઉત્કટ શત્રુ છે.

**गुणेन्दुमण्डलीराहु-स्तपोमार्तण्डदुर्दिनम् ।**
**क्रोधोऽयं सिद्धिविद्वेषी क्षमया योध्यतां बुधैः ॥१२३॥**

ગુણરૂપી ચન્દ્રમંડલ માટે રાહુ જેવા, તપરૂપી સૂર્યમાટે ધૂળિયા દિવસ જેવા અને સિદ્ધિના પ્રતિપક્ષી એવા આ ક્રોધ સાથે સુજ્ઞપુરુષોએ ક્ષમાવડે લડવું જોઈએ.

## માન

**प्रोन्मूल्य विनयालानं, विघट्य गुणशृङ्खलाम् ।**
**भनक्ति मानमत्तेभो, धर्मारामं निरङ्कुशः ॥१२४॥**

વિનયરૂપી સ્તંભ-થાંભલાને ઉખેડીને, ગુણરૂપી સાંકળને તોડીને અંકુશવિનાનો માનરૂપી મદમસ્ત હાથી ધર્મરૂપી બગીચાને ભાંગી નાંખે છે.

**येषां हृदि गुणद्वेषी, मानो नैवावतिष्ठते ।**
**तैरिहाश्रीयते श्रेयो, मानो मानोचितः सताम् ॥१२५॥**

જેઓના હૃદયમાં ગુણનો દ્વેષી માન રહેતો જ નથી, તેઓ અહીં કલ્યાણના આશ્રયરૂપ થાય છે. સજ્જનોનું માન, સન્માનને ઉચિત હોય છે.

## માયા

**माया मायाकृते मूर्ख! मायामायापहामिमाम् ।**
**सन्तोऽसन्तोषभाजोऽपि, सन्तः सन्तोषतः स्मृताः ॥१२६॥**

હે મૂર્ખ જીવ! દુન્યવી ક્ષણિક સંપત્તિમાટે લાભનો નાશ કરનારી માયા તરફ ન જા. અર્થાત્ માયાદોષનું સેવન ન કર. અસંતોષને ધારણ કરનાર હોવા છતાં પણ સંતો સંતોષથી સંત કહેવાય છે.

**सत्यधाराधरे वात्या, दुर्ध्यानध्वान्तयामिनी ।**
**विश्वासाचलदम्भोली माया हेया हितार्थिना ॥१२७॥**

સત્યરૂપી પર્વતમાટે વંટોળિયા જેવી, દુર્ધ્યાનરૂપી

અંધકારયુક્ત રાત્રિ જેવી અને વિશ્વાસરૂપી પર્વતને વિષે વજ્ર જેવી માયાને હિતના અર્થીએ છોડવી જોઈએ.

## લોભ

**सन्ति क्षमान्विता मान-मुक्ता मायोज्झिता पुनः ।**
**न ज्ञायतेऽस्ति नास्तीति, निर्लोभः कोऽपि विष्टपे? ॥१२८॥**

ક્ષમાવાળા, માનરહિત અને માયાવિનાના લોકો છે પણ એવું જણાતું નથી કે લોભરહિત કોઈ જગતમાં છે કે નહિ?

**अर्तिकर्तिकया लोकं, क्षोभितं लोभरक्षसा ।**
**निरीक्ष्य रक्ष्यते दक्षैः, स्वात्मा संतोषरक्षया ॥१२९॥**

લોભરૂપી રાક્ષસે દુઃખરૂપી કાતરવડે ક્ષુબ્ધ કરેલા - ગભરાવેલા જગતને જોઈને ચતુરપુરુષો સંતોષરૂપી રક્ષાવડે પોતાના આત્માનું રક્ષણ કરે છે.

**एते कषायाश्चत्त्वारः, चतुर्गतिभवाध्वनि ।**
**सध्र्यञ्चः सर्वथा हेयाः प्राञ्चद्भिः पञ्चमीं गतिम् ॥१३०॥**

પંચમીગતિ-મોક્ષ તરફ જતા પુરુષોએ ચારગતિરૂપ સંસારમાર્ગમાં સાથે આવનારા આ ચાર કષાયો સત્વર છોડવા જેવા છે.

**क्षमा क्रोधाग्निपानीयं, मानाद्रौ मार्दवं पविः ।**
**माया तमोऽर्कः ऋजुताऽनीहा लोभविषामृतम् ॥१३१॥**

ક્ષમા એ ક્રોધરૂપી અગ્નિમાટે પાણી જેવી છે. નમ્રતા એ માનરૂપી પર્વતમાટે વજ્ર જેવી છે. સરળતા એ માયારૂપી અંધકાર માટે સૂર્ય જેવી છે અને નિઃસ્પૃહતા એ લોભરૂપી વિષને માટે અમૃતતુલ્ય છે.

## ઈન્દ્રિયો

**सक्तः स्पर्शे करी मीनो, रसे गन्धे मधुव्रतः ।**
**रूपे पतङ्गो हरिणः, शब्दे व्यापादमाप्नुयात् ॥१३२॥**

સ્પર્શમાં લીન થયેલો હાથી, રસમાં લીન માછલો, ગંધમાં લીન ભમરો, રૂપમાં લીન પતંગીયું અને શબ્દમાં લીન થયેલ હરણીયું મૃત્યુને પામે છે.

**श्रेयोविषयवृक्षाग्रे, व्यापार्येन्द्रियमर्कटान् ।**
**आत्मारामाश्रमाः कामं, निवृत्तिं यान्ति योगिनः ॥१३३॥**

કલ્યાણકારી વિષયરૂપી (પ્રશસ્ત) વૃક્ષના અગ્રભાગ ઉપર ઈન્દ્રિયરૂપી માંકડાઓને જોડીને અર્થાત્ નિબદ્ધ કરીને આત્મામાં રમણ કરનારા અને શ્રમવિનાના યોગીઓ અત્યંત શાંતિને પામે છે.

## ધર્મક્ષેત્ર

**सत्कर्मभूपभक्त्याप्त-सप्तक्षेत्रोर्वरासु ये ।**
**वपन्ति वित्तबीजानि, तेषां सस्यश्रियोऽतुषाः ॥१३४॥**

સત્કર્મરાજાની ભક્તિથી મળેલું ધનરૂપી બીજ સાતક્ષેત્રની ભૂમિમાં જે લોકો વાવે છે, તેઓને અતુષ એટલે કે ફોતરા વિનાની ધાન્યલક્ષ્મી પ્રાપ્ત થાય છે.

**कार्ये कार्यान्तरं कुर्यादितरश्चतुरो यथा ।**
**धर्मं संसारकर्मान्तं, विदधाति सुधीस्तथा ॥१३५॥**

જેમ ચતુર માણસ એક કાર્યમાં બીજું કાર્ય કરે તેમ બુદ્ધિશાળી સંસાર અને કર્મનો અંત કરનારા ધર્મને કરે છે.

गेहापणाङ्गसत्कार-कुटुम्बोद्वाहवस्त्रजाः ।
षडारम्भा विना प्रत्यारम्भं पापाय गेहिनाम् ॥१३६॥

ગૃહસ્થોને ઘર, દુકાન, શરીરની સેવા, સત્કાર, કુટુંબનો નિર્વાહ, અને વસ્ત્રદ્વારા થતા છ પ્રકારના આરંભો, તેના પ્રતિપક્ષી શુભારંભવિના પાપમાટે થાય છે.

प्रासादः पौषधागारं, देवार्चाऽऽस्तिकगौरवम् ।
तीर्थयात्रा सङ्घपूजा, प्रत्यारंभाः शुभाय षट् ॥१३७॥

દેવમંદિર, પૌષધશાળા, દેવપૂજા, આસ્તિકનું બહુમાન, તીર્થયાત્રા અને સંઘપૂજા; આ છ પ્રત્યારંભો શુભમાટે થાય છે.

## દરિદ્રતા

निःस्वा जीवन्मृता जीवा, जीवन्तः स्वार्थसम्पदः ।
स्युर्जीवन्मृतजीवन्तो लक्ष्मीधर्मगुणान्विताः ॥१३८॥

નિર્ધન જીવો જીવતાં મરેલા છે. ધનસંપત્તિવાળા જીવે છે. લક્ષ્મી, ધર્મ અને ગુણથી યુક્ત જીવો જીવતા અને મરેલાય જીવંત છે.

गङ्गाङ्घ्रौ श्रीपतेर्लग्नाऽऽरोहत् शीर्षं सतीपतेः ।
देवेष्वेवं यदि तदा, क्वाधने नरि गौरवम् ॥१३९॥

ગંગા શ્રીપતિના ચરણોમાં લાગી રહી, શંકરના મસ્તક ઉપર ચઢી (દરિદ્ર હોવાથી) જો દેવોમાં એવું છે, તો ધન વિનાના માનવમાં ગૌરવ ક્યાંથી હોય ?

जातिः कुलं कला शीलं, रूपं नैपुण्यमाकृतिः ।
धनमेकं विना सर्वं, वृथा निर्नाथसैन्यवत् ॥१४०॥

નાથવિનાના સૈન્યની જેમ જાતિ-કુલ-કલા-શીલ-રૂપ-નિપુણતા અને આકૃતિ બધુંય એક ધનવિના નકામું છે.

**कष्टदा जीविका शोको, दीनता कोऽपि न स्वकः ।**
**पराभवोऽनिशं यस्मिन्, धिग् नैःस्वं विश्वदुःखदम् ॥१४१॥**

જેમાં કષ્ટને આપનારી આજીવિકા-શોક-દીનતા-પોતાનું કોઇ નહિ-પરાભવ.વગેરે સતત હોય છે તેવા વિશ્વને દુઃખ આપનારા દારિદ્રયને ધિક્કાર થાઓ.

## લક્ષ્મી

**अलं कुलेन कलया, पूर्णरूपेण लक्षणैः ।**
**सृतं श्रुतेन शौर्येण, श्रीरेकाऽस्तु जगन्मता ॥१४२॥**

કુલ અને કળાથી સર્યું, રૂપ અને લક્ષણોથી પણ શું ?, શ્રુત અને શૌર્યવડે ય સર્યું, માત્ર જગતે માન્ય રાખેલી એક લક્ષ્મી જ પ્રાપ્ત થાઓ !

**अकुल्यः सुकुलो मूर्खो, मनीषी दोषवान् गुणी ।**
**अनार्योऽपि सपर्यावान्, गीयतेऽधिष्ठितः श्रिया ॥१४३॥**

લક્ષ્મીથી યુક્ત વ્યક્તિ અકુલીન પણ કુળવાન, મૂર્ખ પણ ડાહ્યો, દોષવાળો પણ ગુણી અને અનાર્ય પણ પૂજા યોગ્ય કહેવાય છે.

**विवर्णो लब्धवर्णत्वं, बहुमानमनर्हणः ।**
**कनिष्ठो ज्येष्ठतां विन्देत्, पद्मादेवी प्रसादतः ॥१४४॥**

લક્ષ્મીની મહેરબાનીથી કુરૂપવાળો પણ રૂપવાન કહેવાય છે, અયોગ્ય પણ બહુમાનને પામે છે અને નીચ પણ ઉચ્ચતાને પામે છે અર્થાત્ ઉચ્ચ કહેવાય છે.

# પુણ્યાનુબંધી લક્ષ્મી

**या स्वगात्रे स्वगोत्रे, सत्पात्रे नैवोपयुज्यते ।**
**सा क्षत्रैः क्षीयते लक्ष्मीर्भवद्वितयभर्त्सिता ।।१४५।।**

જે લક્ષ્મી પોતાના શરીરમાં, પોતાના સ્વજનમાં કે સુપાત્રમાં ઉપયોગી થતી નથી તે બંનેય ભવથી (આ ભવ અને પરભવ) તિરસ્કાર પામેલી લક્ષ્મી ખાતર પાડનારા (ચોરો) વડે ક્ષય પામે છે.

**न्यायोपायाः श्रियो धर्मः, शुद्धो लज्जादयो गुणाः ।**
**त्रयं जगत्त्रयश्लाघ्यं, लभ्यतेऽद्भुतभाग्यतः ।।१४६।।**

ન્યાયપૂર્વક મેળવેલી લક્ષ્મી, શુદ્ધધર્મ અને લજ્જા વગેરે ગુણો; ત્રણે જગતને વખાણવા લાયક - આ ત્રણે ચીજો અદ્ભુત ભાગ્યથી મળે છે.

**सात्त्विको यः श्रियं लब्ध्वा, कुर्वन्धर्मगुणोन्नतिम् ।**
**दानवान् विजयेताऽरीन्, स विश्वे पुरुषोत्तमः ।।१४७।।**

જે સાત્ત્વિક મનુષ્ય લક્ષ્મી મેળવીને ધર્મ અને ગુણની ઉન્નતિને કરે છે, દાનધર્મને આચરે છે અને શત્રુઓને (આંતરશત્રુ) જીતે છે તે વિશ્વમાં ઉત્તમપુરુષ છે.

**अर्था मूलमनर्थानामिति प्राहुर्मुधा बुधाः ।**
**यैः सर्वं साध्यते साध्य-मैहिकं पारलौकिकम् ।।१४८।।**

જે અર્થવડે - પૈસાવડે આલોક અને પરલોકનું બધુંય સાધ્ય સધાય છે - મેળવાય છે. તે અર્થ અનર્થોનું મૂળ છે એવું પંડિતોએ

ફોગટ કહ્યું છે (આ વાત સામાન્યતયા પુણ્યાનુબંધી પુણ્યની મહત્તા બતાવવા માટે છે. બાકી લક્ષ્મી તો અનર્થનું મૂળ જ છે.)

## આત્મા

**व्यवसायः श्रियै कार्यः, परं श्रीर्भाग्यतो भवेत् ।**
**भाग्यं च पुण्यतः पुण्यं, पापोच्छेदनकर्मतः ॥१४९॥**

લક્ષ્મીમાટે ઉદ્યમ કરવાનો હોય છે પરંતુ લક્ષ્મી ભાગ્યથી મળે છે. ભાગ્ય પુણ્યથી અને પુણ્ય પાપનો નાશ કરનારા કાર્યથી થાય છે.

**पूजनं देवराजस्य, सद्गुरोः क्रमवन्दनम् ।**
**स्मरणं मन्त्रराजस्य, सर्वं पापं व्यपोहति ॥१५०॥**

દેવાધિદેવનું પૂજન, સદ્ગુરુના ચરણોમાં કરેલું વંદન, અને મંત્રરાજ (નવકાર)નું સ્મરણ બધા પાપનો નાશ કરે છે.

**प्रभुः शरीरं प्रत्यात्मा, कर्मात्मानं प्रति प्रभुः ।**
**कर्म प्रति प्रभुश्चार्हन्, सतां मान्यः स नापरः ॥१५१॥**

શરીર પ્રત્યે આત્મા સ્વામી છે. આત્મા પ્રત્યે કર્મ સ્વામી છે. કર્મ પ્રત્યે અરિહંત સ્વામી છે. સજ્જનોને તે જ માન્ય છે, બીજો નહિ.

**चराचरजगद्व्यापी सदा चित्सम्पदास्पदम् ।**
**अचिन्त्यशक्तिसम्पन्नः, प्रभुरात्मा प्रसाद्यताम् ॥१५२॥**

સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત, હંમેશા જ્ઞાનસંપત્તિનું સ્થાન, અચિન્ત્યશક્તિથી યુક્ત એવા પ્રભુ સ્વરૂપ આત્માને ખુશ કરો.

## કર્મ

**वक्रोऽयमात्मानं दत्ते, निगोदं नरकादिकम् ।**
**अवक्रश्चक्रिशक्रादिपदं कर्मप्रभुर्बली ॥१५३॥**

વાંકો એવો આ બળવાન કર્મરાજા આત્માને નિગોદ, નરકાદિને આપે છે અને અવક્ર એવું કર્મ ચક્રવર્તી, ઈન્દ્રાદિપદને આપે છે.

## અરિહંત

**इन्द्रोपेन्द्रनतोऽनर्घ्यः, सङ्घसैन्योऽष्टकर्मजित् ।**
**भाति सातिशयो धर्म-चक्रवर्तिजिनप्रभुः ॥१५४॥**

ઈન્દ્રોપેન્દ્રથી નમસ્કાર કરાયેલા, મહામૂલા, સંઘરૂપ સૈન્યવાળા, આઠ કર્મને જિતનારા, અતિશયોથી યુક્ત, ધર્મચક્રવર્તી જિનેશ્વરપરમાત્મા શોભે છે.

## દેવપૂજાષ્ટક

**जिनस्नात्रेण नैर्मल्यं, पूज्यत्वं जिनपूजनात् ।**
**जिनवन्दनतो विश्व-वन्द्यतामर्जयेत् कृती ॥१५५॥**

પુણ્યશાળી જિનેશ્વરદેવના સ્નાત્રથી નિર્મલતાને, જિન પૂજનથી પૂજ્યપણાને અને જિનવંદનથી વિશ્વવંદ્યતાને મેળવે છે.

**प्राचीनपुण्यसुप्रापा, चित्तचिन्तितदायिनी ।**
**विधिपूर्वा जिनाधीश-पूजा चिन्तामणीयते ॥१५६॥**

પૂર્વના પુણ્યથી મળી શકે એવી, ચિત્તના ઈચ્છિતને આપનારી અને વિધિપૂર્વક કરાયેલી જિનપૂજા ચિંતામણી સમાન છે.

**संसारश्रमसंहन्त्री, यच्छन्ती विश्ववांञ्छितम् ।**
**दुर्लभा कल्पवल्लीव, जिनार्चा परिचीयताम् ॥१५७॥**

સંસારના ખેદ-થાકને હરનારી, વિશ્વના ઈચ્છિતને આપતી, કલ્પવેલડી જેવી દુર્લભ જિનપૂજાનો પરિચય કરવો જોઈએ.

**शुद्धचित्तवपुर्वस्त्रै - श्चारुपुष्पाक्षतस्तवैः ।**
**जिनपूजां विधत्ते यो, भुक्तिं मुक्तिं स विन्दति ॥१५८॥**

શુદ્ધચિત્ત, શુદ્ધશરીર અને શુદ્ધવસ્ત્રવાળો જે પૂજક સુંદર પુષ્પ, અક્ષત અને સ્તવવડે જિનપૂજા કરે છે તે ભોગ અને મોક્ષને મેળવે છે.

**निःशेषदुःखदलनी, सम्पत्तिसुखवर्धिनी ।**
**सम्यक्त्वशुद्धिजननी, श्रीजिनार्चा विरच्यताम् ॥१५९॥**

સમસ્ત દુઃખોનો નાશ કરનારી, સમ્પત્તિ અને સુખને વધારનારી, તેમજ સમ્યક્ત્વની શુદ્ધિને કરનારી એવી શ્રીજિનેશ્વરદેવની પૂજા કરો.

**उत्तमं जन्म मानुष्यं, जैनो धर्मस्तदुत्तमः ।**
**देवपूजोत्तमा तत्र, तां कुर्यादुत्तमार्थदाम् ॥१६०॥**

મનુષ્ય જન્મ ઉત્તમ છે, મનુષ્યજન્મમાં જૈનધર્મ ઉત્તમ છે અને જૈનધર્મમાં દેવપૂજા ઉત્તમ છે માટે ઉત્તમ અર્થ મોક્ષને આપનારી દેવપૂજા કરવી જોઈએ.

**वपुः स्नानैर्मनः पूजा-श्रद्धया वचनं स्तवैः ।**
**त्रयं पवित्रीभवति, त्रिजगत्प्रभुपूजनात् ॥१६१॥**

પરમાત્માના સ્નાત્રદ્વારા શરીર, પરમાત્માની પૂજામાં શ્રદ્ધા કરવાથી મન અને પરમાત્માની સ્તુતિ કરવાથી વચન - આમ ત્રણે વસ્તુ ત્રણ જગતના નાથની પૂજાથી પવિત્ર થાય છે.

**विहायाष्टमदान् प्राति - हार्याष्टकभृतप्रभोः ।**
**पूजामष्टविधां कुर्वन् - नष्टकर्मजयी भवेत् ॥१६२॥**

આઠ મદને છોડીને આઠ પ્રાતિહાર્યધારી પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરતો આત્મા આઠ કર્મને જીતનારો થાય છે.

## સિદ્ધભગવંતો

**ध्येयाः क्षीणाष्टकर्माणो, लब्धानन्तचतुष्टयाः ।**
**एकत्रिंशद्गुणाः पञ्च-दशभेदाः शिवं गताः ॥१६३॥**

આઠ કર્મનો નાશકરનારા, અનન્તચતુષ્ટયને પામેલા, એકત્રીશ ગુણવાળા, પંદર ભેદે મોક્ષમાંગયેલા (શ્રીસિદ્ધભગવંતો) ધ્યાન કરવા યોગ્ય છે.

**गुणाष्टकयुजोऽ शीति - भावमन्तो महोमयाः ।**
**लोकोर्ध्वस्थितयो मुक्तो - पमाः सिद्धाः प्रकीर्तिताः ॥१६४॥**

આઠ ગુણથી યુક્ત, એંશીભાવવાળા, જ્યોતિસ્વરૂપ, લોકાગ્રભાગે રહેલા, મુક્ત તરીકે ઓળખાતા સિદ્ધો કહેવાય છે.

**मुक्तजन्म-जरा-मृत्यु-रोग-शोक-भयार्तयः ।**
**विश्वातीतसुखाः सिद्धा, ध्यातव्या तत्पदाप्तये ॥१६५॥**

જન્મ-જરા-મરણ-રોગ-શોક-ભય અને પીડાથી મુક્ત વિશ્વમાં ન હોય એવા અનુપમ સુખવાળા સિદ્ધભગવંતોનું સિદ્ધપદની પ્રાપ્તિમાટે ધ્યાન કરવા યોગ્ય છે.

## આચાર્યભગવંત

**गुणाढ्यो गुप्तषट्कायो, रुग्जेता रुचिरार्थवाक् ।**
**गुरुर्निरुक्तः स प्राज्ञै-र्मान्यो ज्ञानक्रियोज्ज्वलः ॥१६६॥**

ગુણથી સમૃદ્ધ, છ કાયથી રક્ષા કરનાર, ઈચ્છાને જીતનારા, મનોહર અર્થયુક્ત વાણીવાળા, ગુરુ કહેવાય છે. જ્ઞાન અને ક્રિયાથી ઉજ્જવળ એવા એમને બુદ્ધિમાનોએ ગુરુ માનવા જોઈએ.

**गृणाति धर्मतत्त्वं यो, गुरूते यश्च मुक्तये ।**
**हितः स्वपरयोः ज्ञेयः, स गुरुर्गौरवोचितः ॥१६७॥**

જે ધર્મતત્ત્વને જણાવે છે, મુક્તિમાટે જે ઉદ્યમ કરે છે અને સ્વ-પરહિતને કરનારા છે; તે ગુરુ ગૌરવને યોગ્ય જાણવા.

**ये षट्त्रिंशत्सूरेर्गुण-दण्डायुधकृतश्रमाः ।**
**जयन्ति कुमतद्वेषि-गणं च रणतत्पराः ॥१६८॥**

આચાર્યના છત્રીશ ગુણોરૂપી દંડાયુધવડે તાલીમ પામેલા અને યુદ્ધમાં તત્પર એવા જેઓ કુમતમાં પડેલા દ્વેષી લોકોના સમૂહને જીતે છે.

**क्षमावरा धर्मधरा, धीराः समितिसादराः ।**
**राजन्ते मुनिराजानस्तेषां भक्तिः शुभश्रिये ॥१६९॥**

ક્ષમામાં શ્રેષ્ઠ, ધર્મને ધારણ કરનારા, ધીર, સમિતિમાં આદરવાળા, મુનિઓમાં રાજાસમાન (આચાર્ય) શોભે છે. તેઓની ભક્તિ શુભલક્ષ્મી - કલ્યાણમાટે થાય છે.

## ઉપાધ્યાયભગવંત

**उद्यच्छेत् श्रुतमध्येतुं, पाठ्यते संयतान् श्रुतम् ।**
**ध्यायेत् श्रुतं तदाचारे, यतते यः श्रुतोदिते ॥१७०॥**

ઉપાધ્યાયભગવંત શાસ્ત્ર ભણવાનો પ્રયત્ન કરે છે, સંયમીઓને શ્રુત ભણાવે છે, શ્રુતનું ધ્યાન કરે છે અને જેઓ શાસ્ત્રકથિત આચારોના પાલનમાં પ્રયત્ન કરે છે.

**उपाध्यायो निरुक्तोऽसौ, पञ्चविंशतिसद्गुणः ।**
**मान्यते मुनिसार्थेन, श्रुतसामायिकार्थिना ॥१७१॥**

આ ઉપાધ્યાય પદની વ્યાખ્યા કહી કે - જેઓ પચ્ચીશ ગુણથી યુક્ત કહ્યા છે, શ્રુતસામાયિકનો અર્થી મુનિગણ તે ઉપાધ્યાય ભગવંતનું બહુમાન કરે છે.

## સાધુભગવંત

**पराभूतभवानीका, ये महाव्रतिनोऽपि हि ।**
**सकलत्राऽपि प्रेक्ष्यन्ते, परित्यक्तपरिग्रहाः ॥१७२॥**

જેઓ મહાવ્રતધારી હોવા છતાં ભવસૈન્યનો પરાભવ કરનારા છે અને સર્વનું રક્ષણ કરનારા હોવા છતાં પરિગ્રહ વિનાના જોવા મળે છે. (બીજા અર્થમાં સ્ત્રીવાળા જોવા મળે છે. અર્થાત્ સમતા કે ધૃતિરૂપ સ્ત્રીવાળા છે.)

**सप्तविंशतिनिर्ग्रन्थगुणसैन्यमनोहराः ।**
**अष्टादशसहस्त्रोरु-शीलाङ्गरथसुस्थिताः ॥१७३॥**
**सप्तत्याचरणैर्भेदैः करणैरपि वर्मिताः ।**
**विजित्य वैरिणः पञ्च, प्रमादाः पञ्चसप्ततिः ( ? ) ॥१७४॥**

कुर्वन्तः स्ववशां रत्न-त्रयीदूत्या शिवश्रियम् ।
वैराग्यरङ्गिणः सेव्याः, साधवोऽमी क्षमाभृतः ॥१७५॥

સાધુના સત્યાવીશ ગુણરૂપી સૈન્યથી મનોહર, અઢારહજાર શીલાંગરૂપી રથમાં બેઠેલા, ચરણના સિત્તેર ભેદ અને કરણના સિત્તેર ભેદરૂપી બખ્તરથી યુક્ત પાંચ વૈરી પ્રમાદો એ પંચોતેરને જીતીને રત્નત્રયીરૂપી દૂતીવડે શિવલક્ષ્મીને પોતાને વશ કરતા, વૈરાગ્યના રંગવાળા, ક્ષમા ધરનારા સાધુઓ સેવવા યોગ્ય છે.

## શિષ્ય

क्रियावान् विनयी प्राज्ञः सौम्यः श्रीमान् स्थिरो वशी ।
एवं सप्तगुणः शिष्यो, गुरोः स्वस्यापि सम्पदे ॥१७६॥

ક્રિયાવાળો, વિનયી, ચતુર, સૌમ્ય, શોભાવાળો, સ્થિર અને આજ્ઞાપાલક - એ સાત ગુણવાળો શિષ્ય ગુરુને અને પોતાને પણ સંપત્તિ માટે થાય છે.

गुर्वाज्ञां मुकुटीकुर्वन्, गुरूक्तं कर्णपूरयन् ।
गुरुभक्तिं धरन् हारं, सुशिष्यः शोभते भृशम् ॥१७७॥

ગુર્વાજ્ઞાને માથે મુગટરૂપે ધારણ કરતો, ગુરુના વચનને કુંડલતરીકે આચરતો, ગુરુભક્તિરૂપ હારને ધરતો સુશિષ્ય અત્યંત શોભેછે.

## પંચનમસ્કાર

सर्वतीर्थमयो वर्णै-र्ग्रहार्तिशमनः पदैः ।
जेता कर्माणि संपद्भि-र्भयभित् संयुताक्षरैः ॥१७८॥

૬૮ વર્ણવડે સર્વતીર્થ રૂપ ૯ પદવડે ૯ ગ્રહોની પીડાને શમાવનારો ૮ સંપદાઓ વડે ૮ કર્મને જીતનારો ૭ સંયુક્ત અક્ષરોવડે ૭ ભયને ભેદનારો (નવકાર છે.)

**पञ्चध्येयपदैर्दत्ते, मन्त्रोऽयं पञ्चमीं गतिम् ।**
**चतुर्गतिं भवं छित्त्वा, चतुर्भिश्चूलिकापदैः ॥१७९॥**

ચાર ચૂલિકાપદોવડે ચારગતિરૂપ સંસારને છેદીને આ મહામંત્ર નવકાર, પાંચ ધ્યાન કરવાયોગ્ય પદોવડે પાંચમી ગતિ - મોક્ષને આપે છે.

**सर्वार्थसाधकः सर्व-पापव्यापनिवारकः ।**
**स्मर्यते सर्वकार्येऽसौ, सर्वदा सर्वमन्त्रराट् ॥१८०॥**

સર્વ અર્થનો સાધક, સર્વપાપોના વિસ્તારનું નિવારણ કરનાર, સર્વમંત્રોમાં રાજાસમાન - આ નવકારમંત્ર હંમેશા સર્વકાર્યમાં સ્મરણ કરાય છે.

**मंत्रराजं स्वान्तराज-धान्यां राजयतीह यः ।**
**तस्योपसर्गसंसर्गो, नृवर्गस्य कदापि न ॥१८१॥**

વિશ્વમાં પોતાના અંતઃકરણરૂપી રાજધાનીમાં મંત્રરાજને જે જનસમુદાય શોભાવે છે, તે જનસમુદાયને ક્યારેય ઉપસર્ગનો પ્રસંગ આવતો નથી.

**येषां मनोवने मन्त्राधिपकल्पद्रुमो वसेत् ।**
**तेषां स्यादचलैश्वर्यं, विश्वे कल्याणशालिनाम् ॥१८२॥**

જેઓના મનરૂપી વનમાં મન્ત્રરાજરૂપી કલ્પવૃક્ષ રહેલું છે, તે કલ્યાણશાલિજીવોને વિશ્વમાં અચલ ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે.

## વર્તમાન સમયને યોગ્ય ધર્મારાધનવિધિ

**भूतौष्ट्रिकपौर्णिमिकागामिकाञ्चलिकादयः ।**
**दूषमादोषतो भेदा, मते जैनेऽपि जज्ञिरे ॥१८३॥**

ભૂતૌષ્ટ્રિક, પુનમીયા, આગમિક, આંચલિક વગેરે ભેદો દુષમકાળના દોષથી જૈનમતમાં પણ થયા.

**मतिः प्रतिजनं भिन्ना, गम्भीरा भगवद्गिरः ।**
**विच्छित्तिर्ज्ञानिनां तस्मात्, सन्मतं मार्गमाश्रयेत् ॥१८४॥**

દરેક માણસની બુદ્ધિ જુદી હોય છે, ભગવાનની વાણી ગંભીર છે અને અતિશય જ્ઞાનીઓનો વિરહ છે, તેથી સત્યમતના માર્ગનો આશ્રય કરવો.

**यत्र पञ्चनमस्कारो, यत्र सत्यदयादमाः ।**
**यत्र ज्ञानक्रिये तत्र, श्रीधर्मोऽस्तीति सन्मतम् ॥१८५॥**

જ્યાં પંચપરમેષ્ઠિને નમસ્કાર છે, જ્યાં સત્ય-દયા અને ઈન્દ્રિયોનું દમન છે, જ્યાં જ્ઞાન અને ક્રિયા છે; ત્યાં શ્રીધર્મ છે અને તે જ સાચો મત જાણવો.

## ઓળંભો-ઠપકો

**मिथ्यावादपुषो हिंसाजुषोऽसंख्या यतः कलौ ।**
**स्तोकात्मरक्षकौ तेन, सत्यधर्मौ भृशं भृशौ ॥१८६॥**

કલિકાલમાં મિથ્યાવાદને પોષનારા, હિંસાથી યુક્ત અસંખ્ય લોકો છે. તેથી થોડું ઘણું આત્માનું રક્ષણ કરનારા સત્ય અને ધર્મ અત્યંત મજબૂત જોઈએ.

**तथा च लोके-अर्धो विंशोपकः सत्यं, धर्मः सार्धो विंशोपकः।**
**पापं विंशोपका अष्टा-दशाः प्रोक्ता कलौ युगे ॥१८७॥**

અને લૌકિકશાસ્ત્રમાં કહ્યું છે કે - કલિયુગમાં સત્ય અડધો વસોછે, ધર્મ દોઢ વસો છે અને પાપ અઢાર વસા જેટલું છે. સાધુ સંપૂર્ણ ૨૦ વસાની દયા પાળે છે, તેમ કલિયુગમાં - કલિકાલમાં આ વીસ વસાનું વિભાગીકરણ બતાવ્યું.

**स्थितौ जैनमते सत्यधर्मौ यौ तौ विंशोपकौ ।**
**वर्णाष्टादशके शेष-पापं मिथ्यात्वदूषिते ॥१८८॥**

જિનમતમાં રહેલા સત્ય અને ધર્મ ૧-૧ વસો છે. મિથ્યાત્વથી દૂષિત અઢાર વર્ણમાં બાકી બધું પાપ છે.

## ધર્મમાં પ્રમાદ કરતા જૈનોને ઠપકો

**न जैना यदि रक्षन्ति, सत्यधर्मौ प्रमादिनः ।**
**तदा पूर्णीभवत्पाप-बलेन कलिना जितम् ॥१८९॥**

પ્રમાદી એવા જૈનો જો ધર્મ અને સત્યનું રક્ષણ ન કરે તો પૂર્ણ પાપના બળવાળા થતા કલિકાલની જીત થઈ ગણાય.

## શ્રાવક અને ગુરુનો પરસ્પર ધર્મસંબંધ

**श्राति धर्मश्रुतौ श्रद्धां, वपते क्षेत्रसप्तके ।**
**करोति शुद्धमाचारं, श्रावको निरवाचि सः ॥१९०॥**

ધર્મ સાંભળવામાં શ્રદ્ધા રાખે છે, સાતક્ષેત્રમાં ધન વાવે છે, અને શુદ્ધઆચારનું પાલન કરે છે; તે શ્રાવક કહેવાય છે.

गुरौ गुरुत्वं श्राद्धेषु, स्मृतं सन्मार्गदेशनात् ।
श्रावकत्वं श्रावकेषु, गुरावेकान्तभक्तितः ॥१९१॥

શ્રાવકોને સન્માર્ગની દેશના આપવાથી ગુરુમાં ગુરુપણું કહેવાયેલું છે અને ગુરુમાં એકાંતભક્તિ રાખવાથી શ્રાવકમાં શ્રાવકપણું કહેવાયેલું છે.

देवगुरुधर्मकार्ये, कुर्वन् हिंसामृषे अपि ।
निर्दोषोऽवाचि सिद्धान्ते, श्रावकः श्रमणोऽपि वा ॥१९२॥

દેવ-ગુરુ અને ધર્મના કાર્યમાં હિંસા અને મૃષાને કરતો શ્રાવક અથવા સાધુ પણ સિદ્ધાંતમાં નિર્દોષ કહેવાયો છે.

गुरुः स किं गुरुः ? श्राद्धः, स किं श्राद्धः प्रकथ्यते?।
परस्परं ययोः प्रीति-र्नैधते हितहेतुभिः ॥१९३॥

શું તે ગુરુ, ગુરુ કહેવાય? તે શ્રાવક, શું શ્રાવક કહેવાય? કે જે બંનેની હિતના હેતુથી પરસ્પર પ્રીતિ વધતી નથી.

श्राद्धा नृपा हि साधूनां, श्राद्धानां साधवो नृपाः ।
वनसिंहमुखघ्राणन्यायेनैव मिथो गुणः ॥१९४॥

'વનસિંહ મુખઘ્રાણ' ન્યાયથી સાધુ અને શ્રાવકો બંને પરસ્પર એક બીજાના ઉપકારી છે. માટે કહ્યું : સાધુઓ શ્રાવકોના રાજા છે, શ્રાવકો સાધુઓના રાજા છે. સિંહનું ઘ્રાણ (નાક) મુખને સ્વાદિષ્ટ સામગ્રી પ્રત્યે આકર્ષિત કરી ઉપકાર કરે છે અને મુખ સ્વાદિષ્ટ સામગ્રી મેળવી ઘ્રાણને સંતોષ આપી ઉપકાર કરે છે.

कायोत्सर्गी चतुर्मास्यामायात् सङ्घनृपाज्ञया ।
मेरौ विष्णुकुमारर्षिः शिक्षितुं नमुचिं न किम् ? ॥१९५॥

સંઘરૂપી રાજાની આજ્ઞાથી કાયોત્સર્ગમાં રહેલા એવા વિષ્ણુકુમારમુનિ નમુચિને શિક્ષા કરવા શું ચોમાસામાં નહોતા આવ્યા ?

**माहेश्वरीपुरीं नीत्वा, श्रावकान् सेवकानिव ।**
**दुर्भिक्षे रक्षयामास, वज्रस्वामी गुरुर्न किम् ? ॥१९६॥**

દુષ્કાળમાં સેવકો જેવા શ્રાવકોને માહેશ્વરી નગરીમાં લઈ જઈને ગુરુદેવ વજ્રસ્વામીએ રક્ષણ કર્યું ન હતું ?

## પરમતના દાન-સ્નાનાદિનું સાચું રહસ્ય

**गोदानं सत्यवाग्दानात्, सर्वेभ्यः सफलीकुरु।**
**देहि सद्गुणपात्रेभ्यः, सुवर्णं विशदं यशः ॥१९७॥**

સત્યવચનનું દાન કરીને ગાયના દાનને સફળ કર અર્થાત્ સર્વની સાથે ગો સત્યવચન બોલવું એ જ સાચું ગોદાન છે અને સદ્ગુણના ધારક પાત્રોને નિર્મળયશરૂપી સુવર્ણ આપ અર્થાત્ તેઓની પ્રશંસા કર.

**क्षमोक्ता रत्नगर्भा सा, कल्पतामक्षमावते ।**
**दीयते यत्नतो रत्न-त्रयी योग्याय रात्निकैः ॥१९८॥**

જેમ જ્ઞાન, દર્શન, ચારિત્રયુક્ત પુરુષો યોગ્યને જ્ઞાનાદિ ત્રણ રત્નો આપે છે, તેમ જેનું બીજું નામ ક્ષમા છે એવી રત્નગર્ભા પૃથ્વીએ અક્ષમાવાળા - ક્રોધીજીવોને ક્ષમાનું દાન કરવું જોઈએ. અર્થાત્ ક્ષમાશીલ બનવાની પ્રેરણા આપવી જોઈએ તો યોગ્યને યોગ્ય આપ્યું કહેવાય.

**नवश्रोतोमलक्लिन्नकायस्नाने किमात्मनः ।**
**मनः शुद्ध्यम्बुना स्नानं, कुर्वान्तरमलच्छिदे ॥१९९॥**

નવછિદ્રોમાંથી ઝરતા, મેલથી વ્યાપ્ત શરીરના સ્નાનથી આત્માને શું ? આંતરમેલના નાશમાટે મનની શુદ્ધિરૂપ પાણીવડે સ્નાન કર !

**भैरवो रौद्रकर्माद्रिः, पातस्तस्मादधोगतौ ।**

**प्रोक्तो भैरवपातः स, निषेद्धुं केन शक्यते? ॥२००॥**

કર્મરૂપી પર્વત દુષ્ટ - ભયંકર છે, તેના ઉપરથી અધોગતિમાં પડવાનું થાય છે તે ભૈરવપાત કહેવાય છે. તેનો કોણ નિષેધ કરી શકે ?

**वियोग-विभवाभाव-व्यलीक-व्याधि-विद्विषः ।**

**पञ्चाग्नयोऽमी दुःसह्याः, साध्याः कर्मच्छिदे सदा ॥२०१॥**

વિયોગ, સંપત્તિનો અભાવ, જૂઠ, વ્યાધિ અને શત્રુઓ; દુઃખે સહન કરી શકાય એવા આ પાંચ પ્રકારના અગ્નિ કર્મના છેદ માટે સાધવા યોગ્ય છે. અર્થાત્ એને સમભાવે સહન કરી કર્મક્ષયનું કારણ બનાવવાના છે.

**क्रोधमानमायालोभ-स्मराः पञ्चान्तराग्नयः ।**

**धर्मद्रुमान् भस्मयन्तः, साध्यतां श्रेयसे बुधैः ॥२०२॥**

ધર્મવૃક્ષને બાળી નાંખનાર ક્રોધ-માન-માયા - લોભ અને કામ - આ પાંચ આંતર-અગ્નિ છે. ડાહ્યા માણસોએ આત્મકલ્યાણ માટે પાંચેને સાધવા - ઉપશાંત કરવા જોઈએ.

**पतिमृत्यौ-सुताभावे-निःस्वने यौवने गता ।**

**तपोग्निना स्वदुष्कर्म-काष्ठभक्षणमाचरेत् ॥२०३॥**

પતિના મૃત્યુબાદ, પુત્રના અભાવવાળી, નિર્ધનતાને પામેલી અને યૌવનમાં રહેલી સ્ત્રી; તપરૂપી અગ્નિવડે પોતાના દુષ્કર્મરૂપી કાષ્ઠનું ભક્ષણ કરે અર્થાત્ બાળી નાંખે એ જ તેનું સતીપણું છે.

## પુરુષોના દોષો

**नोत्तमाः पुरुषा एव, नाधमा एव योषितः ।**
**उत्तमत्वं गुणैर्दोषैरधमत्वं द्वयोः समम् ॥२०४॥**

પુરુષો બધા ઉત્તમ જ છે, સ્ત્રીઓ બધી અધમ જ છે એવું નથી. એ બંનેનું ગુણોથી ઉત્તમપણું અને દોષોથી અધમપણું સરખું જ છે.

**यतः–दमयन्तीं नलोऽत्याक्षीत्, सीतां रामो वनेऽमुचत् ।**
**नारक्षि पाण्डवैः कृष्णा, सुतारापि हरीन्दुना ॥२०५॥**

કહ્યું છે - નળરાજાએ દમયન્તીને ત્યજી દીધી, રામચન્દ્રજીએ સીતાને વનમાં મૂકી દીધી અને પાંડવોએ દ્રૌપદીનું તથા હરિશ્ચંદ્ર રાજાએ સુતારાનું રક્ષણ ન કર્યું.

**रावणोऽन्यस्त्रियं जह्रे, खाण्डवं चार्जुनोऽदहत् ।**
**महान्तोऽपि नरा एवं, दोषिणोऽन्यस्य का कथा ॥२०६॥**

રાવણે બીજાની સ્ત્રીનું હરણ કર્યું અને અર્જુને ખાંડવવનને બાળ્યું, મોટા પુરુષો પણ આ રીતે દોષિત થયાછે તો બીજાની શી વાત?

## સ્ત્રીના દોષો

**पतिमार्यवधीत्कान्तं, नयनाली यशोधरम् ।**
**प्रदेशिनं सूर्यकान्ता, चुलणी चक्रिणं सुतम् ॥२०७॥**

પતિમારિકાએ પોતાના પતિને, નયનાલીએ પતિ યશોધરને સૂર્યકાંતાએ પ્રદેશીરાજાને અને ચુલણીએ ચક્રવર્તી પુત્રને મારી નાંખ્યો.

**श्वसुरं नृपूराभिज्ञाऽभयाराज्ञी सुदर्शनम् ।**
**चिक्षेप व्यसने चैवं, योषितोऽपि सदूषणाः ॥२०८॥**

નુપૂરપંડિતાએ સસરાને અને અભયારાણીએ સુદર્શનશેઠને દુ:ખમાં નાંખ્યા - આ રીતે સ્ત્રીઓ પણ દૂષણવાળી હોય છે.

**तीरद्रुमाः प्रयच्छन्ति, फलं छिन्दन्ति चातपम् ।**
**तेभ्योऽपि निम्नगा द्रुह्येत्, सस्नेहा क्वापि न स्त्रियः ॥२०९॥**

નદીના કાંઠે ઊભેલાં વૃક્ષો ફળો આપે છે તેમ જ નદી ઉપર પડતા સૂર્યના તાપને અટકાવે છે. એ જ વૃક્ષોને નદી પૂરમાં તાણી જાય છે. આવા ઉપકારક વૃક્ષોનો દ્રોહ કરીને પોતાનું 'નિમ્નગા' નામ સાર્થક કરેછે એ જ રીતે નીચ ગામિની સ્ત્રીપણ વૃક્ષ જેવા ઉપકારી પતિનેછેહ આપે છે. સ્ત્રીઓને ક્યાંય સાચો સ્નેહ હોતો નથી.

**क्षुरी-नारी-बहुकरी-श्रीखण्डी-खटिका-शुकी ।**
**प्राप्यन्ते घृष्टपृष्ठां षट्, प्रायः परकरं गताः ॥२१०॥**

છરી, સ્ત્રી, સાવરણી, ચંદનનો ટુકડો, ચોક-ખડી, અને શુકીનામની વનસ્પતિ - આ છ વસ્તુ બીજાના હાથમાં ગયેલી પ્રાય: કરીને ઘસાયેલી પીઠવાળી બને છે.

## બીજા દોષો

**तन्नास्ति विश्वे यद्वस्तु, रक्तैः स्त्रीभ्यो न दीयते ।**
**आस्तामन्यः स्वदेहार्धं, पार्वत्यै शम्भुरप्यदात् ॥२११॥**

એવી એક વસ્તુ વિશ્વમાં નથી કે જે વસ્તુ આસક્તપુરુષો સ્ત્રીઓને ન આપતા હોય, બીજું તો દૂર રહો પણ શંકરે તો પોતાનો અર્ધો દેહ પાર્વતીને આપ્યો.

**अत्यन्तमिलितः स्त्रीभिर्नरो नारीत्वमश्नुते ।**

**लब्धं क्षिप्रचटीर्नाम, शालिभिर्दालिसङ्गतैः ॥२१२॥**

જેમ દાળ સાથે ભળેલા ચોખા 'ખીચડી' એવું નામ પામે છે, તેમ સ્ત્રીઓની સાથે અત્યન્ત ઓતપ્રોત થયેલો પુરુષ સ્ત્રીપણાને પામે છે.

## વરના ગુણ-દોષો

**वरो गुणवरो धन्या, कन्या पक्षे द्वयेऽप्ययम् ।**

**संयोगः सर्वपुण्यैः स्यात्, पुनः पुण्यविवर्धकः ॥२१३॥**

શ્રેષ્ઠ ગુણોવાળો વર અને ધન્ય એવી કન્યા-બંને ય પક્ષે ફરી પુણ્યવધારનારો આ સંયોગ સર્વપ્રકારના પુણ્યથી પ્રાપ્ત થાય છે.

**वपुर्वंशो वयो वित्तं, विद्या विधिर्विदग्धता ।**

**विवेको विनयश्चेति, वरे वरगुणा अमी ॥२१४॥**

શરીર, વંશ, ઉંમર, ધન, વિદ્યા, આચરણ, ચતુરાઈ, વિવેક અને વિનય- આ વરના શ્રેષ્ઠ ગુણો છે.

**विकलाङ्गो विलक्ष्मीको, विद्याहीनो विरूपवाक् ।**

**विरोधी व्यसनासक्तो, वधूवधकरो वरः ॥२१५॥**

અપંગ, નિર્ધન, મૂર્ખ, અસભ્યવાણીવાળો, વિરોધી, વ્યસની વર; પત્નીનો નાશ કરનાર છે.

## કન્યાના ગુણો

**कुल्या कलावती कार्य-कल्पा कथितकारिणी ।**

**कलस्वरा कम्रकथा, कन्या कान्तकुलर्द्धये ॥२१६॥**

કુલીન, કળાયુક્ત, કાર્યકરવામાં સમર્થ, કહ્યાગરી, મધુરસ્વરવાળી, સુંદર કથાવાળી કન્યા; પતિના કુલની રિદ્ધિમાટે થાય છે.

## કન્યાના દોષો

**कुलक्षणा कालमुखी, कलाहीना कलिप्रिया ।**

**कटुस्वरा कटुकथा, कन्या कान्तकुलान्तकृत् ॥२१७॥**

ખરાબલક્ષણવાળી, અમાંગલિક મુખવાળી, કલારહિત, કલહપ્રિય, કટુસ્વરવાળી, કટુવચન બોલનારી કન્યા; પતિના કુલનો નાશ કરનારી છે.

## લગ્નમાં સ્ત્રી-પુરુષના વિચારવા યોગ્ય દોષો

**यथा तडागीमहिषश्च, चाक्रिकश्च यथा वृषः ।**

**यथा निगडबद्धांह्रिः, परिणीतः पुमांस्तथा ॥२१८॥**

પરણેલા પુરુષની સ્થિતિ તળાવના પાડા જેવી, ઘાણીના બળદ જેવી અથવા તો બેડીમાં જકડાયેલા પગવાળા પુરુષ જેવી હોય છે.

**परिणीतस्त्रियो भर्तृ-तत्कुटुम्बानुवर्तनम् ।**

**गृहकर्मास्वतन्त्रत्वं, प्रसवाद्यसुखं बहु ॥२१९॥**

પતિ તથા પતિના કુટુંબને અનુસરવાનું, ઘરકામનું, અસ્વતંત્રપણાનું (પરાધીનતાનું) તેમજ પ્રસૂતિ વગેરેનું ઘણું દુઃખ પરણેલી સ્ત્રીને હોય છે.

**प्रेमकाले यदि क्वापि, चपलोऽयं मनःकपिः ।**
**न स्थिरीक्रियते तर्हि, तदीशात्मा कथं सुखी ॥२२०॥**

પ્રેમ કરવાના અવસરે ચપળ એવા મનરૂપી વાંદરાને જો ક્યાંય સ્થિર કરવામાં ન આવે, તો એ મનનો સ્વામી આત્મા સુખી કઈ રીતે થાય ?

## સ્ત્રીનાં કાર્યો

**गृहं न भित्तिस्थूणाद्यं, प्रोच्यते गृहिणी गृहम् ।**
**यतोऽस्मादेव देवार्चा-दानपुण्यशुभोत्सवाः ॥२२१॥**

ભીંત, થાંભલા વગેરે વસ્તુઓ ઘર નથી પણ ગૃહિણી ઘર કહેવાય છે. કારણ કે દેવપૂજા, દાન, પુણ્ય, અને શુભ મહોત્સવો સ્ત્રીદ્વારા જ થાય છે.

## નારીની પુરુષથી શોભા

**कल्याणकार्यधूर्यत्वं, श्रृङ्गारस्वाङ्गसत्क्रियाः ।**
**सनाथत्वं शुभा रीतिः, प्रायः स्यात् सत्प्रियात् स्त्रियः ॥२२२॥**

પ્રાયઃ કરીને સારા પતિથી સ્ત્રીઓને કલ્યાણકારી કાર્યોમાં અગ્રેસરપણું, શણગાર, અંગનો સત્કાર, સનાથપણું અને સારી રીત પ્રાપ્ત થાય છે.

## પુરુષની સ્ત્રીવડે શોભા

**चारित्री क्रियया धर्मो, दयया छायया द्रुमः ।**
**तपस्वी क्षमया गेही, रमया तमया शशी ॥२२३॥**
**कार्यं शक्त्या वाग्विलासो, युक्त्या भक्त्या विनेयकः ।**
**वेलया सागर इव, पुमान् भाति महेलया ॥२२४॥युग्मम् ॥**

જેમ ક્રિયાથી ચારિત્રી, દયાથી ધર્મ, છાયાથી વૃક્ષ, ક્ષમાથી તપસ્વી, પત્નીથી ગૃહસ્થ-નર, રાતથી ચન્દ્ર, શક્તિથી કાર્ય, યુક્તિથી વાણીવિલાસ, ભક્તિથી શિષ્ય અને ભરતીથી સાગર શોભેછે; તેમ સ્ત્રીથી પુરુષ શોભે છે.

## સ્ત્રીને પુરુષથી સફળતા

**विना विवेकं सम्पत्ति-र्विद्या च विनयं विना ।**
**विना दानगुणं कीर्तिः, पृथ्वी पृथ्वीपतिं विना ॥२२५॥**
**विना प्रतापं प्रभुता, वल्ली तरुवरं विना ।**
**विना रसं यथा वाणी, तथा नारी नरं विना ॥२२६॥**

વિવેકવિના સંપત્તિ, વિનયવિના વિદ્યા, દાનગુણ વિના કીર્તિ, રાજાવિના પૃથ્વી, પ્રભાવવિના મોટાઈ, વૃક્ષવિના વેલડી, રસવિના વાણી શોભતા નથી; તેમ નરવિના નારી પણ શોભતી નથી.

**अथान्यत्र समुत्पद्य, शालयो वप्रसंगतीः ।**
**लभन्ते फलसम्पत्तिं, तथा कन्या वराश्रिता ॥२२७॥**

જે રીતે બીજે અંકુરિત થયેલી ડાંગર ક્યારામાં પલ્લવિત થઈને ફળે છે, તેમ પતિનો આશ્રય પામેલી કન્યા ફળ પ્રાપ્ત કરે છે.

**फलन्ति कन्या सद्विद्या, प्रतिष्ठा शालयस्तथा ।**
**रसाद्भूते वरक्षेत्रे, योज्यन्ते यदि युक्तितः ॥२२८॥**

કન્યા સદ્વિદ્યા, પ્રતિષ્ઠા અને ડાંગર જો અદ્ભુત રસવાળા શ્રેષ્ઠક્ષેત્રમાં આયોજનપૂર્વક જોડવામાં આવે તો ફળદાયક બને છે.

## કાર્ય સમયે બંનેના ગુણો

**माता मातृष्वसा मातुलानी पितृष्वसा स्वसा ।**
**नात्मनीनस्तथा पुंसो, यथा जाया रुजादिषु ॥२२९॥**

પુરુષને રોગ વગેરે પ્રસંગે, પત્ની જેવી સહાયક થાય છે; તેવા માતા, માસી, મામી, ફોઈ કે બહેન વગેરે કોઈ સહાયક થતા નથી.

**श्रित्वा यथैधते वल्ली, पादपं मण्डपं वृतिम् ।**
**तथाङ्गनापि सङ्गत्य, पतिं पितरमात्मजम् ॥२३०॥**

જેમ વૃક્ષ, મંડપ અને વાડને આધારે વેલ વિસ્તરે છે; તેમ સ્ત્રી પણ પતિ, પિતા તેમજ પુત્રને પામીને વધે છે - વિકાસ પામે છે.

**यथा पृथिव्याः सूर्येन्दु-दीपा दीप्तिकरा क्रमात् ।**
**काले निजनिजे नार्या, भर्तृभ्रातृसुतास्तथा ॥२३१॥**

જેમ પૃથ્વીને સૂર્ય-ચંદ્ર અને દીપક ક્રમે કરીને પ્રકાશ કરનારા છે; તેમ યોગ્ય સમયે સ્ત્રીને પતિ, ભાઈ તેમજ પુત્ર પ્રસિદ્ધિમાં લાવે છે.

## પુણ્યનો વિલાસ

**सर्वे तीर्थङ्कराः सिद्धि-श्रीवरा विश्वशङ्कराः ।**
**वरवध्वोरिवाशीरन्, सुखसन्तानसम्पदः ॥२३२॥**

વિશ્વને સુખી કરનારા, સિદ્ધિરૂપ સંપત્તિના સ્વામી સર્વ તીર્થંકરભગવંતો; વરવહુના દ્રષ્ટાંતથી સુખની શ્રેણીવાળી સંપત્તિના આશીર્વાદ આપો. (સુખ છે મુક્તિનું, વર છે કેવલજ્ઞાન

પામનારો આત્મા, વહુ છે મુક્તિસુંદરી. સંસારમાં ચઢીયાતું સુખ દામ્પત્યનું હોવાથી એના દ્રષ્ટાંતથી ઘટના કરી છે.)

**सुकुलं रूपमारोग्यं, सम्पदात्मेष्टसङ्गमः ।**

**येनादायि स वो देयात्, श्रीधर्मः पुनरीप्सितम् ॥२३३॥**

સારું કુળ, રૂપ, આરોગ્ય, સંપત્તિ અને ઈચ્છિતની પ્રાપ્તિ જે ધર્મે કરાવી છે; તે જ ધર્મ ફરીથી ઈચ્છિતને આપો.

**श्रियो न्यायोर्जिता भार्या, शीलवर्या सुहृद् गुणी ।**

**सुता भक्ता वपुर्नीरुक्, पुण्यात्पञ्च भवन्त्यमी ॥२३४॥**

ન્યાયથી મેળવેલી લક્ષ્મી, શીલથી ઉત્તમ સ્ત્રી, ગુણવાન મિત્ર, ભક્તિવંત પુત્રો અને નિરોગી શરીર - આ પાંચ વસ્તુઓ પુણ્યથી પ્રાપ્ત થાય છે.

## पुत्र

**अत्येति वन्ध्यता पित्रोः, परितुष्यन्ति बान्धवाः ।**

**त्यजति क्षामतां वंशो, येनापत्यं समुच्यते ॥२३५॥**

अ જેથી પિતાનું વાંઝીયાપણું ટળે છે. प સ્વજનો સંતોષ પામે છે અને त्य વંશ કૃશતાનો ત્યાગ કરેછે; તેથી પુત્રને **'અપત્ય'** કહેવાય છે.

**सपुत्रा याति निःस्वापि, शीर्षारुढा गृहान्तरे ।**

**तामपुत्रां जनो द्वारि, स्थितामाक्रामति क्रमैः ॥२३६॥**

નિર્ધન એવી પણ પુત્રવાળી સ્ત્રી ઘરમાં શિરોધાર્ય બને છે જ્યારે પુત્ર વિનાની ઘરના દરવાજાપાસે રહેલી સ્ત્રીને માણસ પગથી લાત મારે છે.

**यथा तरुवरो मूलै-र्यथा पाल्या सरोजलम् ।**
**यथा चावसथं स्तम्भैस्तथा पुत्रैः कुलं स्थिरम् ॥२३७॥**

જેમ મૂળથી વૃક્ષ, પાળથી સરોવરનું પાણી અને થાંભલાવડે ઘર ટકે છે; તેમ પુત્રવડે કુલની પરંપરા ટકે છે.

**भाग्यवान् यदि पुत्रः स्यात्, किं तत्सञ्चीयते धनम् ।**
**निर्भाग्यो यदि पुत्रः स्यात्, किं तत्सञ्चीयते धनम् ॥२३८॥**

જો ભાગ્યવાન પુત્ર છે તો ધન શામાટે ભેગું કરાય છે? અને જો પુત્ર ભાગ્યહીન છે તો પણ ધન શામાટે ભેગું કરાયછે? કારણ પુત્ર જો ભાગ્યવાન હશે તો તેના પુણ્યથી તેને ધન મળવાનું જ છે અને પુત્ર ભાગ્યહીન હશે તો તમે ભેગું કરીને આપેલું ધન પણ તેની પાસે નહીં રહી શકે.

**फलैः शाखी जलैर्मेघो, जयैर्योद्धो नयैर्नृपः ।**
**छात्रैरध्यापकः पुत्रै-र्गृहस्थो भाति सान्वयः ॥२३९॥**

જેમ ફળથી વૃક્ષ, જળથી મેઘ, વિજયથી લડવૈયો, નીતિથી રાજા, વિદ્યાર્થીઓથી શિક્ષક શોભે છે; તેમ પુત્રોવડે વંશ પરંપરાવાળો ગૃહસ્થ શોભે છે.

**मलयश्चन्दनैर्विन्ध्यो, गजै रत्नैश्च रोहणः ।**
**तेजोभिस्तपनो गेही, सुतैर्भाति गुणान्वितैः ॥२४०॥**

જેમ ચંદનવડે મલયાચલ, હાથીઓથી વિંધ્યાચલ, રત્નોથી રોહણાચલ અને તેજથી સૂર્ય શોભે છે; તેમ ગુણવાન પુત્રોથી ગૃહસ્થ શોભે છે.

## શાસ્ત્ર

**लोचनागोचरानर्था-ञ्चर्मचक्षुर्न हीक्षते ।**

**विना शास्त्रदृशं तेना-धीते शास्त्रं सुधिषण: ॥२४१॥**

અતીન્દ્રિય પદાર્થોને ચામડાની આંખ જોઈ શક્તી નથી. એ પદાર્થો શાસ્ત્રદષ્ટિવિના જોઈ શકાતા નથી. તેથી જ બુદ્ધિમાન પુરુષો શાસ્ત્રનું અધ્યયન કરે છે.

**प्रज्ञा नौर्विनयं कूपं, श्रद्धासितपटं श्रिता ।**

**शास्त्रसागरमुत्तीर्य, नरं तत्त्वपुरं नयेत् ॥२४२॥**

વિનયરૂપી કૂપસ્થંભથી (કુવાથી) અને શ્રદ્ધારૂપી શ્વેતપટથી યુક્ત બુદ્ધિરૂપી નાવ પુરુષને શાસ્ત્રસાગરથી પાર ઉતારીને તત્ત્વનગર તરફ લઈ જાય છે.

**कस्तुरीमलयो रत्नो-पलयो: पश्यदन्धयो: ।**

**जीवत्कबन्धयोर्ज्ञेय-मन्तरं दक्षमूर्खयो: ॥२४३॥**

જેમ કસ્તુરી અને મેલનું, રત્ન અને પત્થરનું, દેખતા અને આંધળાનું, જીવતા અને મરેલાનું અંતર છે; તેમ ડાહ્યા અને મૂર્ખા વચ્ચે અંતર છે એમ જાણવું.

**अज्ञानध्वान्तसूराय, दुष्कृतामलजाह्नवे ।**

**तत्त्वसेवधिकल्पाय, शास्त्राय स्पृहयेन्न क: ॥२४४॥**

અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવા સૂર્યસમાન, દુષ્કૃતરૂપી મળનો નાશ કરવા માટે ગંગા નદીસમાન અને તત્ત્વના ખજાનારૂપ શાસ્ત્રને કોણ ન ઈચ્છે

## લજ્જા

**लज्जया दूषणत्यागो, लज्जया गुणसङ्ग्रहः ।**

**लज्जयारब्धनिर्वाहः, सर्वं सिद्ध्यति लज्जया ॥२४५॥**

લજ્જાથી દૂષણનો ત્યાગ થાય છે. લજ્જાથી ગુણનો સંગ્રહ થાય છે. લજ્જાથી આરંભેલા કાર્યની પૂર્ણાહુતિ થાય છે. લજ્જાથી બધું જ સિદ્ધ થાય છે.

**लज्जया क्रियते धर्मः, पापान्मुच्यते लज्जया ।**

**पूज्यन्ते लज्जया मातृ-पितृदेवगुरूत्तमाः ॥२४६॥**

લજ્જાથી ધર્મ કરાય છે. લજ્જાવડે પાપથી છુટાય છે, લજ્જાથી માતા, પિતા, દેવ, ગુરુ આદિ ઉત્તમ પુરુષો પૂજાય છે.

**विवेक-विनय-न्याय-सत्य-शील-कुलक्रमाः ।**

**लज्जया प्रतिपाल्यन्ते, जनन्येव निजाङ्गजाः ॥२४७॥**

માતાવડે જેમ પુત્રોનું પાલન થાય છે; તેમ લજ્જાથી વિવેક, વિનય, ન્યાય, સત્ય, શીલ અને કુલના આચારોનું પાલન-રક્ષણ થાય છે.

**जायते दौर्जनी पीडा, सर्वः स्वार्थो विनश्यति ।**

**ह्रानिमायाति माहात्म्य-मस्थाने लज्जया नृणाम् ॥२४८॥**

અસ્થાને લજ્જા રાખવાથી માણસોને દુર્જનની પીડા થાય છે, બધોય સ્વાર્થ નાશ પામે છે તેમજ મોટાઈ ઓછી થાય છે.

**पुंसामसमये लज्जा, धर्मकामार्थहानये ।**

**प्रस्तावे सेविता सा तु, भवेत्सर्वार्थसिद्धये ॥२४९॥**

અનવસરે રાખેલી લજ્જા; પુરુષોને ધર્મ, કામ અને અર્થની હાનિમાટે થાય છે અને અવસરોચિત લજ્જા સર્વ કાર્યોની સિદ્ધિ-માટે થાય છે.

## અવસર

**यथा स्वकाले सफला, शीततापाम्बुमारुताः ।**
**वेलायां निर्मितः श्रीमान्, धर्मोऽयं सफलस्तथा ॥२५०॥**

જેમ પોતાના સમયે શીત-તાપ-પાણી અને પવન સફળ થાય છે; તેમ અવસરે કરેલો શ્રીધર્મ ફળદાયક બનેછે.

**मज्जनं भोजनं यानं, स्थानं शयनमासनम् ।**
**जल्पनं मौनमादानं, दानं कालोचितं मतम् ॥२५१॥**

ન્હાવું, ખાવું, જવું, રહેવું, સુવું, બેસવું, બોલવું, મૌન રાખવું, લેવું અને આપવું આદિ કાળને ઉચિત હોય તે યોગ્ય ગણાય.

**पठनं गुणनं स्वामि-सेवनं द्रविणार्जनम् ।**
**कर्षणं वर्षणं क्रीडा, व्रीडा स्यात्समये श्रिये ॥२५२॥**

ભણવું, ગણવું, સ્વામીની સેવા કરવી, ધન કમાવું, ખેડવું, વરસવું, રમત અને લજ્જા વગેરે સમયાનુસાર કરેલું લાભમાટે થાય છે.

**बभारावसरं ज्ञात्वा, विश्वरूपोऽपि केशवः ।**
**मात्स्यं रूपमतो धीमान्, समयोचितमाचरेत् ॥२५३॥**

વિવિધ રૂપવાળા હોવા છતાં કૃષ્ણે યોગ્ય સમય જાણીને મત્સ્યના રૂપને ધારણ કર્યું, તેમ બુદ્ધિશાળીએ સમયને ઉચિત આચરણ કરવું જોઈએ.

# સ્નેહ

**प्रसन्नवदनं स्मेर-नेत्रे सम्भ्रमदर्शनम् ।**
**वार्ताभिलषिता रक्त-चित्तचिह्नचतुष्टयम् ।।२५४।।**

પ્રસન્નમુખ, વિકસ્વરનેત્રો, સંભ્રમનું દર્શન, વાર્તાલાપની ઈચ્છા - આ સ્નેહયુક્ત ચિત્તના ચિહ્નો છે.

(મૂળ હસ્તલિખિતપ્રતમાં ૨૫૫ થી ૨૫૭ શ્લોકો ઉપલબ્ધ થયા નથી.)

**शुदिचन्द्र इव स्नेहः, प्रत्यहं वर्धते सताम् ।**
**वदिचन्द्र इवान्येषां, हानिं याति दिने दिने ।।२५८।।**

શુક્લપક્ષના ચન્દ્રની જેમ સજ્જનપુરુષોનો સ્નેહ હંમેશા વધતો જાય છે. કૃષ્ણપક્ષના ચન્દ્રની જેમ દુર્જનપુરુષોનો સ્નેહ દિવસે દિવસે ઘટતો જાય છે.

**राकाचन्द्राष्टमीचन्द्र-द्वितीयाचन्द्रवत् क्रमात् ।**
**स्त्रीपुंसोः प्रेमः संपूर्ण-मध्यमस्वल्पपुण्ययोः ।।२५९।।**

સંપૂર્ણ, મધ્યમ અને અલ્પ પુણ્યવાળા સ્ત્રીપુરુષોનો સ્નેહ; અનુક્રમે પુનમ, આઠમ અને બીજના ચન્દ્ર જેવો હોય છે.

**चन्द्रः सतन्द्रः सूरोऽपि, दूरो भवति यत्प्रति ।**
**तत्प्रदीपस्तमो हन्ति, पात्रस्नेहदशोज्ज्वलः ।।२६०।।**

શાંત પ્રકાશવાળો ચન્દ્ર અને દૂર રહેલો પણ સૂર્ય, જે અંધકાર દૂર નથી કરી શકતો તે અંધકારને, ઉત્તમપાત્ર, તેલ તેમજ દીવેટથી ઉજ્જ્વલ એવો પ્રદીપ દૂર કરી શકે છે.

**स्वार्थस्नेहापि सा माता, भ्राता जाया सुतः सुहृत् ।**

**वैधुर्ये विघटन्तेऽमी, धर्मो बन्धुरयं ध्रुवः ॥२६१॥**

સ્વાર્થયુક્ત માતા, ભાઈ, પત્ની, પુત્ર, મિત્ર વગેરે સ્નેહીઓ દુ:ખના સમયમાં દૂર થાય છે, કોઈ સહાયક બનતા નથી એવા સમયે એકમાત્ર ધર્મ જ સદા સહાયક બંધુ જેવો છે.

## ઉપકાર

**परोपकारः कर्तव्यो, धनेन वचनेन वा ।**

**शक्त्या युक्त्याथवा यस्मात्, कृत्यं नातः परं सताम् ॥२६२॥**

ધનથી, વચનથી, શક્તિથી અથવા યુક્તિથી પરોપકાર કરવો જોઈએ. કારણ કે સજ્જનપુરુષોનું પરોપકાર સિવાય બીજું કોઈ શ્રેષ્ઠ કાર્ય નથી.

**तैलक्षेपो यथा दीपे, जलसेको यथा द्रुमे ।**

**उपकारस्तथान्यस्मिन्, स्वोपकाराय कल्पते ॥२६३॥**

દીવામાં તેલ પૂરવાની જેમ અને વૃક્ષને પાણી સિંચવાની જેમ; બીજા ઉપર કરેલો ઉપકાર પોતાના ઉપકાર-લાભમાટે થાય છે.

**यथेन्दोः कौमुदी भानोः, प्रभा जलमुचो जलम् ।**

**महतामिह सम्पत्तिः, परोपकृतये तथा ॥२६४॥**

જેમ ચન્દ્રની ચાંદની, સૂર્યની પ્રભા અને મેઘનું પાણી બીજાના ઉપકારને માટે હોય છે; તેમ મહાનપુરુષોની સંપત્તિ પરોપકાર માટે થાય છે.

**शत्रुभिर्विग्रही मित्र-संग्रही खलनिग्रही ।**

**सज्जनानुग्रही न्याय-ग्रही पञ्चग्रही महान् ॥२६५॥**

શત્રુઓ સાથે યુદ્ધ કરનાર, મિત્રને સારીરીતે ગ્રહણ કરનાર, દુર્જનોને શિક્ષા કરનાર, સજ્જનો ઉપર ઉપકાર કરનાર અને ન્યાયનો આગ્રહ રાખનાર આ પાંચનું ગ્રહણ કરનાર જગતમાં મહાન કહેવાય છે.

**महान् कस्यापि नो वक्ति, स्वगुणं परदूषणम् ।**

**स्वमहिम्नैव सर्वत्र, मान्यते रत्नवत् पुनः ॥२६६॥**

મહાનપુરુષો કોઈને ય પોતાના ગુણો કે બીજાના દોષો કહેતા નથી પણ રત્નની જેમ તેઓ પોતાના પ્રભાવથી જ બધે માન સન્માન પામે છે.

**यः सम्पद्यपि नोन्मादी, न विषादी विपद्यपि ।**

**परात्मसमसंवादी, स महान्मानवो मतः ॥२६७॥**

જે સંપત્તિમાં ઉન્માદી બનતો નથી, વિપત્તિમાં વિષાદવાળો બનતો નથી અને જે સ્વ-પરપ્રત્યે સમાન ભાવ રાખે છે તે મહાન-સજ્જનપુરુષ કહેવાય છે.

**दुर्जनोदीरितैर्दोषै-र्गुणैर्मार्गणवर्णितैः ।**

**असतीदर्शितस्नेहैः, समानं महतां मनः ॥२६८॥**

દુર્જનોએ ઉપજાવી કાઢેલા દોષો પ્રત્યે, યાચકોએ વર્ણવેલા ગુણો પ્રત્યે અને કુશીલસ્ત્રીઓએ બતાવેલ સ્નેહપ્રત્યે મહાનપુરુષો સમદૃષ્ટિવાળા હોય છે.

**सद्वृत्तिशशिनं पुण्य-श्रियं चारुवचः सुधाम् ।**
**सत्त्वकामगवीं सूते, सज्जनोऽयं महोदधिः ॥२६९॥**

સજ્જનરૂપી આ મહાસમુદ્ર; સારા વર્તનરૂપી ચન્દ્રને, પુણ્યરૂપી લક્ષ્મીને, સુંદર વચનરૂપી અમૃતને અને સત્ત્વરૂપી કામધેનુને જન્મ આપે છે.

**सर्वसाधारणः साधु-र्मधु-मेघार्कचन्द्रवत् ।**
**स्वयं विधत्ते सर्वेषां, दोषोच्छेदं गुणोन्नतिम् ॥२७०॥**

વસંતઋતુ, મેઘ, સૂર્ય અને ચન્દ્રની જેમ સર્વપ્રત્યે સમાન દૃષ્ટિવાળા સજ્જનો સહુના દોષોનો નાશ અને ગુણોની ઉન્નતિ કરે છે.

**उपकारः प्रियं वाक्यं, सम्यग्स्नेहो गुणाग्रहः ।**
**भवद्वयहिताचारः, पञ्च सज्जानि सज्जनैः ॥२७१॥**

ઉપકાર કરવો, પ્રિયવચન બોલવું, સાચો સ્નેહ આપવો, ગુણનો આગ્રહ રાખવો અને આલોક પરલોકમાં હિતકારી આચરણ કરવું - આ પાંચ વસ્તુઓ સજ્જનોવડે સજ્જ કરાયેલી હોય છે.

**दोषं परेषां भाषन्ते, साधवो नाधमा इव ।**
**किरत्यवकरं क्वापि, किं हंसाः कुर्कुटा इव ? ॥२७२॥**

અધમ માણસોની જેમ સજ્જનો બીજાઓના દોષ બોલતા નથી, શું કુકડાની જેમ હંસો ક્યાંય ઉકરડો ફેંદે છે ખરા ?

**विबुधेष्टो भवाम्भोधौ, साधुरेकः सुधायते ।**
**उग्रतेजो गलग्राही, खलो ह्मलाहलायते ॥२७३॥**

વિદ્વાનોને ઈષ્ટ એક સજ્જન જ ભવસમુદ્રમાં અમૃત જેવો છે. ઉગ્રપ્રકૃતિવાળો, ગળું પકડનારો દુર્જન ઝેર જેવો છે.

## કલિકાલમાં સજ્જનની દુર્લભતા

**कलौ कर्णेजपैः पूर्णे, शिष्टः कोऽपि न विष्टपे ।**
**किं ग्रीष्मे काकसंकीर्णे, कासारे स्यात्सितच्छदः ?॥२७४॥**

દુર્જનોથી ભરેલા આ કલિકાલમાં વિશ્વમાં પ્રાયઃ કોઈ સજ્જન દેખાતો નથી. ઉનાળામાં કાગડાઓથી ભરેલા તળાવમાં શું હંસ હોઈ શકે ખરો?

**कुले कुले खलाः सन्ति, बहुला न हि सज्जनाः ।**
**वने वने परे लक्षाः, परे वृक्षा न चन्दनाः ॥२७५॥**

ખરેખર! દરેક કુલમાં દુર્જનો ઘણા છે, પ્રાયઃ કોઈ સજ્જનો દેખાતા નથી. દરેક વનમાં બીજા વૃક્ષો જ લાખ્ખો હોય છે ચંદનના વૃક્ષો નહીં.

**दृश्यन्ते कोटिशो विश्वे, दुर्जना दोषपोषिणः ।**
**नैकोऽपि सज्जनः कोऽपि, गुणग्रहणसज्जवाक् ॥२७६॥**

વિશ્વમાં દોષને પોષનારા કરોડો દુર્જનો દેખાય છે પણ ગુણગ્રહણ કરવામાં તત્પર વાણીવાળો કોઈ એક સજ્જન પણ દેખાતો નથી.

## દુર્જન

**सर्वदोषाश्रया दुष्ट-हृदया विश्वविप्रियाः ।**
**जल्पन्तोऽपि खला दुःख-मुलूका इव कुर्वते ॥२७७॥**

સર્વદોષોના આશ્રયરૂપ, દુષ્ટહૃદયવાળા, વિશ્વને અપ્રિય એવા દુર્જનો; બોલે તો પણ ઘુવડોની જેમ દુઃખ ઉપજાવે છે.

**अपवित्रमुखा विश्व–कुत्सिता चरणोन्मुखाः ।**
**पृष्टौ दृष्टौ खलाः सर्वं, भषन्ति भषणा इव ॥२७८॥**

અપવિત્ર મુખવાળા, વિશ્વથી નિંદાયેલા, સદાચારથી વિમુખ, દુર્જનો આગળપાછળ કૂતરાની જેમ બધાને ભસે છે.

**त्यक्त्वा सद्‌गुणवस्तुनि, किलानार्यैर्विकीर्यते ।**
**परापवादावकरो, निःशूकैरिव शूकरैः ॥२७९॥**

નિર્દય ભૂંડની જેમ સદ્‌ગુણોને છોડી, દુર્જનો બીજાના દોષરૂપી ઉકરડાને ફેંદે છે.

**चित्ते दुष्टा मुखे मिष्टा, स्वदोषे परदूषकाः ।**
**प्रविश्यान्तर्जनं घ्नन्ति, विषमिश्रगुला खलाः ॥२८०॥**

મનમાં દુષ્ટભાવવાળા, મોઢે મીઠું બોલનારા, પોતાના દોષોને બીજા ઉપર ઢોળનારા દુર્જનો, વિષમિશ્રિત થોરની જેમ અંદર પેસીને માણસને હણી નાંખે છે.

**पुरीषं भषणः पङ्कं, मण्डुका भस्म रासभाः ।**
**परदोषान् खलः प्रायः, स्वभावात् परिचिन्वते ॥२८१॥**

પ્રાયઃ કરીને સ્વભાવદોષથી કૂતરો વિષ્ટાને, દેડકો કાદવને, ગધેડો રાખને અને દુર્જન બીજાના દોષોને ગ્રહણ કરે છે.

**चौराश्चौरं च दुःशीला, दुःशीलं साधु साधवः ।**
**ये यादृशा भवेयुस्ते, तादृशं मन्वते जगत् ॥२८२॥**

જેઓ ચોર હોય તે જગતને ચોર, દુરાચારી હોય તે જગતને દુરાચારી (કુશીલ) અને સજ્જનો હોય તે જગતને સારું માને છે. જે જેવા હોય તે જગતને તેવું માને છે.

**का सङ्ख्याकाशतारासु, का सङ्ख्या वार्ध्दिवीचिषु ।**
**का सङ्ख्या घनधारासु, का सङ्ख्या दुर्जनोक्तिषु ?॥२८३॥**

આકાશના તારાઓની સંખ્યા કેટલી ? સમુદ્રના મોજાઓની સંખ્યા કેટલી ? વાદળોમાંથી વરસતી જળધારાની સંખ્યા કેટલી? અને દુર્જનોનાં વચનોની સંખ્યા કેટલી ? અર્થાત્ એની ગણતરી થઈ શકે એમ નથી.

**उलूकः शुकतां काको, हंसतां रासभोऽश्वताम् ।**
**महिषो हस्तितां नीचः, साधुतां नाञ्चति क्वचित् ॥२८४॥**

ઘુવડ પોપટપણાને, કાગડો હંસપણાને, ગધેડો ઘોડાપણાને, પાડો હાથીપણાને અને દુર્જન સજ્જનપણાને ક્યારેય પામી શક્તો નથી.

## શોભા

**सैव लक्ष्मीवतां लक्ष्मीः, कला सैव कलावताम् ।**
**विद्या विद्यावतां सैव, जीयते दुर्जनो यया ॥२८५॥**

લક્ષ્મીવંતોની તે જ લક્ષ્મી લક્ષ્મી છે, કલાવાન આત્માઓની તે જ કલા કલા છે અને વિદ્યાવાન આત્માઓની તે જ વિદ્યા વિદ્યા છે; કે જેનાવડે દુર્જનને જીતી શકાય.

**इदं पुण्यवतां पुण्यं, प्रतापोऽयं प्रतापिनाम् ।**
**मनीषिणां मनीषेयं, खण्ड्यते यत्खलाननम् ॥२८६॥**

પુણ્યવંતોનું તે જ પુણ્ય પુણ્ય છે, પ્રતાપી પુરુષોનો તે જ પ્રતાપ પ્રતાપછે, બુદ્ધિશાળી આત્માઓની તે જ બુદ્ધિ બુદ્ધિ છે કે જેનાવડે દુર્જનનું મુખ ખંડિત કરાય છે.

**खलजिह्वा त्वहेर्दंष्ट्रा, वृश्चिकस्य च कण्टकम् ।**

**युक्तिः शक्तिमतां विश्व-प्रीत्यै नैतदितीक्ष्यताम् ॥२८७॥**

દુર્જનની જીભ, સર્પની દાઢા, વીંછીનો ડંખ અને શક્તિશાળીઓની યુક્તિ (શક્તિ) વિશ્વની પ્રીતિમાટે થતાં નથી.

## જારપુત્ર

**जानाति विप्रियं वक्तुं, रमते निन्द्यकर्मसु ।**

**जहाति साधुसङ्गं यः, प्राज्ञैः प्रोक्तः स जारजः ॥२८८॥**

જે કડવું બોલવાનું જાણે છે, ખરાબ કાર્યમાં રાચે છે અને સાધુ-સજ્જનોની સંગતિને છોડે છે તેને બુદ્ધિશાળીઓએ જારપુરુષ કહ્યો છે.

**परदोषमविज्ञातं, विज्ञातं चाश्रुतं श्रुतम् ।**

**अदृष्टं दृष्टमाख्याति, जारजातो जनः स्फुटम् ॥२८९॥**

જારથી ઉત્પન્ન થયેલો માણસ બીજાના નહીં જાણેલા દોષને હું જાણું છું, નહીં સાંભળેલા દોષને મેં સાંભળ્યો છે, નહીં જોયેલા દોષને મેં જોયો છે - એમ કહે છે.

**कल्पनात्परदोषस्य, परदोषस्य जल्पनात् ।**

**स्थापनात्परदोषस्य, परजातः परीक्ष्यताम् ॥२९०॥**

બીજામાં દોષની કલ્પનાથી, બીજાના દોષને બોલવાથી, બીજા ઉપર દોષનો આરોપ કરવાથી; જારપુરુષની પરીક્ષા થાય છે. અર્થાત્ એ જારપુરુષ છે એમ સાબિત થાય છે.

**पितृ-मातृ-गुरु-स्वामि-द्रोहिविश्वासघातकृत् ।**
**कृतघ्नो धर्मविघ्नो यः, सोऽन्यजन्मपुमान्मतः ॥२११॥**

પિતા, માતા, ગુરુ, સ્વામીનો દ્રોહ કરનારો, વિશ્વાસઘાત કરનારો, બીજાના ઉપકારોને ભૂલી જનારો અને ધર્મમા અંતરાય કરનારો જારપુરુષ મનાય છે.

**दोषवादी गुणाच्छदी, पूज्यपूजाविपर्ययी ।**
**निर्लज्जोऽकार्यसज्जः स्यात्, परजायाप्रियात्मजः ॥२१२॥**

બીજાના દોષને બોલનારો, ગુણોને ઢાંકનારો, પૂજ્યની પૂજાનો વિરોધ કરનારો, નિર્લજ્જ અને અકાર્ય કરવામાં તત્પર એવો જારપુત્ર હોય છે. અર્થાત્ તે પરપુરુષથી જન્મેલો કહેવાય.

## કલિયુગ

**अन्यायी १ पिशुनः २ पापी ३, बहुव्यापास्त्रयः कलौ ।**
**खद्योत १ चर्मचटिका २ घुका ३ इव तमोभरे ॥२१३॥**

જેમ અંધારામાં ખજવા, ચામાચીડીયાં અને ઘુવડ ઘણા હોય છે, તેમ કલિકાલમાં અન્યાયી, ચાડી-ચુગલી કરનારા અને પાપી- આ ત્રણ વિપુલ પ્રમાણમાં હોય છે.

**जितेन्द्रियो १ गुणग्राही २, परकार्यप्रियः ३ कलौ ।**
**त्रयोऽमी क्वापि नाप्यन्ते, सिंहपीयूषहंसवत् ॥२१४॥**

કલિયુગમાં સિંહ જેવા જિતેન્દ્રિય, હંસ જેવા ગુણગ્રાહી અને અમૃત જેવા માત્ર પરોપકારી (અમૃત પીનાર અમર થાય છે પણ અમૃતને કાંઈ લાભ થતો નથી) પુરુષો ક્યાંય જોવા મળતા નથી.

**मंत्र-यंत्रौ-षधि-विद्या-मणीनां महिमाल्पकः ।**

**जने हीनायुरज्ञानं, नीचमानं कलौ युगे ॥२९५॥**

કલિયુગમાં મંત્ર, યંત્ર, ઔષધિ, વિદ્યા અને મણિઓનો પ્રભાવ અલ્પ જોવા મળે છે તેમજ આયુષ્ય અલ્પ, અજ્ઞાન અને નીચપુરુષોનું સન્માન થતું દેખાય છે.

**स्वके वैरं परे प्रीति-र्निःस्वता मतिमन्दता ।**

**सत्त्वाभावोऽभिमानित्वं, कलौ लोकेषु वीक्ष्यते ॥२९६॥**

કલિયુગના લોકોમાં, સ્વજનોમાં વૈર, પારકા ઉપર પ્રેમ, નિર્ધનતા, મતિની મંદતા, સત્ત્વનો અભાવ અને અભિમાનીપણું દેખાય છે.

**वाणिज्या विफलाः सन्तो, विरलाः बहुलाः खलाः ।**

**मेघा मंदफला भूमि-पाला लोभाकुलाः कलौ ॥२९७॥**

કલિકાલમાં વેપાર કમાણી (ફલ) રહિત, સજ્જનો ઓછા, દુર્જનો ઘણા, વાદળો અલ્પ ફળવાળાં અને રાજાઓ લોભી હોય છે.

**यतयः क्षत्रियाः षण्डो मेषा निःस्वामिका अमी ।**

**क्षिपन्ति दुःखिताः कालं, कलिकालप्रभावतः ॥२९८॥**

કલિકાલના પ્રભાવથી સ્વામી વગરના સાધુઓ, ક્ષત્રિયો, સાંઢ અને બકરાં; દુઃખમાં કાળ પસાર કરે છે.

**बाह्यं तपोऽभूदल्पिष्ठं, नष्टं चाभ्यन्तरं तपः ।**
**कलिप्रसङ्गो निःसङ्गेष्वपि के सङ्गिनोऽङ्गिनः ॥२९९॥**

કલિકાલમાં બાહ્યતપ ઘટી ગયો છે, અભ્યંતરતપ નાશ પામ્યો છે, સંગરહિત સાધુઓમાં પણ કલહ કંકાસ વધ્યો છે; તો પછી સંગવાળા પ્રાણીઓની શું વાત કરવી ? અર્થાત્ ગૃહસ્થોમાં બાહ્યતપની અલ્પતા, અભ્યંતરતપનો નાશ અને કલહ હોય એમાં શી નવાઈ ?

**गुर्वाज्ञाकारिता विद्या, क्रिया लज्जा धृतिः क्षमा ।**
**लक्ष्मीरिव कुभूपालः, साधुभ्योऽप्यहरत्कलिः ॥३००॥**

કલિકાલમાં કુરાજાઓએ જેમ લોકો પાસેથી લક્ષ્મીનું હરણ કર્યું છે અર્થાત્ લૂંટી લીધી છે, તેમ કલિકાલે સાધુઓ પાસેથી ગુર્વાજ્ઞાપાલન, વિદ્યા-જ્ઞાન, ક્રિયા, લજ્જા, ધૈર્ય અને ક્ષમાને ચોરી લીધાં છે.

**नास्ति कश्चित्प्रभावज्ञः, सत्यधर्मस्य सन्मतिः ।**
**नास्तिकश्चित्प्रभावज्ञः, कलौ लोकोऽस्ति दुर्मतिः ॥३०१॥**

કલિકાલમાં ધર્મના પ્રભાવને જાણનાર સદ્બુદ્ધિવાળો કોઈ માણસ દેખાતો નથી. કલિયુગમાં લોકો નાસ્તિક, આત્મજ્યોતિની અવજ્ઞા કરનારા તથા દુષ્ટમતિવાળા છે.

## ભાગ્ય

**बान्धवा हि रिपूयन्ते, दोषायन्ते गुणा अपि ।**
**विषायतेऽपि पीयूषं, विपरीते विधौ विशाम् ॥३०२॥**

ભાગ્ય વિપરીત હોય ત્યારે, પ્રાણીઓને સ્વજનો શત્રુ બને છે, ગુણો દોષરૂપ બને છે અને અમૃત ઝેરરૂપે પરિણમે છે.

**स्वकीयाः परकीयन्ति, न्यायोऽप्यन्यायतां श्रयेत् ।**
**सत्कारोऽपि तिरस्कारो, भवेदशुभदैवतः ॥३०३॥**

અશુભભાગ્યથી સ્વજનો, પરજન બની જાયછે, ન્યાય પણ અન્યાયરૂપ થાય છે અને સત્કાર પણ તિરસ્કારરૂપ બની જાય છે.

**पिशाचसङ्गी दिग्वासः, क्लीबः प्रेतवनप्रियः ।**
**विषादी स महेशोऽपि, विधौ वक्रे किलाभवत् ॥३०४॥**

વિધિની વક્રતાના યોગે શંકર જેવા શંકર પણ ભૂતનો સંગ કરનારા, દિગંબર, ગરીબ, સ્મશાનપ્રિય અને વિષનું ભક્ષણ કરનારા થયા.

**तेजोवानपि निस्तेजाः, कलावानपि निष्कलः ।**
**दुर्दिने जायते प्रायः, पुष्पदन्तौ निदर्शनम् ॥३०५॥**

જેમ દુર્દિન - ધુંધળો દિવસ હોય ત્યારે તેજસ્વી સૂર્ય પણ નિસ્તેજ બને છે, કળાયુક્ત ચન્દ્ર પણ કળા વિહીન લાગે છે; તેમ ખરાબ દિવસો હોય છે ત્યારે તેજસ્વી માણસ પણ નિસ્તેજ બને છે, કળાકુશળ હોય તો પણ કળારહિત બને છે.

**अन्यायोऽपि जयाय स्यात्, सानुकूले विधातरि ।**
**अत्रोदाहरणं मन्त्रान्धकुब्जौ सजतस्करौ ॥३०६॥**

ભાગ્ય અનુકૂળ હોય છે ત્યારે અન્યાય પણ ન્યાય (જય) માટે થાય છે. અહીં મંત્રથી અંધ બનેલા રાજાનું અને કુબડા બનેલા ચોરનું ઉદાહરણ જાણવું.

**दत्ते पुण्यवते दैवो, नैवोत्पत्तिं कदापि ताम् ।**

**यत्र स्वाभिमतापूर्तिः, शत्रुस्फूर्तिश्च वीक्षते ॥३०७॥**

જ્યાં પોતાની ઈચ્છા પૂર્ણ ન થાય અને જ્યાં શત્રુની ઉન્નતિ હોય ત્યાં પુણ્યવાન પુરુષને, ભાગ્ય કદી જન્મ આપતું નથી.

## મોટાઓને અકાર્ય ન કરવા શિખામણ

**प्रसिद्धिरात्मशुद्धिर्वा, नायतौ येन जायते ।**

**कार्यं न कार्यमार्येण, तत्कदापि कदाग्रहात् ॥३०८॥**

જે કાર્ય કરવાથી ભવિષ્યમાં પ્રસિદ્ધિ કે આત્મશુદ્ધિ થવાની ન હોય તેવું કાર્ય આર્યપુરુષે ક્યારે પણ કદાગ્રહથી કરવું ન જોઈએ.

**मंदारदाम्नि दौर्गन्ध्यं, क्षारत्वं क्षीरसागरे ।**

**काञ्चने कालिमा शिष्टे, दुष्टतानिष्टसिद्धये ॥३०९॥**

કલ્પવૃક્ષની માળામાં દુર્ગંધ, ક્ષીરસમુદ્રમાં ખારાશ અને સુવર્ણમાં કાળાશની જેમ; શિષ્ટપુરુષમાં દુષ્ટતા અનિષ્ટ માટે થાય છે.

**यदि सिन्धुरमर्यादो, यदि मेरुश्चलाचलः ।**

**मार्तण्डो यदि खण्डः स्यात्, प्रतिकारोऽस्ति कस्तदा ॥३१०॥**

જો સમુદ્ર મર્યાદાહીન થાય, મેરુપર્વત ચલાયમાન બને અને સૂર્યના ટુકડા થાય તો એનો પ્રતિકાર શું ?

**सन्नीरैश्चन्दनैः पुष्पैः, स्नात्वा लिप्त्वा विभूष्य च ।**

**परिधाय दुकूलानि, नार्हं क्षालावगाहनम् ॥३११॥**

સુંદર જલવડે સ્નાન કરી, ચંદનનું વિલેપન કરી, પુષ્પોથી શોભા કરી અને સુંદર વસ્ત્રો પહેરી ગંદકીમાં આળોટવું યોગ્ય નથી.

**भुक्त्वा फलावलिं पूर्वं, खाद्यं मोदकमण्डकान् ।**
**कूरदाल्या च घोलानि, चुलुर्मूत्रेण नोचितः ॥३१२॥**

ફળનો આહાર કરીને, ખાજા, લાડવા અને ખાખરા ખાઈને તથા દાળભાત સાથે મઠો ખાઈને એના ઉપર પેશાબનો કોગળો કરવો ઉચિત નથી.

**आरुह्य हस्तिनं शस्तं, समर्थमथवा रथम् ।**
**तुरङ्गं वेगवन्तं वा, खरे नारोहणं वरम् ॥३१३॥**

સુંદર હાથી ઉપર, સમર્થ રથ ઉપર અથવા વેગવાળા ઘોડા ઉપર ચઢ્યા પછી ગધેડા ઉપર ચઢવું સારું નથી.

## વિશ્વાસુના દોષ ખુલ્લા ન કરવા હિતશિક્ષા

**दोषः सत्योऽस्तु नैकोऽपि, कूटानां सन्तु कोटयः ।**
**कर्मबन्धो न वः सत्यैः, प्राक्कर्मणां क्षयः ॥३१४॥**

બીજાનો દોષ સાચો હોય, એક નહીં પણ અનેક હોય, કૂડકપટ કરોડો હોય પણ તમને એ સત્યદોષોથી કર્મબંધ થતો નથી અને એ કૂડકપટોથી પૂર્વકર્મનો ક્ષય થતો નથી.

**वृत्तिश्चिर्भटिका चौरी, माता यस्याशिवङ्करी ।**
**सुधा च जीवितहरी, यदि कस्य तदोच्यते? ॥३१५॥**

વાડ ચીભડા ચોરે, હિતકારિણી માતા ઉપદ્રવ કરનારી બને અને અમૃત મારનારું બને તો કોને ફરીયાદ કરવી ?

दारिद्र्यं तनुते लक्ष्मीः, सूते मौर्ख्यं सरस्वती ।
दौर्भाग्यं कुरुते गौरी, यदि कस्य तदोच्यते ?॥३१६॥

લક્ષ્મી જ દરિદ્રતાને વિસ્તારે, સરસ્વતી જ મૂર્ખતા ઉત્પન્ન કરે તેમજ ગૌરી દુર્ભાગ્યતા આપે; તો કોને કહેવા જવું ?

विधत्तेऽब्दो रजोवृष्टिं, चन्द्रस्तापं रविस्तमः ।
दोषाविर्भावमाप्नोति, यदि कस्य तदोच्यते ? ॥३१७॥

જો વાદળ ધૂળની વૃષ્ટિ કરે, ચન્દ્ર ઉષ્ણતાને આપે અને સૂર્ય અંધકાર ફેલાવે તેમ વિશ્વાસુના ગુપ્ત દોષો પ્રગટ થાય તો કોને કહેવા જવું ? અર્થાત્ એ પ્રગટ થવા ન જોઈએ.

## ઉત્તમ

उत्तमाः सद्गुणैः पूर्णाः, मध्यमाः स्वल्पसद्गुणाः ।
अधमा गुणनिर्मुक्ताः, त्रिधैवं भुवि मानवाः ॥३१८॥

ઉત્તમપુરુષો સદ્‌ગુણોથી ભરેલા હોય છે. મધ્યમપુરુષો થોડા સદ્‌ગુણવાળા હોય છે અને અધમપુરુષો ગુણરહિત હોય છે. આ રીતે પૃથ્વી ઉપર ત્રણ પ્રકારના માનવો હોય છે.

रम्भा-राजादनी-निम्ब-फलप्रकृतयः क्रमात् ।
संपूर्ण-बाह्य-सञ्जात-माधुर्या मनुजास्त्रिधा ॥३१९॥

કેરી, રાયણ અને લીંબોળી જેવા સ્વભાવવાળા ક્રમશઃ સંપૂર્ણ મીઠાશવાળા, બાહ્યમીઠાશવાળા અને કાંઈક ઉત્પન્ન થયેલી મીઠાશવાળા - એમ ત્રણ પ્રકારના મનુષ્યો હોય છે.

**दोषान् सन्तोऽपि नो पश्येत्, असन्तोऽपि गुणान् वदेत् ।**
**अपकारकृतोऽपि स्या-दुपकर्ता किलोत्तमः ॥३२०॥**

ખરેખર! ઉત્તમપુરુષો બીજામાં દોષો હોય તો પણ જોતા નથી અને ગુણો ન હોય તો પણ ગુણોનું કથન કરે છે તથા અપકાર કરનારા ઉપર પણ ઉપકાર કરે છે.

**पूर्णेन्दुरिव सद्वृत्तो, मार्गदर्शी दिनेशवत् ।**
**अम्भोधिरिव गम्भीरः, स्थिरो मेरुवदुत्तमः ॥३२१॥**

ઉત્તમપુરુષ; પૂર્ણચન્દ્રની જેમ સદ્વર્તનથી પૂર્ણ, સૂર્યની જેમ માર્ગદર્શક, સમુદ્રની જેમ ગંભીર હોય છે અને મેરુપર્વતની જેમ સ્થિર હોય છે.

**परापवादं प्रवदेत्, पराभूतोऽपि नोत्तमः ।**
**क्षुधाक्षामोऽपि किं हंसो-ऽवकरं विकिरेत् क्वचित् ॥३२२॥**

ઉત્તમ પુરુષ, તિરસ્કાર કરાયેલો હોય તો પણ બીજાના અપવાદને (બીજાનું ઘસાતું) ન બોલે. ભૂખથી દુર્બલ થયેલો એવો પણ હંસ શું ઉકરડાને ફેંદે ખરો ?

## મધ્યમજીવો

**वीक्षते परदोषं यो, भाषते क्वापि नो पुनः ।**
**कृते प्रत्युपकुर्वीत, कीर्तिकामः स मध्यमः ॥३२३॥**

જે બીજાના દોષોને જુએ છે ખરો પણ બોલતો નથી, પોતાના ઉપર ઉપકાર થયા પછી પ્રત્યુપકાર કરે છે અને જે કીર્તિની ઈચ્છાવાળો હોય; તે મધ્યમપ્રકારનો પુરુષ કહેવાય છે.

**धर्मार्थकामतुल्यात्मा, गीतनृत्यादिकौतुकी ।**
**मनाग्मनोवचः कायाऽभिन्नो भवति मध्यमः ।।३२४।।**

ધર્મ, અર્થ અને કામ - આ ત્રણે પુરુષાર્થને સરખા માનનારો, ગીત, નૃત્ય વગેરેના કૌતુકવાળો અને કંઈક મન, વચન, કાયાની અભિન્નતાવાળો અર્થાત્ મન, વચન, કાયાના કાંઈક સુમેળવાળો મધ્યમપુરુષ હોય છે.

## અધમજીવો

**परापराधं व्याकुर्यात्, स्वापराधमपह्नुयात् ।**
**क्षणं रुष्येत् क्षणं तुष्येत्, संधया विधुरोऽधमः ।।३२५।।**

મર્યાદા વિનાનો અધમજીવ, બીજાના અપરાધોને પ્રગટ કરે છે અને પોતાના અપરાધોને છૂપાવે છે. ક્ષણમાં રુષ્ટ દેખાય છે તો ક્ષણમાં તુષ્ટ બની ગયો હોય છે.

**मन्ये परोपकारित्वमुत्तमादधमेऽधिकम् ।**
**येनापनीयते दोषरजोऽन्येषां स्वजिह्वया ।।३२६।।**

મારું માનવું છે કે - જે અધમ પોતાની જીભથી બીજાની દોષરૂપી રજને દૂર કરે છે, તે અધમ, ઉત્તમ કરતાં પણ અધિક ઉપકારી છે.

**परमान्नं शुनः कुक्षौ, जर्जरे कलशे जलम् ।**
**सिंहीपयः कुप्यपात्रेऽधमे गुह्यं न तिष्ठति ।।३२७।।**

કૂતરાના પેટમાં ખીર, જીર્ણ છિદ્રવાળા કળશમાં પાણી અને કાંસાના વાસણમાં સિંહણનું દૂધ ન રહે; તેમ અધમના પેટમાં

કોઈ વાત છૂપી રહેતી નથી અર્થાત્ ગુપ્તવાત પ્રગટ કર્યા વગર અધમને ચેન પડતું નથી.

**निर्भाग्यनिलये लक्ष्मी-र्विद्या विनयवर्जिते ।**
**अभव्यहृदि धर्मश्चाधमे गुह्यं न तिष्ठ ति ॥३२८॥**

પુણ્યરહિત માણસના ઘરમાં લક્ષ્મી, વિનયવિનાના માણસમાં વિદ્યા અને અભવ્યના હૃદયમાં ધર્મ ન રહે; તેમ અધમના મનમાં વાત ગુપ્ત રહેતી નથી.

**बुडद्वक्त्रा इवोद्बद्ध-वक्त्रा लोका इमेऽधमाः ।**
**जडोचितगुणैर्बद्धाः, क्षिप्यन्ते धिगधोगतौ ॥३२९॥**

ડૂબતા માણસના મોઢાની જેમ ઉઘાડા મોઢાવાળા આ અધમલોકો મૂર્ખને ઉચિત ગુણોથી બંધાયેલા અધોગતિમાં ફેંકાય છે.

## सत्य

**वपुषो भूषणं वक्त्रं, वक्त्रस्यालङ्कृतिर्वचः ।**
**वचसो मण्डनं सत्यं, धर्मः सत्येन शोभते ॥३३०॥**

શરીરનું ભૂષણ મુખ છે, મુખનું અલંકાર વચન છે, વચનની શોભા સત્ય છે, ધર્મ સત્યવડે શોભે છે.

**सत्यं विघ्नाम्बुधौ सेतुः, सत्यं केतुः कुकर्मणाम् ।**
**सत्यं विश्वासिताहेतुः, वचः सत्यं तदुच्यताम् ॥३३१॥**

વિઘ્નરૂપી સમુદ્રને પાર કરવામાં સત્ય સેતુ સમાન છે. સત્ય કુકર્મોમાટે ગ્રહ સમાન છે, સત્ય વિશ્વાસનું કારણ છે; તેથી સત્યવચન બોલવું જોઈએ.

## ક્ષમા

**ध्यानमध्ययनं देव–पूजनं भजनं गुरोः ।**

**प्रत्याख्यानमनुष्ठानं, निष्फलं क्षमया विना ॥३३२॥**

ધ્યાન, અધ્યયન, દેવપૂજન, ગુરુનું ભજન, પચ્ચક્ખાણ તેમજ અનુષ્ઠાન - આ બધું જ ક્ષમાવિના નિષ્ફળ છે.

**भवनीरनिधौ नौका, कर्मद्रुमकुठारिका ।**

**दर्शने मोक्षमार्गस्य, दीपिका पोष्यतां क्षमा ॥३३३॥**

ભવસમુદ્રમાં નૌકા સમાન, કર્મવૃક્ષોને છેદવામાં કુહાડી સમાન અને મોક્ષમાર્ગનું દર્શન કરાવવામાં દીપિકા સમાન; ક્ષમાને પોષવી જોઈએ.

**क्षमया तत्क्षणं क्षामी – कृतदुष्कर्मविद्विषः ।**

**दृढप्रहारिमेतार्यगजाद्या मुक्तिमेयरुः ॥३३४॥**

ક્ષમાવડે તે જ ક્ષણે દુર્બળ કર્યા છે દુષ્કર્મરૂપી શત્રુઓ જેમણે તે દઢપ્રહારી, મેતારજ, ગજસુકુમાલ આદિ મહાપુરુષો મુક્તિને પામ્યા.

## પ્રભુતાના સાક્ષીઓ

**पञ्च प्रतिभुवः कुर्वन्, कलाः सप्तदशाश्रयन् ।**

**जितैकविंशतिस्तेनो, राज्यं राजाश्नुते चिरम् ॥३३५॥**

પાંચ સાક્ષીઓને કરતો, સત્તર કળાનો આશ્રય કરતો, એકવીશ ચોરોને જીતનારો રાજા, લાંબા સમયસુધી રાજ્યને મેળવે છે.

**सत्कर्मरुचिरौचित्यं, ज्ञानं पुरुषसङ्ग्रहः ।**

**दानं सप्रभुता पञ्चैश्वर्यप्रतिभुवो मताः ॥३३६॥**

(૧) સત્કાર્યની રુચિ (૨) સુંદર ઔચિત્ય (૩) જ્ઞાન (૪) પુરુષોનો સંગ્રહ અને (૫) દાન - આ પાંચ પ્રભુતા સહિતના ઐશ્વર્યના સાક્ષીઓ છે.

## પ્રભુતાની કળા

**मति-सत्त्व-गति-ज्ञानौदार्य-तेजो-नयोद्यमाः ।**

**मन्त्ररक्षण-सामर्थ्य-सुसहाय-कृतज्ञता ॥३३७॥**

**अस्तम्भताश्रितवात्सल्य-प्रतिपत्त्यनृशंसता ।**

**मित्रार्जनं प्रजारागो, प्रभुतायाः कला इमे ॥३३८॥ युग्मम् ।**

બુદ્ધિ, સત્ત્વ, ગતિ, જ્ઞાન, ઉદારતા, તેજ, નીતિ, ઉદ્યમ, ગુપ્તનું રક્ષણ, સામર્થ્ય, સારી સહાય, કૃતજ્ઞતા, નિરભિમાનિતા, સેવકજનોનું વાત્સલ્ય, અક્રૂરતા, મિત્રોની પ્રાપ્તિ, પ્રજાનો પ્રેમ - આ પ્રભુત્વની ૧૭ કળાઓ છે.

## રાજ્યલક્ષ્મીના ચોરો

**न्यायधर्मप्रतापेषु, प्रकृतौ योग्यकर्मसु ।**

**विमुखत्वमथाज्ञान-लञ्चादानानृतानि च ॥३३९॥**

**अन्तरङ्गारिषड्वर्ग-व्यापो व्यसनसप्तकम् ।**

**अमी राज्याश्रयाश्चौरा, विज्ञेया एकविंशतिः ॥३४०॥ युग्मम् ।**

ન્યાયવિમુખતા, ધર્મવિમુખતા, પ્રતાપવિમુખતા, પ્રજાવિમુખતા, યોગ્ય કર્મમાં વિમુખતા, અજ્ઞાનતા, લાંચ લેવી,

જૂઠ, છ આંતરશત્રુઓનો વ્યાપ, સાત વ્યસનો; રાજ્યને આશ્રયીને રહેલા આ ૨૧ ચોરો જાણવા.

## રાજા

**प्रतिज्ञा प्रत्ययः प्रज्ञा, प्रतापश्च प्रसन्नता ।**
**प्रभा प्रसिद्धिर्यत्रैवं, प्रकाराः सप्त स प्रभुः ॥३४१॥**

જ્યાં પ્રતિજ્ઞા, પ્રતીતિ (વિશ્વાસ), પ્રજ્ઞા (બુદ્ધિ), પ્રતાપ, પ્રસન્નતા, પ્રભા અને પ્રસિદ્ધિ - આ સાત 'પ્ર' હોય તે પ્રભુ છે, તે રાજા છે.

**प्रिया यस्य कुमुद्वत्यो, यस्य दोषोदये रुचिः ।**
**कलङ्कितश्च यो राजा, साधुचक्रहितो न सः ॥३४२॥**

જેને ખરાબ સ્ત્રીઓ (અન્યઅર્થમાં કુમુદિની = કમલિની) પ્રિય છે, જેને દોષના (અન્ય અર્થમાં રાત્રિના) ઉદયમાં રસ છે અને જે કલંકિત છે તે રાજા (અન્ય અર્થમાં ચન્દ્ર) સારા લોકોને (અન્ય અર્થમાં સુંદર ચક્રવાકોને) હિતકારી નથી.

**दान-मान-क्षमा-शक्ति - युक्तिभिः स्वगणं नृपः ।**
**वशीकरोति यस्तस्यावश्यमैश्वर्यमेधते ॥३४३॥**

જે રાજા દાન, માન, શક્તિ અને યુક્તિવડે પોતાના પરિવારને વશ કરે છે, તેનું ઐશ્વર્ય અવશ્ય વધે છે.

## પ્રધાન

**प्रयुज्यते हितं राज्ञे, धार्यते धीचतुष्टयम् ।**
**नश्यन्ते व्यसना येन, प्रधानः सोऽभिधीयते ॥३४४॥**

**પ્ર** એટલે જે રાજાને હિતકારી પ્રવૃત્તિ કરે છે. **ધા** એટલે ચાર પ્રકારની બુદ્ધિને ધારણ કરે છે. **ન** એટલે આપત્તિઓનો નાશ કરે છે; તેને પ્રધાન કહેવાય છે.

## વ્યાપારી

**व्याप्नोति सर्वशौर्येण, पाति निम्नोन्नतं जनम् ।**
**रीयते रीतिमार्गश्च, स व्यापारी प्ररूप्यते ॥३४५॥**

**વ્યા** એટલે સર્વ પ્રકારના શૌર્ય - પરાક્રમથી જે સર્વત્ર પ્રસિદ્ધિ પામે છે, **પા** એટલે નાના મોટા માણસોનું રક્ષણ કરે છે અને **રી** એટલે રીતિનીતિના માર્ગે ચાલે છે; તે વ્યાપારી કહેવાય છે.

## સેવક

**सेवते स्वामिनं भक्त्या, वदति स्वामिनो गुणान् ।**
**करोति स्वामिकार्यं यः, सेवकः स निरूप्यते ॥३४६॥**

**સે** એટલે સ્વામિની ભક્તિથી સેવા કરે છે. **વ** એટલે પોતાના માલિકના ગુણો બોલે છે અને **ક** એટલે પોતાના માલિકનું કાર્ય કરે છે; તે સેવક કહેવાય છે.

**प्रज्ञावान् विक्रमी स्वामि-भक्तोऽनुद्धतवेशभाक् ।**
**गम्भीरो मितभाषीति, षड्गुणः सेवको मतः ॥३४७॥**

બુદ્ધિશાળી, પરાક્રમી, સ્વામીનો ભક્ત, અનુદ્ભટ વેશ પહેરનારો, ગંભીર અને થોડું બોલનારો - આ છ ગુણવાળો સેવક હોય છે.

**पुरुषं प्राज्ञपार्श्वस्थं, पराभवति नो परः ।**
**सविधस्थे बुधे चन्द्रं, बाधते किं विधुन्तुदः ॥३४८॥**

બુદ્ધિશાળી પુરુષ પાસે હોય તો બીજાઓ પરાભવ કરતા નથી. બુધ નામનો ગ્રહ નજીક હોય ત્યારે શું રાહુ ચન્દ્રને પીડે છે ખરો? અર્થાત્ નથી પીડતો, તેમ બુદ્ધિમાન પુરુષો પાસે હોય તો બીજો હેરાન કરી શકતો નથી.

**सदूषणोऽपि तेजस्वी, न स्वीयस्त्याज्यः उन्नतैः ।**
**किं क्वापि मुच्यते मेघैर्मेघाग्निर्जगदप्रियः ॥३४९॥**

જગતને અપ્રિય મેઘાગ્નિ-વિજળીને મેઘ શું ક્યારેય મૂકી દે છે? ના, ક્યારેય મૂક્તો નથી, તેમ ઉન્નત આત્માઓએ પોતાના દોષિત પણ તેજસ્વી સ્વજનનો ત્યાગ ન કરવો જોઈએ.

**नरेन्द्रमान्या ये मंत्री-श्वराः प्रवरगारुडाः ।**
**तै रुध्यते द्विजिह्वानां, दंष्ट्रा दौष्ट्यकरी सताम् ॥३५०॥**

રાજ્યમાન્ય, શ્રેષ્ઠ અને ગરુડ જેવા મંત્રીશ્વરો, સજ્જનોને દોષિત કરનારી દુર્જનો રૂપી સર્પની દાઢાને રુંધે છે - રોકે છે.

## બે પ્રકારે શત્રુનો જય

**खड्ग-खेटक-कोदण्ड-भस्त्र-भल्ल-गदाभृतः ।**
**बहवोऽत्र बहिर्वीरा, योद्धारो युधि पञ्चषाः ॥३५१॥**

તલવાર, ઢાલ, ધનુષ્ય, ભસ્ત્ર, ભાલા અને ગદાને ધારણ કરનારા, અહીં બહાર વીરપુરુષો ઘણા છે, પરંતુ યુદ્ધમાં લડનારા વીરપુરુષો પાંચ - છ જ હોય છે.

न सन्नाहा न शस्त्रौघाः, न हया न च हस्तिनः ।
नोद्भटाः सुभटाः किन्तु, न्यायधर्मौ जयप्रदौ ॥३५२॥

બખ્તરો નહીં, શસ્ત્રનો સમૂહ નહીં, ઘોડા નહીં, હાથીઓ નહીં, ઉદ્ભટ એવા સુભટો નહીં; પરંતુ ન્યાય અને ધર્મ જીત અપાવનારાં છે.

लेभिरे न्यायधर्माभ्यां, जयं पञ्चापि पाण्डवाः ।
पराजयं विना ताभ्यां, प्रापुः सर्वेऽपि कौरवाः ॥३५३॥

ન્યાય અને ધર્મથી પાંચ પાંડવોએ જીત મેળવી, જ્યારે ન્યાય અને ધર્મ વિના બધા જ કૌરવોએ પરાજય મેળવ્યો.

न शक्यन्ते विजेतुं यै, रिपवः षट् पुरः स्थिताः ।
दुरस्था वैरिणोऽनेके, तैर्जीयन्ते कथं जडैः ॥३५४॥

નજીક ઉભેલા છ (આંતર) શત્રુઓને જીતી શક્તા નથી. તે જડ- અજ્ઞાનપુરુષો દૂર રહેલા અનેક શત્રુઓને કઈરીતે જીતી શકશે?

धर्मवर्मभृतो न्याय-हेतयः सत्यसङ्गराः ।
विजयन्ते सुखं धीराः, सर्वान् बाह्यान्तरान् द्विषः ॥३५५॥

ધર્મરૂપી બખ્તરને ધારણ કરનારા, ન્યાય રૂપી શસ્ત્રોવાળા, અને સત્ય યુદ્ધને કરનારા ધીરપુરુષો બાહ્ય અને અભ્યંતર બધા જ શત્રુઓને સુખપૂર્વક જીતે છે.

## કામ

अनङ्गोऽप्यङ्गिनां वर्मा - ण्येकोऽपि त्रिजगद्गतान् ।
बलीष्ठानबलास्त्रोऽपि, बाढं बध्नाति मन्मथः ॥३५६॥

કામદેવ કે જેને શરીર નથી, અબળા (સ્ત્રી) જેનું શસ્ત્ર છે અને તે એકલો પણ શરીરધારીઓના ત્રણ જગતમાં રહેલા બળવાન બખ્તરોને પણ ભેદી નાખે છે.

**मृगायते समग्रोऽपि, यदग्रे जगतीजनः ।**

**धर्मध्यानौजसा काम - केसरी स निरस्यताम् ।।३५७।।**

જેની આગળ જગતના સર્વ માણસો હરણિયા જેવા બની જાય છે તે કામરૂપી સિંહને ધર્મધ્યાનના તેજવડે જીતો.

**ब्रह्मा-विष्णु-विरूपाक्ष-मुख्यानपि विगोप्य यः ।**

**स्वाज्ञामाधारयन्मारो, दुर्वारस्तं न विश्वसेत् ।।३५८।।**

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરેને આકુળવ્યાકુળ કરીને પોતાની આજ્ઞાને શિરોધાર્ય કરાવતા અને દુઃખે વારી શકાય તેવા કામનો વિશ્વાસ ન કરવો.

**यो रागबडिशैर्बध्द्वा, पुंस्त्रीमत्स्यान् भवाम्बुधौ ।**

**बाधते बहुधा दूरी-कुरु तं स्मरधीवरम् ।।३५९।।**

જે રાગરૂપી જાળથી, પુરુષ અને સ્ત્રીરૂપ માછલાંઓને બાંધીને ભવસમુદ્રમાં ઘણા પ્રકારે પીડે છે તે કામરૂપી માછીમારને દૂર કરો.

## રાગ અને દ્વેષ

**रागद्वेषौ जितौ येन, जगत्त्रितयजित्वरौ ।**

**तमेकं सुभटं मन्ये, पराजितास्त्वतः परे ।।३६०।।**

ત્રણેય જગતને જિતનારા રાગ-દ્વેષને જેણે જીત્યા તે એકને જ હું યોદ્ધો માનું છું, બીજા બધાને પરાજય પામેલા માનું છું.

**ये भग्ना भवदुःखेभ्यो, ये मोक्षसुखकाङ्क्षिणः ।**
**तैरेव जेतुं शक्येते, रागद्वेषौ जगद्द्विषौ ॥३६१॥**

જેઓ ભવદુઃખથી ભાગ્યા છે / કંટાળ્યાછે અને જેઓ મોક્ષ સુખને ઈચ્છેછે; તેઓ જ જગતના શત્રુ એવા રાગ-દ્વેષને જીતી શકેછે.

**रत्नत्रयं त्रिरूपोऽयं, हरते रागतस्करः ।**
**वैराग्यास्त्रेण तं जित्वा, भव्यः शिवपुरं व्रजेत् ॥३६२॥**

કામરાગ-સ્નેહરાગ અને દૃષ્ટિરાગ- આ ત્રણ રૂપવાળો રાગ-ચોર, જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ રત્નોને ચોરે છે. વૈરાગ્યરૂપી અસ્ત્રવડે રાગને જીતીને ભવ્ય જીવ શિવનગરમાં જાય છે.

**मनोवने द्वेषदवो, दहन् सद्गुणभूरूहान् ।**
**सत्वरं समतानीरैः, शमनीयो मनीषिणा ॥३६३॥**

મનરૂપી વનમાં સદ્ગુણરૂપી વૃક્ષોને બાળતા દ્વેષરૂપી દાવાનળને બુદ્ધિશાળીએ સમતારૂપી પાણીવડે જલ્દી શાંત કરવો જોઈએ.

## ત્રણ કરણની શુદ્ધિ

**मनो मध्यस्थताशुद्धं, वचो सत्यामृताञ्चितम् ।**
**सत्कर्मकर्मठः कायः, प्रायः पुण्यवतां भवेत् ॥३६४॥**

મધ્યસ્થતાથી શુદ્ધ એવું મન, સત્યરૂપી અમૃતથી યુક્ત વચન અને સત્કાર્યમાં ઉદ્યોગી કાયા; પ્રાયઃ કરીને પુણ્યશાળીઓને હોય છે.

**मनःपवनवत्सर्व-जगद्व्यापिमहाबलम् ।**
**माध्यस्थ्ये सुधियः केऽपि, निबध्नन्ति दृताविव ॥३६५॥**

પવનની જેમ જગતમાં ભટકનારા અને મહાબળવાન મનને; કોઈક જ બુદ્ધિશાળીઓ મશકની જેમ મધ્યસ્થભાવથી બાંધી રાખે છે.

**प्रियं हितं हि चरितं, गोः श्रेयो रसवृद्धये ।**
**अप्रियां हितवाक्चारिं, चारयेत् तां कृती न तत् ॥३६६॥**

વાણી (ગાય)નું પ્રિય અને હિતકારી ઉચ્ચારણ (ચારણ) કલ્યાણકારી રસની વૃદ્ધિ માટે થાય છે, તેથી પુણ્યશાળી તેને અપ્રિય અને અહિત વાણીરૂપી ચારો ચરાવતો નથી, વાણીનું ઉચ્ચારણ કરતો નથી.

**धन्यं मन्ये मनुष्येषु, तमेव भुवि यद्वपुः ।**
**कुव्यापारनिरभ्यास-मध्वन्यमनघाध्वनि ॥३६७॥**

પૃથ્વી ઉપર માનવોમાં તે માનવને જ ધન્ય માનું છું કે જેનું શરીર કુવ્યાપારના અભ્યાસ વિનાનું અને પવિત્રમાર્ગનું મુસાફર છે.

**चतुर्दशांशकं चित्तं, वचनं चतुरंशकम् ।**
**शरीरं द्व्यंशकं प्रोक्तं, तत्त्वज्ञैः सर्वकर्मसु ॥३६८॥**

તત્ત્વજ્ઞોએ સર્વકાર્યોમાં ચિત્તને ચૌદ અંશવાળું, વચનને ચાર અંશવાળું અને શરીરને બે અંશવાળું કહ્યું છે.

### આશા

**तृष्णातरङ्गिणी चिंता-नीरपूरसुदुस्तरा ।**
**संतोषपोतैश्चारित्र-धारिभिस्तीर्यते सुखम् ॥३६९॥**

ચિંતારૂપી પાણીના સમૂહથી અત્યંત કષ્ટપૂર્વક ઉતરી શકાય એવી તૃષ્ણારૂપી નદીને ચારિત્રધારી પુરુષો સંતોષરૂપ જહાજવડે સુખપૂર્વક તરી જાય છે.

**दुर्वेव कदलीवेन्दु-मण्डलीव पुनः पुनः ।**

**खण्डीभूतापि सामग्रीं, प्राप्याशा परिवर्धते ॥३७०॥**

દુર્વા-ધ્રો ઘાસની જેમ, કેળની જેમ અને ચંદ્રના મંડલની જેમ, ભાંગી પડેલી એવી પણ આશા; સામગ્રી પામીને ફરી ફરી ચારે તરફથી વધે છે.

**ध्रुवं चौरा इवातुच्छ-वाञ्छारज्जुनियन्त्रिताः ।**

**नैते संसारकारायाः, निःसरन्ति शरीरिणः ॥३७१॥**

નિશ્ચિત વાત છે કે - ચોરોની જેમ મોટમોટા આશારૂપી દોરડાથી બંધાયેલા આ પ્રાણીઓ, સંસારરૂપી જેલમાંથી નીકળી શક્તા નથી.

**आशया वञ्च्यते विश्वं, न सा केनापि वञ्च्यते ।**

**नित्यं नवनवाकारा, विद्येव नवरूपिणी ॥३७२॥**

આશાથી જગત ઠગાય છે, પણ વિદ્યાની જેમ હંમેશા નવાં નવાં રૂપો ધારણ કરનારી આશા કોઈનાથી પણ ઠગાતી નથી.

**स्वमनोमण्डपे काङ्क्षा-विषवल्लीं विचक्षणः ।**

**प्रसरन्तीं निरुन्धीत, पुण्यप्राणापहारिणीम् ॥३७३॥**

પુણ્યરૂપી પ્રાણનો નાશકરનારી, કાંક્ષારૂપી વિષવેલડીને બુદ્ધિશાળીએ પોતાના મન-મંડપમાં વધતી અટકાવવી જોઈએ.

## ચિંતા

**श्लोक-काव्य-कथा-गाथा-गीत-षट्पद-दोधकाः ।**
**रसैकहेतवः पुंसां, न चिन्ताक्रान्तचेतसाम् ॥३७४॥**

ચિંતાથી ઘેરાયેલા ચિત્તવાળા પુરુષોને શ્લોક, કાવ્ય, કથા, ગાથા, ગીત, ષટ્પદ અને દુહા રસદાયક બનતા નથી.

**न स्यात् स्वादोऽन्नपानादे-र्देवगुर्वोश्च न स्मृतिः ।**
**चिन्तापिशाचीग्रस्तानां, नैहिकामुत्रिका क्रिया ॥३७५॥**

ચિન્તારૂપી ડાકણના વળગાડવાળા લોકોને અન્નપાણીનો સ્વાદ, દેવગુરુની યાદ અને આલોક કે પરલોકની કોઈ ક્રિયા થઈ શક્તી નથી !

## સંતોષ

**स्वशब्दमर्थसन्तोषी, अर्थसिद्ध्या कृतार्थयेत् ।**
**एकस्वार्थमसन्तोषी, सर्व स्वार्थं विनाशयेत् ॥३७६॥**

અર્થમાં સંતોષી પુરુષ ધન અને સ્વજનને સાધીને સ્વશબ્દને સાર્થક કરે છે અને અસંતોષીપુરુષ એક અર્થ માટે બધા સ્વજનોનો નાશ કરે છે.

**यथा मोक्षाय सम्यक्त्वं, धर्माय प्राणिनां दया ।**
**युक्तिवाक्याय शास्त्रं स्यात्, सन्तोषः शर्मणे तथा ॥३७७॥**

જેમ, સમ્યક્ત્વ મોક્ષનું કારણ છે. પ્રાણીદયા ધર્મનું કારણ છે, શાસ્ત્ર યુક્તિપૂર્વકના વાક્યપ્રયોગનું કારણ છે, તેમ સંતોષ સુખનું કારણ છે.

**न वासरो विना सूरं, नोर्वरा वारिदं विना ।**

**न संसारो विना नारीं, न संतोषं विना सुखम् ॥३७८॥**

સૂર્યના ઉદય વિના દિવસ થતો નથી, વરસાદ વિના જમીન ફળદ્રુપ થતી નથી, સ્ત્રી વિના સંસાર મંડાતો નથી; તેમ સંતોષ વિના સુખ મળતું નથી.

## સ્ત્રી

**स्त्री-श्री-स्वाद्येषु लाम्पट्यं, संसारस्थितये स्मृतम् ।**

**मुक्तये तेषु सन्तोषः, शेषः सर्वोऽपि विस्तरः ॥३७९॥**

સ્ત્રીમાં લક્ષ્મીમાં અને ભોજનમાં લંપટતા સંસારમાં રહેવા રખડવામાટે થાય છે અને તેમાં સંતોષ મુક્તિમાટે થાય છે બાકીની બધી વાતો વિસ્તારછે અર્થાત્ આટલામાં સાર આવી ગયો.

**कटाक्षच्छायया नर्म-पुष्पैः प्रेमफलैः स्त्रियः ।**

**शीलप्राणापहाः प्राज्ञैः, न सेव्याः विषवल्लीवत् ॥३८०॥**

કટાક્ષરૂપી છાયાથી, વિલાસભર્યા વચનરૂપી પુષ્પથી અને પ્રેમરૂપી ફળથી; શીલરૂપી પ્રાણનો નાશ કરનારી વિષવેલડી જેવી સ્ત્રીઓ બુદ્ધિશાળીઓએ સેવવા યોગ્ય નથી.

**सख्यो मायामृषासूयाः, रागद्वेषौ च बान्धवौ ।**

**यस्यां पार्श्वेऽनिशं कस्तां, शिवार्थी सेवते स्त्रियम् ॥३८१॥**

જે સ્ત્રીની પાસે માયા, જૂઠ અને ઈર્ષ્યારૂપી બહેનપણીઓ છે. તથા રાગ-દ્વેષરૂપી બે ભાઈઓ છે એવી સ્ત્રીને કયો મોક્ષાર્થી જીવ સેવે?

**इन्दिरा मदिरा सेयं, यन्मत्तो मनुजस्त्यजेत् ।**
**विवेक-विनयन्यायान् पतन् संसारचत्वरे ॥३८२॥**

લક્ષ્મી એક મદિરા છે કે જેનાથી પાગલ થયેલો મનુષ્ય સંસારરૂપી ચૌટામાં પડતો અને લથડિયાં ખાતો વિનય વિવેક અને ન્યાયને છોડી દે છે.

**शाश्वतानन्तसिद्धिश्री-दर्शिरत्नत्रयी न हि ।**
**अध्रुवश्रीलवाखर्वगर्वान्धेनाधिगम्यते ॥३८३॥**

ખરેખર, અનિત્ય એવી થોડી પણ લક્ષ્મીના જોરદાર ગર્વથી અંધ થયેલા જીવો શાશ્વત અને અનન્ત સિદ્ધિપદની લક્ષ્મીને બતાવનારી રત્નત્રયીને જાણી શક્તા નથી.

### જીભ

**लोला लोलायते येषां, भक्ष्याभक्ष्येषु वस्तुषु ।**
**दीना मीना इव क्लेशं, ते लभन्ते भवस्थले ॥३८४॥**

જેઓની જીભ ભક્ષ્ય-અભક્ષ્ય વસ્તુના ભક્ષણમાં ચપળ છે તે ગરીબડાઓ માછલીની જેમ સંસારચક્રમાં ક્લેશને દુ:ખને પામે છે.

**नरोऽप्यवशजिह्वो यः, सोऽन्नकीटोऽम्बुपूतरः ।**
**जितजिह्वस्तु सन्तोष-सुधाहारः सुधायते ॥३८५॥**

જીભ ઉપરના કાબૂ વિનાનો માણસ અન્નનો કીડો છે અને પાણીનો પોરો છે પરંતુ જીભને જીતનારો સંતોષરૂપી અમૃતના આહારવાળો અમૃત- દેવ છે.

## સંસાર

**प्रायः सोपद्रवे स्थाने, वसन्ति पशवोऽपि न ।**
**भवौकसि बहुक्लेशे, कृतिनां स्यात्कुतो रतिः ॥३८६॥**

મોટે ભાગે ઉપદ્રવવાળા સ્થાનમાં પશુઓ પણ રહેતા નથી, તો ઘણા કલેશવાળા ભવરૂપી ઘરમાં પુણ્યશાળીને આનંદ ક્યાંથી હોય?

**संसार-सन्निवेशोऽयं, सक्लेशो यदि नो भवेत् ।**
**को यियासति तन्मुक्तिपुरीं धीमान् दवीयसीम् ॥३८७॥**

સંસારવાસ-સંસારમાં રહેવું જો ક્લેશવાળું ન હોત તો ક્યો બુદ્ધિશાળી આત્મા દૂર રહેલી મુક્તિપુરીમાં જવાની ઇચ્છા કરત?

## દીક્ષા

**यामुरीचक्रिरे तीर्थङ्करचक्रिबलादयः ।**
**मुक्तिदूतीं मनस्वी तां, वृणीते चरणश्रियम् ॥३८८॥**

શ્રીતીર્થંકરદેવોએ, ચક્રવર્તીઓએ તથા બળદેવો વગેરેએ જેનો સ્વીકાર કર્યો હતો તે મુક્તિની દૂતી જેવી ચારિત્રલક્ષ્મીને બુદ્ધિમાન સ્વીકારે છે.

**चतुर्थपञ्चमज्ञान-वन्दनीयत्वमुक्तयः ।**
**कष्टकोट्यापि नाप्यन्ते, विनैकां संयमश्रियम् ॥३८९॥**

એક સંયમલક્ષ્મી વિના બીજા કરોડો કષ્ટોથી પણ ચોથું મનઃપર્યવજ્ઞાન, પાંચમું કેવલજ્ઞાન, વંદનીયપણું અને મોક્ષ પ્રાપ્ત થઈ શકે નહીં!

**सबलो निर्बलं हन्यात्, एषा भाषा मृषा न हि ।**
**किं नैकः मनसाराद्ध-संयमो यमभीतिभित् ?॥३९०॥**

બળવાન નિર્બળને હણે - આ વાત ખોટી નથી. શું મનથી આરાધેલું સંયમ યમના ભયને ભેદનાર નથી બનતું ? અર્થાત્ બને છે.

## અંતરંગ

**वल्लीवृत्तैकवृक्षेऽस्ति, पुष्पमेकं फलद्वयम् ।**
**क्रमात्सुस्वादकुस्वादं, शुक्लकृष्णखगोचितम् ॥३९१॥**

વેલથી વીંટળાયેલા એક વૃક્ષ ઉપર એક પુષ્પ અને બે ફળો છે. સુસ્વાદવાળા તથા કુસ્વાદવાળા તે બંને ફળો ક્રમશઃ શુક્લ અને કૃષ્ણ (કાળા અને ધોળા) પક્ષીને ખાવા યોગ્ય છે.

**तनुर्वल्ली द्रुमो जीवः मनःपुष्पं शुभाशुभे ।**
**ध्याने फले सौख्यदुःखे, स्वादौ भव्येतरौ खगौ ॥३९२॥**

શરીર વેલડી છે. જીવ વૃક્ષ છે અને મન પુષ્પ છે. સુખ અને દુઃખ આપનાર શુભ અને અશુભ બે ધ્યાનો ફળ છે. તેનો સ્વાદ કરનારા ભવ્ય અને અભવ્ય જીવો પક્ષી છે.

## ચોમાસાદિ પર્વો

**केषाञ्चित् पञ्चपर्वी, स्यादष्टमीपाक्षिके अथ ।**
**चातुर्मासं वार्षिकं वा, सर्वाहं पर्व धर्मिणाम् ॥३९३॥**

કેટલાકને પાંચે પાંચ પર્વ હોય છે કેટલાકને આઠમ, કેટલાકને ચૌદસ, કેટલાકને ચોમાસી અને કેટલાકને સંવત્સરી પર્વ હોય છે. ધર્મી આત્માઓને બધાય દિવસો પર્વ હોય છે.

कार्या विशेषेण तथाऽप्यागमोक्तेषु पर्वसु ।
पौषधावश्यकतपो - जिनार्चागुरुवन्दनाः ॥३९४॥

આગમમાં કહેલાં પર્વોમાં વિશેષકરીને પૌષધ, પ્રતિક્રમણ, તપ, જિનપૂજા, ગુરુવન્દના - એ કાર્યો કરવાં જોઈએ.

## બલિપર્વ

पुण्यरक्षापुटी शुद्धा, येन बद्धान्तरात्मनि ।
तस्य क्षेमङ्करं सम्यग्, बलिपर्वाऽस्ति सर्वदा ॥३९५॥

જે આત્માએ પુણ્યરૂપી શુદ્ધ રક્ષાપોટલી અંતરાત્મામાં બાંધી છે, તેને માટે એ હંમેશા ક્ષેમ કરનારું સાચું બલિપર્વ (બળેવ) છે.

## વિજયાદશમી

कार्या विजययात्रेयं, दानं यत्राग्रजन्मनि ।
स्वाद्यते गुरुवाक्सौख्य-भक्षिका पूज्यते शमी ॥३९६॥

જ્યાં સાધુઓને દાન અપાય છે, જ્યાં સુખ આપનારી ગુરુના વાક્યની સુખડી ખવાય છે અને જ્યાં સમતાધારી મુનિઓ પૂજાય છે, આવી વિજયયાત્રા વિજયાદશમીના દિવસે કરવા જેવી છે.

## દીવાળી

सुवस्त्रान्नगृहैः पुण्य-वतां दीपालिका सदा ।
वर्षान्ते स्वल्पपुण्यानां, निष्पुण्यानां कदापि न ॥३९७॥

સારા વસ્ત્રો, અન્ન અને ઘરવડે પુણ્યશાળીઓને હંમેશા દીવાળી છે. અલ્પ પુણ્યવાળાઓને વર્ષને અંતે દીવાળી છે પણ પુણ્યરહિતને ક્યારેય દીવાળી હોતી નથી.

## વસંત

**यस्मिन् विवेकः श्रीखण्डं, धर्मरङ्गस्तु नागजम् ।**
**गुणाश्चूर्णचयः सन्त-स्तं वसन्तं वितन्वते ॥३९८॥**

જેમાં વિવેક એ શ્રીખંડ-ચંદન છે, ધર્મનો રંગ એ કેસર છે અને ગુણો એ ચૂર્ણનો સમૂહ છે, તેને સંતો સાચી વસંતઋતુ કહે છે.

## હોળી

**भवारिगर्हिणो दग्ध्वा, दुष्कर्मणां गुणोच्चयैः ।**
**रजो विकीर्य चिन्नीरैः स्नात्वा कुर्वन्तु होलिकाम् ॥३९९॥**

નિંદનીય ભવશત્રુઓને બાળીને, ગુણના સમૂહથી દુષ્કર્મની રજ વિખેરીને અને જ્ઞાનરૂપી જળથી સ્નાન કરીને હોળી કરો. સાચું હોલિકાપર્વ ઉજવો.

## ગુણ અને દોષ

**सौजन्यं लज्जा मर्यादा, गाम्भीर्यं धैर्यमार्जवम् ।**
**दया दक्षत्वमौदार्यं, निधीयन्ते गुणा नव ॥४००॥**

સૌજન્ય, લાજ, મર્યાદા, ગંભીરતા, ધીરતા, સરળતા, દયા, ચતુરાઈ અને ઉદારતા - આ નવ ગુણો નવનિધિ જેવા છે.

**सम्यक्त्व - समता - सत्य - सत्त्व - सन्तोष - संयमः ।**
**समाधिश्चेति साधूनां, सकाराः सप्त सौख्यदाः ॥४०१॥**

સમકિત, સમત્વ, સત્ય, સત્વ, સંતોષ, સંયમ અને સમાધિ આ સાત 'સ'કાર સાધુઓને સુખ આપનારા છે.

**भर्तृत्वं भक्तवात्सल्यं, भद्रकत्वं भटक्रिया ।**

**भरक्षमत्वं भाण्डं च, भकारा भाग्यभाजि षट् ।।४०२।।**

સ્વામીપણું, ભક્ત ઉપર હેત-પ્રીત, ભદ્રિકપણું, પરાક્રમ, ભારને વહન કરવાપણું અને ભંડ (કરિયાણું) - ભાગ્યશાળીઓ પાસે આ છ 'ભ'કાર હોય છે.

**दम-दान-दया-देवपूजा-दाक्षिण्य-दीप्तयः ।**

**दार्ढ्यदाक्ष्यदेहदिष्टा, दकारा दुर्लभा दश ।।४०३।।**

દમ, દાન, દયા, દેવપૂજા, દાક્ષિણ્ય, તેજ, દેહ દ્રઢતા, દક્ષતા અને ભાગ્ય - આ દશ 'દ'કાર મળવા દુર્લભ છે.

**दर्प-दर्पक-दारिद्र्य-दास्य-दुर्मति-दीनताः ।**

**दस्युर्दम्भो दरोऽदैवं, दकारा सुलभा दश ।।४०४।।**

અભિમાન, કામ, દરિદ્રતા, દાસપણું, કુબુદ્ધિ, દીનતા, ચોર, દંભ, ડર અને અભાગ્ય (કુભાગ્ય) - આ દશ 'દ' કાર મળવા સુલભ છે પણ જીવોને દુઃખદાયી છે.

**विद्या-विनय-विज्ञान-विमात्सर्य -विधिज्ञताः ।**

**विचार-विरती सप्त, विकारा व्रतिनां हिताः ।।४०५।।**

વિદ્યા, વિનય, વિજ્ઞાન, ઈર્ષ્યારહિતપણું, વિધિની જાણકારી, વિચાર અને વિરતિ - આ સાત 'વિ'કાર મુનિઓને હિતકારી છે.

**विनोद-विकथा-वित्त- विधिच्युति-विरोधिताः ।**

**विगानं विषयाः सप्त, विकारा मुनिवैरिणः ।।४०६।।**

વિનોદ, વિકથા, ધન, વિધિભ્રષ્ટતા, વિરોધીપણું, ખરાબ બોલવું અને વિષયો - આ સાત 'વિ'કાર મુનિઓના વૈરી-શત્રુ છે.

## પ્રસિદ્ધિ-ખ્યાતિ

**बहुतुल्येऽधिकारेऽपि, कश्चिदेकः प्रसिद्धिभाक् ।**
**समाप्तसप्तधान्येषु, यवादिषु यवो यथा ।।४०७।।**

ઘણીરીતે સમાન અધિકાર પ્રાપ્ત થયો હોવા છતાં એમાંની કોઈક જ વ્યક્તિ પ્રસિદ્ધિ પામે છે. જેમ જવ વગેરે સાત ધાન્યો સરખા ભાગે ભેગાં કર્યા હોવા છતાં એમાં જવ પ્રસિદ્ધિ પામે છે. અર્થાત્ જુદો તરી આવે છે.

**लोकोऽवलोकते प्रायः, प्रसिद्धिं न गुणागुणौ ।**
**निर्गुणोऽपि शमी पूज्यो, नाम्रस्तु सुगुणोऽपि यत् ।।४०८।।**

લોકો હંમેશ ગુણ-અવગુણને જોતા નથી પણ પ્રસિદ્ધિને જુએ છે. તેથી જ નિર્ગુણ ખીજડો જગતમાં પૂજાય છે પરંતુ સુંદર ગુણવાળો સહકાર - આંબો પૂજાતો નથી.

**यतः- आमूलकुटिलःसुस्थदलः कंटकसङ्कुलः ।**
**कुभूपाल इवासारः, बब्बुलो विफलः किल ।।४०९।।**

ખરાબ રાજાની જેમ બાવળનું ઝાડ અસાર છે. ખરાબ રાજા પૂરે-પૂરો માયાવી, જડસૈન્યવાળો, મુશ્કેલીથી ઘેરાયેલો, આથી જ હંમેશા નિષ્ફળ જતો હોય છે, તેમ બાવળનું ઝાડ પણ મૂળથી ટોચ સુધી વાંકુ, જાડા પાંદડાવાળું, કાંટાથી ભરેલું અને ફળ વિનાનું હોય છે.

**कन्दे ह्यद्यतमो वर्णे, पूर्णः कल्याणवान् दले ।**
**फलेऽखिलरसो भाति, सहकारः सुभूपवत् ॥४१०॥**

સારો રાજા જેમ સુકુળમાં જન્મેલો, સુરૂપ, સૈન્યનું કલ્યાણ ઇચ્છનારો અને પૂરેપૂરી સફળતા મેળવનારો હોય છે; તેમ આંબો પણ મૂળમાં સારો, રંગમાં પૂરો, પવિત્ર પાંદડાવાળો અને રસથી પૂર્ણ ફળવાળો હોય છે.

**व्याजान्मनोवचोऽङ्गेभ्यो, लात्वा पापधनं भुवि ।**
**तेभ्यो दत्ते स्वयं वृद्धान्, शोकानादेयतागदान् ॥४११॥**

આ જગતમાં જીવ મન વચન કાયાથી પાપરૂપી ધન વ્યાજે લાવીને, એ દ્વારા આપોઆપ વધતા શોક, અનાદેયતા અને રોગો એ મન-વચન-કાયાને આપે છે. અર્થાત્ મનમાં શોક, વચનમાં અનાદેયતા અને કાયામાં રોગો ઊભા કરે છે.

**रोगोरगैरयं कायः, सापायश्चन्दनद्रुवत् ।**
**परं सुकृतसौरभ्यलाभान् मान्यो मनस्विनाम् ॥४१२॥**

ચંદનના વૃક્ષોની જેમ આ કાયા રોગરૂપી સર્પોવડે વીંટળાયેલી છે પરંતુ એ કાયાથી સુકૃત (પુણ્ય) રૂપી સુગંધનો લાભ થતો હોવાથી પુણ્યશાળીઓને એ કાયા માન્ય છે.

**अथ कल्येऽथ मासान्ते, वर्षान्ते प्रलयेऽपि वा ।**
**कृतसत्कर्मणां मृत्योः, का शङ्काऽवश्यभाविनः ? ॥४१३॥**

આવતી કાલે, મહિના પછી, વર્ષ પછી કે પ્રલયકાળ વખતે અવશ્ય થનારા મૃત્યુની પુણ્યશાળી આત્માઓને શી શંકા હોય? અર્થાત્ કોઈ શંકા ન હોય.

**मर्तव्यं वर्ततेऽवश्यं, कर्तव्यं कुरु सत्वरम् ।**

**धर्तव्यं धर शक्तः सन्, स्मर्तव्यं स्मर सुस्थितः ।।४१४।।**

હે આત્મન્ ! મરવાનું અવશ્ય છે. માટે સારીરીતે સ્થિર થઈ કરવાયોગ્ય કાર્યો જલ્દી કર. ધારણ કરવાયોગ્યનું જલ્દી ધારણ-ગ્રહણ કર અને સ્મરણ કરવાયોગ્યનું જલ્દી સ્મરણ કર.

**रोगपात्रमिदं गात्रं, न स्थिरे धनयौवने ।**

**संयोगाश्च वियोगान्ताः, कर्तव्या सुकृते रतिः ।।४१५।।**

આ શરીર રોગનું પાત્ર છે. ધન કે યૌવન સ્થિર નથી. સંયોગો વિયોગના અંતવાળા છે માટે સુકૃતના કાર્યોમાં પ્રેમ કરવો જોઈએ.

## ભવસ્થિતિ અને શોકનું વિસર્જન

**सर्वसाधारणे मृत्यौ, कः शरण्यः शरीरिणः ।**

**श्रीमद्धर्मं विहायैकं, जन्ममृत्युजरापहम् ।।४१६।।**

સૌને મૃત્યુ એક સરખું છે. એ મૃત્યુ સમયે જન્મ-જરા-મૃત્યુનો નાશ કરનાર ધર્મવિના પ્રાણીઓને બીજું કોણ શરણરૂપ છે ? અર્થાત્ કોઈ શરણરૂપ નથી.

**कालेन भक्ष्यते सर्वं, न स केनाऽपि भक्ष्यते ।**

**अनादिनिधनत्वेन, बलिष्ठो विष्टपत्रये ।।४१७।।**

કાળ બધાનું ભક્ષણ કરે છે પણ કાળનું ભક્ષણ કોઈ કરી શક્તું નથી. એ કાળ અનાદિઅનંત હોવાથી ત્રણ જગતમાં બલવાન છે.

**कवलीकुरुते कालः, त्रैलोक्यमखिलं सुखम् ।**
**अनाद्यनन्तरूपोऽयं, न केनाऽपि कवल्यते ॥४१८॥**

સંપૂર્ણ ત્રણે જગતને કાળ સુખપૂર્વક કોળિયો કરી જાય છે પણ અનાદિઅનંત એવા કાળને કોઈ કોળિયો કરી શકતું નથી.

**षट्खण्डक्षितिपा यक्षाः, रत्नानि निधयः स्त्रियः ।**
**सद्वैद्याश्च वशे येषां, विपन्नास्तेऽपि चक्रिणः ॥४१९॥**

છ ખંડના ૩૨૦૦૦ રાજાઓ, ૧૬૦૦૦ યક્ષો, ૧૪ રત્નો, નવનિધિઓ, ૬૪૦૦૦ સ્ત્રીઓ અને નિષ્ણાત વૈદ્યો જેમને સ્વાધીન હતા તે ચક્રવર્તીઓ પણ મરણ પામ્યા.

**येऽब्धिं चुलुकसात् मेरुं, दण्डसात् छत्रसान्महीम् ।**
**कर्तुं शक्ताः सुधाहारास्ते म्रियन्तेऽमरा अपि ॥४२०॥**

જે દેવો સમુદ્રને એક ચાંગળા જેટલો, મેરુને દંડ જેવો અને પૃથ્વીને છત્ર બનાવવા સમર્થ છે, તે દેવો પણ મરણ પામે છે.

**यत्पुरः किङ्करायन्ते, सुरासुरनरेश्वराः ।**
**तेऽपि तीर्थङ्करा विश्वप्रवरा न भुवि स्थिराः ॥४२१॥**

જેમની આગળ સુરેન્દ્રો-અસુરેન્દ્રો-નરેન્દ્રો દાસ બનીને બેસતા હતા તે વિશ્વપૂજ્ય તીર્થંકરો પણ પૃથ્વી ઉપર સ્થિર રહેતા નથી.

**अहो! उच्छ्वासनिःश्वास-करपत्रगतागतैः ।**
**विदार्यमाणं मोहान्धैर्निजमायुर्न वीक्ष्यते ॥४२२॥**

અરે! આશ્ચર્ય છે કે મોહાંધ પુરુષો ઉચ્છવાસ અને નિશ્વાસરૂપ જતી આવતી કરવતવડે ફાડી (ચીરી) નાંખવામાં આવતા પોતાના આયુષ્યને જોતા નથી.

**वर्धते हीयते विद्या, वित्तं स्नेहो यशो भुवि ।**
**मणिमन्त्रौषधियोगैर्वृद्धिह्रानी तु नायुषः ॥४२३॥**

જગતમાં વિદ્યા, ધન, સ્નેહ અને યશ વધે છે અને ઘટે છે પરંતુ મણિ-મન્ત્ર કે ઔષધિ આદિના પ્રયોગથી પણ આયુષ્યમાં વધારો-ઘટાડો થતો નથી.

**विनष्टनगरागार-कर्णालङ्करणादयः ।**
**प्रायः संस्कारमर्हन्ते, संस्कारो नायुषः पुनः ॥४२४॥**

નાશ પામેલા નગરનો, ઘરનો, કાનના અલંકારો વિગેરેનો પ્રાયઃ કરીને ફરીથી સંસ્કાર થઈ શકે છે પરંતુ આયુષ્યનો સંસ્કાર થઈ શક્તો નથી અર્થાત્ તૂટેલું આયુષ્ય ફરી સંધાતું નથી.

**यथेन्द्रजालं स्वप्नो वा, बालधूलिगृहक्रिया ।**
**मृगतृष्णा चेन्द्रधनुः, तथा सांसारिकी स्थितिः ॥४२५॥**

જેવી ઈન્દ્રજાળની, સ્વપ્નની, બાળકની ધૂળમાં ઘર બનાવવાની રમતની, મૃગજળની અને મેઘધનુષ્યની સ્થિતિ છે; બરોબર સંસારની પણ તેવી જ સ્થિતિ છે.

## કર્મદ્વાર-કર્મની બલિહારી

**श्रीजिनाश्चक्रिणो रामा, विष्णवः प्रतिविष्णवः ।**
**महर्षयोऽपि कर्माग्नेर्नाछूटन् केऽपरे नराः ॥४२६॥**

શ્રીજિનેશ્વરદેવો, ચક્રવર્તીઓ, બલદેવો, વાસુદેવો, પ્રતિવાસુદેવો અને મહર્ષિઓ પણ કર્મરૂપી અગ્નિથી છટકી શક્યા નથી તો બીજાની શી વાત?

**सत्वशाली हरिश्चन्द्रः, सत्यसन्धो युधिष्ठिरः ।**
**पुण्यश्लोको नलो न्यायी, रामोऽप्यास्कन्दि कर्मणा ॥૪૨૭॥**

સત્વશાળી હરિશ્ચન્દ્ર, સત્ય પ્રતિજ્ઞાવાળા યુધિષ્ઠિર, ઉજ્જ્વળ કીર્તિવાળા નળરાજા અને ન્યાયી રામચન્દ્રજીને પણ કર્મ નડ્યાં હતાં.

**कुर्वन्ते जन्तवः कर्म, स्वयमेव शुभाशुभम् ।**
**तत्फलं सुखदुःखं च, भुज्यते तत्परेण किम् ?॥૪૨૮॥**

જીવો શુભ અશુભ કર્મો પોતે જ કરે છે, તો એનાં સુખ-દુઃખરૂપ ફળો બીજા ભોગવે ખરા? ના, નહિ જ, એ તો પોતાને જ ભોગવવાં પડે.

**परेषु रोषतोषाभ्यां, कार्यसिद्धिर्न काचन ।**
**रुष्यते तुष्यते प्राज्ञैस्तस्मात्स्वकृतकर्मसु ॥૪૨૯॥**

બીજા ઉપર રોષ કે તોષ કરવાથી કોઈ કાર્યસિદ્ધિ થતી નથી તેથી ચતુર પુરુષો પોતે કરેલાં કર્મો ઉપર જ રોષ કે તોષ કરે છે.

**कोऽपि कस्यापि नो सौख्यं, दुःखं वा दातुमीश्वरः ।**
**आरङ्कशक्रं लोकोऽयं भुङ्क्ते कर्म निजं निजम् ॥૪૩૦॥**

જગતમાં કોઈ કોઈને સુખ કે દુઃખ આપવા શક્તિમાન

નથી. રંકથી માંડીને ઈન્દ્રસુધીના બધા જ લોકો પોતપોતાના કરેલાં કર્મો ભોગવે છે.

**कर्मकुम्भकृता तावत्, मृत्पिण्डा इव जन्तवः ।**
**भ्राम्यन्ते भवचक्रेऽमी, यावत्पात्रीभवन्ति न ।।४३१।।**

કર્મોરૂપી કુંભાર, સંસારરૂપી ચક્ર ઉપર માટીના પિણ્ડની જેમ જીવોને ત્યાંસુધી ભમાવે છે જ્યાંસુધી એ જીવો પાત્ર (યોગ્ય) થતા નથી.

**तावत्कर्मकशाक्षिप्त-श्चतुर्गतिभवभ्रमी ।**
**जीवाश्वो नाश्नुते यावत्, स्वशक्त्या पञ्चमीं गतिम् ।।४३२॥**

કર્મરૂપી ચાબુકનો માર ખાતો જીવરૂપી ઘોડો ત્યાંસુધી જ ચારગતિરૂપ સંસારમાં ભટકે છે જ્યાંસુધી પોતાની શક્તિથી, પોતાના પુરુષાર્થથી પાંચમી મોક્ષગતિને પામતો નથી.

**दुष्कर्मदोषतो दुःखी, मूर्खस्तदपि तत्प्रियः ।**
**दोषज्ञस्तदपोहाय, कामं सत्कर्मकर्मठः ।।४३३।।**

મૂર્ખ જીવ દુષ્કર્મના દોષથી દુ:ખી હોવા છતાં એ દુષ્કર્મના જ પ્રેમવાળો હોય છે. જ્યારે દોષને જાણનારો એ દોષને દૂર કરવા માટે સત્કર્મનો પુરુષાર્થ કરવામાં અત્યંત તત્પર બને છે.

**श्रृङ्गारार्हकृति-स्नेह-गीत-नाटक-नर्तनैः ।**
**भोजनोत्सवचीरादौ, प्रबोधः कर्मलाघवात् ।।४३४।।**

કર્મની લઘુતાથી શૃંગારને યોગ્ય કૃતિ, સ્નેહ, ગાયન, નાટક, નૃત્ય, ભોજન, ઉત્સવ, વસ્ત્ર વગેરેમાં કુશલપણું થાય છે.

**दानं देवार्चनं ध्यानं, दमो दीक्षा तपः क्रिया ।**

**कुर्वतामपि केषाञ्चित्, पातः स्यात्कर्मगौरवात् ॥४३५॥**

કર્મના ભારેપણાથી દાન, દેવપૂજા, ધ્યાન, ઈન્દ્રિયોનુ દમન, દીક્ષા, તપ અને ક્રિયા કરવા છતાં પણ કેટલાક આત્માઓનુ પતન થાય છે.

**श्रीसम्पूर्णो जयस्फुर्जद्भुजः सुन्दरविग्रहः ।**

**भूखिण्र्यगुणग्रामः, पुमान् सत्कर्मणा भवेत् ॥४३६॥**

લક્ષ્મીથી પૂર્ણ (સંપત્તિશાળી), વિજય અપાવે એવી બળવાન ભૂજાવાળો, સારા શરીરવાળો, વિદ્વાનોને પ્રશંસાપાત્ર ગુણવાળો પુરુષ સત્કર્મથી થાય છે.

**अलेखि पं. सुमतिविजय गणिना सं. १७८० वर्षे आश्विनशुक्लरुगुरुवासरे। इति श्रेयः श्रेणयः नवनवतिवारान्।**

પં. સુમતિવિજય ગણિએ સં. ૧૭૪૦ વર્ષે આસો સુ. ૩ ગુરુવારે આ ગ્રંથ લખ્યો. ૯૯ વાર કલ્યાણની શ્રેણિ પ્રાપ્ત થાઓ.

卐

## પૂ. પં. શ્રી ફુલચંદ્ર વિજયજી ગણિવર્યદ્વારા સૂચવેલા સુધારા

| શ્લોક નં. | સુધારો. |
|---|---|
| ૩ | અર્થમાં–... સુંદર એવા ધર્મને કરો. |
| ૪ | શ્લોકમાં– सरलाऽमिश्रा પાઠાં. |
| ૪ | અર્થમાં...અને અમિશ્ર=ચોકખી ભૂમિ.... મિશ્રા= ખાતરયુક્ત. |
| ૪ | અર્થમાં...ધર્મના ઉદય માટે યોગ્ય.... |
| ૬ | અર્થમાં–... સાધુનો સત્સંગ અને પુણ્યકાર્યોવાળા ઉત્સવો.... |
| ૧૦ | શ્લોકમાં– गुणकारि |
| ૧૧ | અર્થમાં– ગુરુવચનથી સાવધાન થયેલ અંતઃકરણરૂપી મંત્રી હોય ત્યારે... |
| ૨૧ | અર્થમાં–... પુણ્યના પ્રકર્ષથી (.... |
| ૨૨ | અર્થમાં... કુગ્રહો, વળગાડ, દુર્જનો અને... |
| ૨૪ | અર્થમાં– ધર્મની ભૂમિકાથી ઉત્પન્ન થયેલ ઓદાર્યાદિ ભાવોને જે ભવ્ય જીવ ભજે છે.... |
| ૨૫ | શ્લોકમાં– मूर्तिः स्फूर्तिमती.... |
| - | શ્લોકમાં– रूपस्वित्वं અથવા रूपवत्त्वं |
| ૧૭૮ | શ્લોકમાં– सकलत्रा अपीक्ष्यन्ते પાઠાં. |
| ૧૭૪ | શ્લોક અશુદ્ધ લાગે છે. અર્થ સંગત થતો નથી. |
| ૧૮૭ | શ્લોકમાં– धर्मः सार्थो... પાઠાં. |
| ૨૮૭ | અર્થમાં– યુક્તિ એટલે ચાલાકી |
| ૨૯૧ | અર્થમાં–... અને જેને ધર્મમાં અંતરાય નડે તે જાર.. |
| ૩૩૬ | અર્થમાં–... આ પાંચ પ્રભુતાના જામીન છે. ઐશ્વર્ય ન મળે તો આપનારા છે. |
| ૪૦૩ | અર્થમાં–... તેજ, દૃઢતા, દક્ષતા (ચતુરાઈ) સુંદર દેહ અને ભાગ્ય... |

## સર્વશ્રેષ્ઠ ઉપદેશ - હિતોપદેશ:

સમગ્ર વિશ્વમાં પ્રાણીમાત્રને કલ્યાણકારી ઉપદેશ કયો ? મોક્ષમાર્ગનો ઉપદેશ એજ કલ્યાણકારી ઉપદેશ છે. અનંતકરુણાના સાગર શ્રીતીર્થંકર ભગવંતોથી માંડીને આજસુધીના હિતવત્સલ મહાપુરુષોએ હિતકારી ઉપદેશનો ધોધ વહેવડાવ્યો છે. આ સાગર જેવા ઉપદેશકલ્પવેલી ગ્રંથમાં પણ અજ્ઞાત કર્તા મહાપુરુષે ઉપદેશનો સાગર સમાવ્યો છે. આ ગ્રંથના સ્વાધ્યાયથી હિતોપદેશ પામો અને હિતોપદેશ આપી સ્વ-પર કલ્યાણ સાધો.

— આ. વિ. મિત્રાનંદસૂરિ